MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૧૬-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના સંકટઃ અમેરિકા લાલઘૂમ, ચીન સાથે તમામ સંબંધો તોડવાની ધમકી

5 ચીનને ઘેરવા રિપબ્લિકન સાંસદના ટ્રમ્પને ૧૮ સૂચનઃ ભારત સાથે સૈન્ય સંબંધ મજબૂત બનાવો

8 રાજ્યમાં ૧૧થી ૨૩મે સુધી દરિયામાં હુમલાની આશંકાઃ કોસ્ટગાર્ડનું એલર્ટ

12 શ્રમિકોનુ પગપાળા વતન જવું અટકતું નથીઃ૧૨ શ્રમિકો પાનોલીથી એમ.પી જતાં રાજપીપળામા આવ્યા

૨૦ લાખ કરોડના પેકેજનો અધ્યાય-૩

ખેડૂતો-માછીમારો-પશુપાલકો માટે રાહતોની વર્ષા

કિસાન ક્રેડિટ કાર્ડ માટે રૂ. ૨ લાખ કરોડ, કૃષિ ક્ષેત્રોને પ્રોત્સાહન અને મજબૂત કરવા માટે ૧ લાખ કરોડની જાહેરાત,૮ જાહેરાતો કૃષિ સેકટર સાથે જોડાયેલા માળખાગત ઢાંચા પર કરાશેઃ નાણાં મંત્રી

લોકડાઉનમાં પીએમ કિસાન યોજના અંતર્ગત ૧૮,૭૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા

ખેડૂતોને વધુ સારા ભાવો મળે તે માટે એસેન્શિઅલ કોમોડિટી એકટ સુધારાશે,ફૂડ એન્ટરપ્રાઇઝ માઇક્રો સાઇઝ માટે ૧૦ હજાર કરોડ આપશે સરકાર : નાણા મંત્રી

ન્યુ દિલ્હી

કોરોના લોકડાઉનથી અર્થતંત્રને થયેલી ગંભીર અસરમાંથી દેશને ઉગારવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા ૨૦ લાખ કરોડના 'આત્મનિર્ભર ભારત અભિયાન' પેકેજના ત્રીજા તબક્કામાં આજે નાણાં મંત્રી નિર્મલા સીતારામને કૃષિ, ડેરી, પશુ સંવર્ધન, માછીમારી, ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગ માટે રાહતો જાહેર કરી હતી. ખેતીવાડી માટે ૧૧ મુદ્દાનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

ખેડૂતો પૂર, દુષ્કાળનો સામનો કરે છે. ભારતમાં સૌથી વધુ દૂધનું ઉત્પાદન થાય છે. માછીમારી ઉફત્પાદનમાં પણ ભારત આગળ છે. ખેડૂતોના કલ્યાણ માટે મોદી સરકારે અત્યારસુધીમાં અનેક વિવિધ પગલા ભર્યા છે. છેલ્લાં બે મહિનામાં ખેડૂતોના ખાતામાં ૨-૨ હજાર જમા કરવામાં આવ્યાં છે. ૭૪૩૦૦ કરોડના કૃષિ ઉત્પાદનો ટેકાના ભાવે ખરીદવામાં આવ્યાં છે.

લોકડાઉનમાં દૂધની ખપત ૨૦થી ૨૫ ટકા ઘટી છે. દૂધને ફેંકી દેવાની ફરજ પડી છે. એમ કહીને તેમણે કહ્યું કે તેમ છતાં ૩૬૦ લાખ લીટર દૂધની ખરીદી સામે ૫૬૦ લાખ લીટર દૂધ ખરીદીને ૨ કરોડ ખેડૂત-પશુપાલકોને ૫ હજાર કરોડની મદદ આપવામાં આવ્યાં છે.

એક લાખ કરોડના ફંડની રચના ખેડૂતોને વિકાસ માટે કરવામાં આવી છે. કૃષિ ઉત્પાદનને રાખવા માટે કોલ્ડ ચેન અને આંતરમાળખાકિય સુવિધા માટે વપરાશે. લોકલ ઉત્પાદને ને ગ્લોબલ સુધી પહોંચાડવા માટે ફૂડ એન્ટરપ્રાઇઝ માટે ૧૦ હજાર કરોડનું ફંડ રચાશે.

પૂર્વોત્તરના વાંસ ઉદ્યોગને પણ લાભ મળશે. ૨ લાખ એકમોને લાભ મળશે. જેની સાથે જોડાયેલા લાખો લોકોને રોજગારી મળશે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ ૫૫ લાખ લોકોને રોજગારી મળશે.૨૦ હજાર કરોડ ફાળવાશે. માછીમારોને તેનો લાભ મળશે. નવી હોડી ખરીદવા

અનુસંધાન પાના નં. ૫

કુલ સંક્રમિતોનો આંકડો ૮૨૦૦૦ની નજીક,મૃત્યુઆંક ૨૬૪૯એ પહોંચ્યો

દેશમાં ૨૪ કલાકમાં નવા ૩૯૬૭ પોઝિટિવ કેસઃ ૧૦૦ના મોત

દેશમાં રિકવરી રેટ વધ્યો, ૧૭ રાજ્યમાંથી ૫૦થી ૧૦૦ ટકા દર્દીઓ થઈ રહ્યાં છે સ્વસ્થ

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના મામલામાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાના નવા ૩૯૬૭થી વધુ કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસથી સંક્રમીત લોકોનો આંકડો વધીને ૮૧૯૭૦ સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના સંક્રમણને કારણે ૧૦૦ લોકો મોતને ભેટ્યા છે. જ્યારે અત્યાર સુધી કુલ ૨,૬૪૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જ્યારે ૧૬૮૫ લોકો કોરોના સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

૮૧૯૭૦ કોરોના વાયરસના તમામ કેસ સાથે ભારત દુનિયામાં સૌથી વધારે કોરોના વાયરસના કેસ ધરાવતા દેશોમાં ચીનની નજીક પહોંચી રહ્યો છે. ચીન તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે ત્યાં ૮૨૯૨૯ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૪૬૩૩ લોકોના મોત નિપજી ચૂક્યા છે. જોકે, ચીનમાં અત્યાર સુધીમાં ૭૮૦૦૦થી વધુ લોકો સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. હવે ચીનમાં ફક્ત ૧૦૧ જ એક્ટિવ કેસ છે. જ્યારે ભારત કોરોના વાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૪૯૨૧૯ સુધી પહોંચી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં દેશમાં કુલ ૮૧૯૭૦ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથી ૨૭૯૨૦ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ

અનુસંધાન પાના નં. ૫

લૉકડાઉન ૪.૦: ટ્રાન્સપોર્ટ, હવાઈ, બસ સેવામાં રાહતની આશા

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસથી બચવા માટે લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં લોકડાઉનનો ત્રીજો તબક્કો ચાલી રહ્યો છે જે ૧૭ મે સુધી લાગુ છે. ૧૮ મેથી લોકડાઉન ૪.૦ શરૂ થશે પરંતુ આ ત્રણ તબક્કા કરતાં થોડું અલગ હશે. સરકારની કોશિષ છે કે લોકડાઉનના ચોથા તબક્કામાં જમીન પરની વાસ્તવિક પરિસ્થિતિને સામાન્ય બતાવામાં આવે. ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ એક ખાનગી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે સૌથી પહેલી રાહત ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં આપવામાં આવશે તેના અંતર્ગત કેટલાંક ક્ષેત્રોમાં હવાઈ તેમજ બેસ સેવા શરૂ કરવામાં આવશે.

અધિકારીએ જણાવ્યું કે નૉન-હૉટસ્પૉટવાળા વિસ્તારોમાં મર્યાદિત ક્ષમતાની સાથે બસો ચલાવાનું શરૂ કરવામાં આવશે. મુસાફરોની ક્ષમતાને ધ્યાનમાં રાખી ઓટો રીક્ષા તેમજ ટેક્સી ચલાવાની પણ મંજૂરી આપવામાં આવશે. જેમાં મોટાભાગે સૌથી વધુ સંબંધિત જિલ્લા (નોન કન્ટેન્ટમેન્ટ ઝોન)માં જ મંજૂરી આપવામાં આવશે. જેને લઈને રાજ્ય સરકારો અંતિમ નિર્ણય લેશે.

અનુસંધાન પાના નં. ૫

કોરોના સંકટ વચ્ચે ભારતને મળશે ૭૫૦૦ કરોડનું પેકેજઃ વિશ્વ બેંક

વૉશિંગ્ટન

કોરોના સંકટની વચ્ચે ભારતને વર્લ્ડ બેંકે મોટી રાહત આપી છે. સરકારના કાર્યક્રમો માટે વર્લ્ડ બેંકે એક અબજ ડોલરના પેકેજની જાહેરાત કરી છે. આ પેકેજ સામાજિક સુરક્ષા પેકેજ હશે. આની પહેલાં કોરોના સામે જંગ માટે ભારતને બ્રિકસ દેશોની ન્યૂ ડેવલપમેન્ટ બેંકએ એક અબજ ડોલરની ઈમરજન્સી સહાયતા ફંડ આપવાની જાહેરાત કરી હતી. વિશ્વ બેંકના એક અબજ ડોલર (અંદાજે ૭૬૦૦ કરોડ) સામાજિક સુરક્ષા પેકેજનો ઉપયોગ દેશમાં કોરોનાના દર્દીઓની શ્રેષ્ઠ તપાસ, કોવિડ-૧૯ હોસ્પિટલ અને લેબ બનાવામાં કરી શકાય છે. વર્લ્ડ બેંકે પહેલાં જ ૨૫ વિકાસશીલ દેશોને પેકેજ આપવાનો પ્રસ્તાવ મૂકયો હતો. આની પહેલાં ન્યૂ ડેવલપમેન્ટ બેંકે ભારતને એક અબજ ડોલરની ઈમરજન્સી સહાયતા રકમ આપવાની જાહેરાત કરી હતી. તેનું કહેવું હતું કે આ લોન એટલા માટે આપવામાં આવી રહી છે જેથી કરીને ભારતને કોવિડ-૧૯નો પ્રસાર રોકવામાં મદદ મળે અને કોરોના વાયરસ મહામારીથી થનાર માનવીય, સામાજિક અને આર્થિક નુકસાનને ઓછું કરી શકાય. આ સિવાય એશિયન વિકાસ બેંક (ADB) એ કોરોનાથી મદદ મેળવવા માટે ભારતને ૧.૫ અબજ ડોલરનું પેકેજ આપવાની જાહેરાત કરી હતી. તેનો ઉદ્દેશ્ય ભારત સરકારને COVID-19ના પ્રસારને રોકવાની લડાઈમાં સામેલ કરવા અને કોરોના વાયરસના લીધે થનાર માનવીય, સામાજિક, અને આર્થિક નુકસાનને ઓછું કરવાનું છે.

મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત હોટસ્પોટ વિસ્તારોમાં ૩૧ મે સુધી લોકડાઉન લંબાવાયું

મુંબઈ

મહારાષ્ટ્રમાં સતત વધતા કેસ વચ્ચે લોકડાઉન લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં મુંબઈ સહિત હોટસ્પોટ વિસ્તારમાં ૩૧ મે સુધી લોકડાઉન લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લોકડાઉન લંબાવવામાં આવ્યું છે તેમાં મુંબઈ મેટ્રોપોલિટન રીજન, પુણે, સોલાપુર, ઓરંગાબાદ અને માલેગાવનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા ૧૦૦૦ને પાર થઈ ગઈ છે.

મહત્વનું છે કે, આ પહેલા રાજયના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ સ્થાનો પરથી પ્રતિબંધ હટાવવા અંગે ચર્ચા થઈ હતી. મુંબઈ સહિતના જે વિસ્તારોને હોટસ્પોટ જાહેર કરવામાં આવ્યા છે તે વિસ્તારોમાં સતત વધતા આંકડાને ધ્યાનમાં રાખીને આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહત્વનું છે કે દેશમાં ચાલી રહેલા ત્રીજા લોકડાનનો ૧૭મે અંતિમ દિવસ છે આ પછી જાહેર કરવામાં આવશે તે લોકડાઉનમાં કેટલાક ફેરફાર સાથે છૂટછાટમાં વધારો કરવામાં આવી શકે છે.

મહારાષ્ટ્રમાં સતત ૯ દિવસથી ૧૦૦૦ કરતા વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા રહ્યા છે. રાજ્યમાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૨૭,૫૨૪ પર પહોંચ્યો છે જ્યારે એકલા મુંબઈમાં કેસ ૧૫,૭૩૯ પહોંચ્યો છે અને ૬૨૧ના મોત થઈ ગયા છે જ્યારે રાજ્યમાં ૧૦૧૯ના મોત થઈ ગયા છે.

મુંખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની આગેવાનીમાં થયેલી બેઠકમાં પ્રદેશના ઉપમુખ્યમંત્રી અજિત

અનુસંધાન પાના નં. ૫

અગિયારમી વાર્ષિક પૂણ્યતિથિએ અશ્રુભરી શ્રધ્ધાંજલિ



સ્વ. અ. સૌ. નિર્મલાબેન ધનંજય ઝવેરી
(ચક્ષુદાતા)
સ્થાપક તંત્રી : જગ-એ-ગુજરાત
સ્વ. તારીખ : ૧૬-૦૫-૨૦૦૯

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं कलेदयन्त्यापो न शोष्यति मारुतः ॥

વિશાળ વડલા સમુ જીવી ગયા, ખુદ તડકો સહી સૌને છાંયો દઈ ગયા
'ઉદય' અને 'અસ્ત', 'જન્મ' અને 'મૃત્યુ'
એ સત્ય છે પરંતુ અમને પડેલી ખોટ કોણ પુરશે!

લિ

ધનંજય ઉમેશચંદ્ર ઝવેરી — ચિરાગ ધનંજય ઝવેરી
આદિત્ય તથા હેનીલ ચિરાગ ઝવેરી
માયા ધનંજય ઝવેરી — હર્ષિતા ચિરાગ ઝવેરી

આપની યાદ અમારા પગલામાં પ્રાણ પુરશે

સુભાષચંદ્ર જ્ઞાનચંદ અગ્રવાલ પરિવાર - ઉધના તેમજ સમસ્ત જંગ-એ-ગુજરાત પરિવાર



એક કલાકાર અગરતલામાં ચાલી રહેલા COVID-19 દેશવ્યાપી લોકડાઉન દરમિયાન કોરોનાવાયરસ જેવા મળતા શિલ્પને અંતિમ સ્પર્શ આપે છે.

અમેરિકાએ ચીનમાંથી અબજો ડૉલરના પેન્શન ફંડના રોકાણને પાછો ખેંચ્યો

કોરોના સંકટ: અમેરિકા લાલઘૂમ, ચીન સાથે તમામ સંબંધો તોડવાની ધમકી

વૉશિંગ્ટન

અમેરિકા કોરોના વાયરસને લઇ ચીન પર જે રીતે પ્રહારો કરી રહ્યું છે તેના પરથી એ આશંકા બની હતી કે વોશિંગ્ટન પેઇચિંગમાંથી પોતાનું રોકાણ પાછું ખેંચી લેવાનું શરૂ કરી શકે છે. આ આશંકા નિરાધાર નહોતી કારણ કે હવે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેની શરૂઆત કરી દીધી છે. તેમણે એ વાતની પુષ્ટિ કરી છે કે તેમના વહીવટીતંત્રે ચીનમાંથી અબજો ડોલરના અમેરિકન પેન્શન ફંડ રોકાણને પાછો ખેંચી લેવાનો નિર્ણય લીધો છે. કોરોના સંકટમાં અમેરિકા અને ચીનના ડિપ્લોમેટ સંબંધ ખૂબ જ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. કોરોનાની સાથો સાથ બંનેની વચ્ચે દક્ષિણ ચીન સમુદ્રમાં પણ બંને વચ્ચે તણાવ જોવા મળી રહ્યો છે. આ સમયે કોરોનાની વાત કરીએ તો અત્યાર સુધીમાં અમેરિકામાં ૮૦૦૦૦થી વધુ લોકોના મોત થયા છે. ત્યારે અમેરિકાએ આ આકરો નિર્ણય લેતા દુનિયામાં સોપો પડી ગયો.

નોંધનીય છે કે યુ.એસ.એ પણ ચીન પર ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી અને રિસર્ચ વર્કની ચોરીનો આરોપ લગાવ્યો છે. જ્યારે ચીનમાંથી રોકાણ પાછું ખેંચવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો તો ટ્રમ્પે ગુરુવારે ફોક્સ બિઝનેસ સાથે વાતચીતમાં કહ્યું, "અબજો ડોલર, અબજો, હા, મેં પાછા ખેંચી લીધા છે."

તે જ સમયે, જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું તે ન્યૂયોર્ક સ્ટોક એક્સચેંજ અને નાસ્ડેકમાં લિસ્ટેડ હોવાની શરતો પૂરું કરવાનું દબાણ ચીની કંપનીઓ પર નાંખશે? તેમણે કહ્યું કે અમે ખૂબ ગંભીરતાથી જોઈ રહ્યા છીએ. આ ખૂબ જ આશ્ચર્યજનક છે પરંતુ તેની સાથે સમસ્યાઓ છે. તેઓ શું કરવા જઈ રહ્યા છે? તેઓ તેમની કંપનીઓને લંડન કે બીજે ક્યાંય લિસ્ટેડ કરશે, તમે જુઓ.'

ટ્રમ્પે ઉમેર્યું કે તમે જાણો છો કે દરેક વ્યક્તિ સન્ન વ્યક્તિ બનવા માંગે છે. હું ખૂબ જ કડક વ્યક્તિ છું પરંતુ શું થાય છે, તેઓ કહે છે ઠીક છે અમે લંડન કેપછી હોંગકોંગ જઈશું. ટ્રમ્પે આ વાત ચીનની કંપનીઓને અમેરિકન શેરબજારમાં લિસ્ટેડ થવાના સંદર્ભમાં કહી.

સૌના માટે ઘરે જવાની વ્યવસ્થા કરાઈ રહી છે: કેન્દ્ર સરકાર

કોઈ રેલવેના પાટા પર સૂઈ જાય તો તેને કેવી રીતે રોકી શકાય?: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં રેલવે ટ્રેક ઉપર ૧૬ પરપ્રાંતિય મજૂરોનાં મોતનાં મામલે સંબંધિત અરજી પર ટિપ્પણી કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જો કોઈ પાટા પર સૂઈ જાય તો શું કરી શકાય છે, અથવા કોઈ વ્યક્તિ કેવી રીતે કોઈને ચાલવામાં રોકી શકે છે. જસ્ટિસ એલ નાગેશ્વર રાવ અને જસ્ટિસ સંજય કૌલની કોર્ટે આ કેસમાં દાખલ કરેલી પીઆઈએલને ફગાવી દીધી હતી અને કેન્દ્રને કામદારો માટે મફત પરિવહન અને આશ્રયની વ્યવસ્થા કરવાનો આદેશ આપવાનો ઇનકાર પણ કર્યો હતો.

ગત અઠવાડિયે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં ઔરંગાબાદમાં રેલ્વે પાટા પર મરી ગયેલા ૧૬ મજૂરોનાં મોતનો મામલો ઉઠાવવામા આવ્યો હતો અને મજૂરોનાં પરિવહન અને આશ્રયની માંગ કરવામાં આવી હતી. જેને કોર્ટે નામંજૂર કરી દીધી હતી. અરજીની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યારે તેઓ રેલ્વે પાટા પર સૂઈ જાય છે, ત્યારે કોઈ તેમને કેવી રીતે રોકી શકે છે?

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રાજ્ય સરકારો પરિવહનની વ્યવસ્થા કરી રહી છે, પરંતુ જો લોકો પગપાળા ચાલી રહ્યા છે તો આવી સ્થિતિમાં શું કરી શકાય છે. સરકાર માત્ર તેમને પગપાળા ન ચાલવાની વિનંતી કરી શકે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, કોણ ચાલી રહ્યું છે અને કોણ નથી તેની દેખરેખ રાખવી કોર્ટ માટે અશક્ય છે. શું અમે સરકારની સૂચનાઓનું પાલન કરાવવા માટે જઈએ.

કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ હાજરી આપતાં કોર્ટમાં કહ્યું હતું કે, સરકાર પરપ્રાંતિય મજૂરોને પહેલેથી જ મદદ કરી રહી છે. કામદારો પણ તેમના ટર્ન આવવાની રાહ પણ નથી જોઈ રહ્યા અને પગપાળા તેમના ઘરે જવા લાગ્યા છે. બધાને જવું છે. તેઓએ ચાલવાને બદલે તેમના ટર્ન આવવાની રાહ જોવી જોઈએ. બધા રાજ્યો પરિવહનની વ્યવસ્થા કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, લોકોએ રાહ જોવી જોઈએ પરંતુ તેઓ તેમના ટર્નની રાહ જોઈ રહ્યા નથી.

સિક્કિમમાં હિમસ્ખલન: લેફ્ટનન્ટ કર્નલ અને એક જવાન શહિદ

ગંગટોક

સિક્કિમમાં પેટ્રોલિંગમાં નિકળેલા સેનાના જવાનોની એક ટૂકડી હિમસ્ખલનની ઝપેટમાં આવી ગઈ હતી. ૧૮ જવાનો બરફમાં દબાઈ ગયા હતા. જો કે રિસ્ક્યૂ ટીમે ૧૬ જવાનોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. તેમા એક જવાન એસએસ રાવે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધો હતો. લેફ્ટનન્ટ કર્નલ રોબર્ટ ટીએ બરફમાં દબાઈ જવાથી શોધી શકાયા ન હતા. બાદમાં રેસ્ક્યૂ ટીમે તેનો મૃતદેહ કાઢ્યો હતો. સેનાના સૂત્રોના જણાવ્યા મુજબ અમારી ટીમ લુગનક લા વિસ્તારમાં પેટ્રોલિંગ સાથે સાથે બરફ હટાવવાનું કામ કરી રહી હતી. ત્યારે ૧૬ હજાર ૩૦૦ ફૂટની ઉંચાઈ ઉપર હિમસ્ખલન થયું અને જવાનો તેની ઝપેટમાં આવી ગયા હતા.છેલ્લા એક સપ્તાહમાં ઉત્તર સિક્કિમના એવલાંચમાં આ ત્રીજી ઘટના છે. આ વર્ષે જાન્યુઆરીમાં જમ્મ-કાશ્મીરના ગાંદેરબલ વિસ્તારમાં હિમસ્ખલન થયું હતું. તેને કારણે શ્રીનગર-કારગિલ રોડ ઉપર ગગનગીર વિસ્તાર બંધ થઈ ગયો હતો. આ દરમિયાન ૪ નાગરિકોને બચાવાયા હતા.

સરકાર દ્વારા કરાયેલી જાહેરાતો

- શાકભાજી સ્ટોરેજ-વહન માટે ૫૦ ટકા સબસિડી, ડેરી પ્રોસેસિંગમાં ખાનગીકરણ તરફ નજર
- ૫ વર્ષમાં ૭૦ લાખ ટન માછલીઓનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક.
- મધુમાખી પાલન યોજના માટે ૫૦૦ કરોડની જાહેરાત, ૨ લાખ લોકોને થશે લાભ.
- જન ઔષધી ખુબ જ ઉપયોગી સાબિત થશે.
- હર્બલ અને મેડિસિન ખેતી માટે સરકારની જાહેરાત, ૪ હજાર કરોડ રૂપિયાની ફાળવણી.
- ૫૩ કરોડ પશુઓનું રસીકરણ કરવામાં આવશે, ૧૩ હજાર કરોડની ફાળવણી.
- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના માટે ૨૦ હજાર કરોડની જાહેરાત. તેમાં સમુદ્રી અને અંતર્દેશીય મત્સ્ય પાલન માટે વધુ ૯૦૦૦ કરોડ રૂપિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે ફાળવવામાં આવ્યા.
- કેસર, મસાલા, હળદર, મરચા માટે ક્લસ્ટર બનાવવામાં આવશે.
- માછીમારી માટેનાવહાણો-સાધનો આપવામાં આવશે જેનાથી ૫૫ લાખ માછીમારોને લાભ થશે.
- પ્રધાન મંત્રી મત્સ્ય સંપદા યોજના માટે ૨૦,૦૦૦ કરોડનું ફંડ , ૫૫ લાખ લોકોને રોજગારી મળશે
- બે લાખ નાના ફૂડ સાહસો ને ટેક્નિકલ અપગ્રેડેશન સહિતની સહાય માટે ૧૦,૦૦૦ કરોડની સ્કીમની જાહેરાત
- ૧૫,૦૦૦ કરોડનું પશુ સંવર્ધન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ જાહેર , ડેરી પ્રોસેસિંગ સહિતની બાબતોમાં ખાનગી રોકાણમાં સહાય કરાશે
- ઔષધીય વનસ્પતિઓ ઉછેર માટે ૪,૦૦૦ કરોડની ફાળવણી, બે વર્ષમાં ૧૦ લાખ હેક્ટર જમીનને આવરી લેવાશે
- ગંગા નદીની સમાંતર ૮૦૦ હેકટરમાં નેશનલ મેડિસીનલ પ્લાન્ટ્સ બોર્ડ દ્વારા ઔષધીય વનસ્પતિઓનો કોરિડોર બનાવાશે
- મધમાખી ઉછેર કરતા બે લાખ વ્યવસાયિકોની આવક વધારવા મધમાખી ઉછેર કેન્દ્ર સ્થાપવા તથા કલેક્શન, માર્કેટિંગ સહિતની સહાય માટે ૫૦૦ કરોડની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સ્કીમનો અમલ કરાશે
- ટામેટા, બટાટા, ડુંગળી માટેના ઓપરેશન ગ્રીનનો લાભ તમામ શાક અને ફળો માટે અપાશે , પરિવહન, સ્ટોરેજ માટે ૫૦-૫૦ ટકા સબસિડી સહિતના લાભ માટે ૫૦૦ કરોડની ફાળવણી
- ખેડૂતોને બહેતર ભાવો મળે તે માટે એસેન્શિઅલ કોમોડિટી એકટ સુધારાશે , ધાન્ય પાકો, તેલીબિયાં, દાળો, ડુંગળી, બટાટાને ડિરેગ્યુલેટ કરાશે
- ખેડૂતોને આકર્ષક ભાવે ઉત્પાદનો વેચવા પૂરતા વિકલ્પો મળે, આંતરરાજ્ય વેચાણમાં સરળતા, ઇ ટ્રેડિંગની સવલત સહિતના વિકલ્પો મળે તે માટે એક કેન્દ્રીય કાયદો આવશે
- લોકડાઉનમાં વધુ દૂધ ખરીદીને ૨ કરોડ ખેડૂત-પશુપાલકોને ૫ હજાર કરોડની મદદ આપવામાં આવી
- ડેરી ઉદ્યોગના વિકાસ માટે ૧૫ હજાર કરોડ
- હર્બલ ખેતી માટે ૪ હજાર કરોડની યોજના જાહેર, મધમાખી ઉછેર માટે ૫૦૦ કરોડની યોજના જાહેર

નીટ માટે વિદ્યાર્થી નજીકનું સેન્ટર પસંદ કરી શકશે

નેશનલ ટેસ્ટીંગ એજન્સીએ નીટ પરીક્ષાના ફોર્મમાં ભૂલ સુધારવા અને પરીક્ષા કેન્દ્ર માટે શહેર પસંદ કરવાની અંતિમ તક આપી છે. હવે આ પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થી તેમના ફોર્મમાં ૩૧ મે સુધી સુધારો કરી શકશે. આ પગલું એટલા માટે લેવાયું છે, જેથી વિદ્યાર્થી જેટલું શક્ય હોય એટલો નજીકનું સેન્ટર પસંદ કરી શકે, કારણ કે કોરોના સંકટ વચ્ચે બીજા શહેરમાં આવવું જવું યોગ્ય નહીં હોય.

વહેલી સવારે ખૂલ્યા બદ્રીનાથ ધામના કપાટ: પ્રથમ પૂજા વડાપ્રધાને કરાવી

દહેરાદૂન

આખા દેશમાં કોરોના વાયરસના લીધે લોકડાઉનનો ત્રીજો તબક્કો ચાલી રહ્યો છે. બીજીબાજુ ઉત્તરાખંડમાં શુક્રવાર સવારે ૪:૩૦ વાગ્યે બદ્રીનાથ ધામ મંદિરના કપાટ ખૂલી ગયા છે. ત્યારે આવો અમે તમને બદ્રીનાથ ધામના ઘરે બેઠા દર્શકોને દર્શન કરાવીએ. કપાટ ખૂલ્યા ત્યારે પૂજારી સહિત ૨૮ લોકો હાજર હતા. આજે કપાટ ખૂલવાના હોવાને ધ્યાનમાં રાખીને આખા મંદિર પરિસરને ફૂલોથી ભવ્યાતિભવ્ય રીતે સજાવામાં આવ્યું છે.

ભગવાન બદ્રીવિશાલની પહેલી પૂજા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી થઈ. પૂજામાં દેશના કલ્યાણ આરોગ્યતા માટે પ્રાર્થના કરાઈ. ઓન લાઈન બુક થઈ ચૂકેલી પૂજાઓ ભકતોના નામથી કરાશે.

રાજયના મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ રાવત, પર્યટન ધર્મસ્વ મંત્રી સતપાલ મહારાજે શ્રી બદ્રીનાથ ધામના કપાટ ખૂલવા પર શુભકામનાઓ પાઠવી છે. શુક્રવારના રોજ શુભ મુહૂર્તમાં બદ્રીનાથ ધામના કપાટ ખૂલી ગયા છે. શુક્રવાર સવારે બ્રહ્મ મુહૂર્તમાં મંદિરના કપાટ ખૂલ્યા બાદ સવારે ૪:૩૦ વાગ્યે બદ્રીનાથ ભગવાનનો અભિષેક કરાયો. બુધવારના રોજ પૂજારી જોશીમઠ નરસિંહ મંદિરમાં પૂજા અર્ચના બાદ આદિગુરૂ શંકરાચાર્યની ગાડી દથા ગાડૂ ઘડા (તેલ કળશ)ની સાથે લઈ યોધ્યાન મંદિર પાંડુકેશ્વર પહોંચ્યા હતા.

લોકડાઉન ખોલવાથી ભારતમાં વ્યાપક સમુદાય સંક્રમણનો ખતરો: આરોગ્ય નિષ્ણાત

ભારત કોરોનાના સ્ટેજ ટુ કે સ્ટેજ થ્રીમાં છે તે અંગે ચર્ચા જરૂરી છે, કમ્યૂનિટી ટ્રાન્સમિશન દેશ માટે ઘાતકઃ ડો. રેડ્ડી

બેંગ્લુરુ

ભારતમાં લોકડાઉનમાં રાહત આપવાની વિચારણાને પગલે સમુદાયમાં કોરોના વાયરસનું સંક્રમણ ગંભીર રીતે ફેલાવાનો ખતરાની સંભાવના હોવાનું ટોચના આરોગ્ય નિષ્ણાત જણાવે છે. લોકડાઉનમાં છૂટછાટને કારણે વ્યાપક રીતે સમુદાયમાં કોરોના વાયરસ ફેલાઈ શકે છે.

બીજીતરફ કેટલાક નિષ્ણાતો માની રહ્યા છે કે ભારતમાં કોરોના વાયરસ સમુદાયમાં (સ્ટેજ ૩) ફેલાઈ ચુક્યો છે. પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ પ્રોફેસર કે શ્રીનાથ રેડ્ડીના મતે જો કોઈની ટ્રાવેલ હિસ્ટ્રી નથી અને તે કોઈના સંપર્કમાં આવ્યો નથી તેમ છતા તેનામાં કોરોનાના લક્ષણો જોવા મળે છે તો નિશ્ચિતરૂપે તે સમુદાયથી ફેલાયો છે અને આવા કેસો સંખ્યાબંધ છે. તેમ છતા સમુદાયમાં સંક્રમણએ વ્યાખ્યાની બાબત છે. મોટાભાગના કેસોમાં વિદેશથી પરત ફરેલા લોકોથી અથવા તેમના સંપર્કમાં આવવાથી થયા હોવાનું જણાયું છે. કેટલાક નિષ્ણાતે વર્તમાન તબક્કાને સ્ટેજ ટુ ગણાવી રહ્યા છે અને તેને ટ્રેસેબલ ટ્રાન્સમિશન ગણે છે, આને અણધાર્યો સમુદાય પ્રસાર ના ગણી શકાય તેમ તેમણે જણાવ્યું હતું. સમુદાયમાં પ્રસાર એ વ્યાખ્યા અને ભાષાની બાબત છે જેના મુદ્દે વ્યાપક ચર્ચા થવી જરૂરી છે તેમ રેડ્ડીએ વધુમાં જણાવ્યું હતું.

કોરોના મહામારી જે દેશમાં જોવા મળી છે તેમાં સમુદાય પ્રસાર મોટાપાયે જોવા મળ્યો છે અને ભારતે પણ આના માટે તૈયાર રહેવું પડશે. આ ખતરાને નિયંત્રિત કરવા માટે ભારતે તમામ તકેદારીના પગલાં લેવા પડશે. ડો. રેડ્ડી હાલમાં હાર્વર્ડમાં રોગશાસ્ત્રીના સંયોજક પ્રોફેસર છે તેમના મતે ભારતમાં સમુદાય પ્રસારની ભીતિ જ નહીં પરંતુ ગંભીર જોખમ રહેલું છે. તેમના મતે વિશ્વમાં અન્ય દેશોની તુલનાએ દક્ષિણ પૂર્વ એશિયામાં ભારત અને મલેશિયા સહિતના દેશોમાં કોવિડ ૧૯નો મૃત્યુદર વસ્તીના પ્રત્યેક ૧૦ લાખે ઘણો નીચો છે.

નીચા મૃત્યુદરથી ભારતને અનેક લાભ થઈ શક્યા છે જેમ કે યુવા વયજૂથ, ગ્રામ્ય વસ્તી, તાપમાન અને હવામાન સંલગ્ન સ્થિતિ સારી રહી છે. આ સહિત કન્ટેમેન્ટ પગલાં પણ ફળદ્રુપ નિવડ્યા છે. લોકડાઉનને પગલે ઘણું એકીકૃત થઈ શક્યું છે. આ તમામ પગલાંનો આપણને ફાયદો થયો હોવાનું જણાયું છે.

લોકડાઉન ખોલવાથી લોકો વધુ એકત્ર થવાની શક્યતા છે અને તેને પગલે ચેપનું સંક્રમણ વધવાનો ગંભીર ખતરો રહેલો છે. હાલમાં જે કેસો છે તેમાં વ્યાપક વધારો નોંધાઈ શકે છે તેમ ડો. રેડ્ડીએ જણાવ્યું હતું. વધુ પડતી ભીડ એકત્ર થતી હોય તેવા ખાસ કરીને ઝુપડપટ્ટી વિસ્તારમાં સંક્રમણ ફેલાવાની પણ દહેશત રહેલી છે.

બીએઆરસીના અહેવાલ મુજબ

વડાપ્રધાન મોદીના ૨૦ લાખ કરોડના પેકેજવાળા રાષ્ટ્રજોગ સંબોધનને ૧૯.૩ દર્શકોએ નિહાળ્યુ

મુંબઈ

BARCના અહેવાલ પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૦ લાખ કરોડ રૂપિયાના આર્થિક પેકેજવાળા રાષ્ટ્રજોગ સંબોધનને ૧૯૩ મિલિયન (૧૯.૩ કરોડ) દર્શકોએ જોયું હતું. દેશમાં કોવિડ-૧૯ મહામારી પ્રસરી ત્યારથી લઈને અત્યાર સુધીમાં વડાપ્રધાને પાંચ વખત રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું જેમાં પાંચમા સંદેશાની વ્યૂઈંગ મિનિટ્સ સૌથી વધારે હતી.

બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલના અહેવાલ પ્રમાણે સમાહમાં ૮મી મે સુધી ટીવી દર્શકોની સંખ્યામાં ઘટાડો રહ્યો જ્યારે લોકડાઉન દરમિયાન વધારો નોંધાયો હતો. ૨૫મી માર્ચના રોજ શરૂ થયેલા લોકડાઉનના કારણે લોકો ઘરે રહેતા હોવાથી ભારતમાં ટીવી જોવાનું પ્રમાણ વધ્યું છે. સમાચાર અને ફિલ્મો સૌથી વધારે જોવાયા પરંતુ રામાયણ જેવી હિંદુ પૌરાણિક કથાઓ આધારીત સામગ્રી લોન્ચ થવાથી સામાન્ય મનોરંજન ચેનલના દર્શકોની સંખ્યા વધી ગઈ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ૩૩ મિનિટનું સંબોધન આત્મનિર્ભર ભારતના વિકાસ પર કેન્દ્રીત હતું અને ૧૯.૩ કરોડ લોકોએ તેને જોયું હતું. જો કે, તે ગત સંબોધનની તુલનાએ ઓછો આંકડો છે કારણ કે, પાછળના સંબોધનને ૨૦૩ મિલિયન દર્શકોએ માણ્યું હતું. કુલ ૧૯૭ ચેનલ્સે આ સંબોધનને કવર કર્યું હતું જે અંતિમ ભાષણને ૧૯૯ ચેનલ્સે કવર કરેલું તેની તુલનાએ સહેજ ઓછો આંકડો છે.

આંધ્રપ્રદેશમાં ટ્રેક્ટર હાઈટેન્શન પોલની ચપેટમાં આવતા ૯ શ્રમિકોના મોત

પ્રકાશમ

આંધ્ર પ્રદેશના પ્રકાશમ જિલ્લામાં એક કરુણ દુર્ઘટના થઈ છે. જ્યાં ૩૦ શ્રમિકોને લઈ જતું એક ટ્રેક્ટર હાઈ ટેન્શન પોલની ચપેટમાં આવી ગયું. આ દુર્ઘટનામાં ૯ શ્રમિકોના મોત થયા છે, જ્યારે ઘણાં ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોની સારવાર નજદીકની હોસ્પિટલમાં ચાલી રહી છે. ઘટના સ્થળે વરિષ્ઠ અધિકારીઓ પહોંચી ગયા છે.

આ દુર્ઘટનાને લઈને આંધ્ર પ્રદેશના રાજ્યપાલે દુ:ખ વ્યક્ત કર્યું છે. રાજ્યપાલ વિશ્વભૂષણ હરિચંદનને સૂચિત કરવામાં આવ્યું કે, જિલ્લા પ્રશાસને ઈજાગ્રસ્ત શ્રમિકોને હોસ્પિટલમાં દાખલ કરી દીધા છે. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. રાજ્યપાલે શોક સંતપ્ત પરિવારના સભ્યો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી છે.

જણાવી દઈએ કે, આ પહેલા ૩ જુદા જુદા રોડ અકસ્માતમાં ઘણાં શ્રમિકોના મોત થયા છે. મધ્ય પ્રદેશના ગુનામાં બુધવારે મોડી રાતે ૬૦થી વધારે શ્રમિકોની બસનો અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં ૮ શ્રમિકોના મોત થયા હતા. તો ઉત્તર પ્રદેશમાં રોડવેજ બસે પગપાળા જઈ રહેતા ૬ શ્રમિકોને કચડી નાખ્યા. બિહારમાં પણ એક રોડ અકસ્માતમાં ૨ શ્રમિકોના મોત થયા છે.



દેશવ્યાપી લોકડાઉન બાદ ઘર જવા પરેશાન પ્રવાસી શ્રમિકો અને તેમના પરિવારનું દશ્ય છે. હરિયાણામાં ગઈકાલે પાનીપત આર્ય કોલેજ ખેલ સંકુલથી શ્રમિકોને ઘરે મોકલવા બસની વ્યવસ્થા થઈ હતી. ઘર જવા માટે રાતથી જ ભીડ થઈ ગઈ હતી. બપોર સુધીમાં હજારો શ્રમિકો આવી પહોંચ્યા.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

પર્યાવરણનુ રક્ષણ જરૂરી

ભારતમાં ઔદ્યોગિકરણ અને શહેરીકરણની ગતિ ખુબ ઝડપી રહી છે. જેના કારણે કેટલીક અતિ મહત્વની બાબતોની સતત અવગણના કરવામાં આવી છે. વિશ્વના દેશો પણ વૈજ્ઞાનિક સ્તર પર બાબત સપાટી પર આવ્યા બાદ હવે વન્ય વિસ્તારોની સુરક્ષા કરવા અને તેને વધારી દેવાની બાબત પર ભાર મુકી રહ્યા છે. જો કે ભારતમાં આ બાબત દેખાતી નથી. દરેક પ્રકારની સિઝન અને દરેક પ્રકારની માટી હોવા છતાં વન્ય વિસ્તારોને ભારતને વધારે મહત્વ આપવામાં આવ્યું નથી જે શરમજનક બાબત છે. વન્ય મહોત્વની ઉજવણી દેશમાં કરવામાં આવે છે પરંતુ તેનુ મહત્વ હવે માત્ર કાગળ સુધી મર્યાદિત રહી ગયું છે. વન્ય ઉત્સવ અને અન્ય ઘણા કાર્યક્રમો વન્ય વિસ્તારની સુરક્ષા માટે યોજાય છે પરંતુ તેની તરફ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવ્યુ નથી જેથી પરિણામ અસરકારક રહ્યા નથી. ગંભરતા ન રહેતા તેના ખતરનાક પરિણામ આવી રહ્યા છે. વન્ય વિસ્તારની સાચવણી અને જાળવણી તેમજ તેના ફેલાવા પર તરફ ધ્યાન નહી આપવાના કારણે પર્યાવરણને લઈને સંતુલન બગડી રહ્યું છે. ઝેરી ગેસ ઝડપથી હવામાં ફેલાતા નવી નવી સમસ્યા આરોગ્યની સામે સપાટી પર આવી રહી છે. પર્યાવરણ ઝેરી બનવાના કારણે બિમારીઓ ઝડપથી ફેલાઈ રહી છે. કેન્સર અને દમની બિમારીથી ગ્રસ્ત લોકોની સંખ્યા સતત વધી રહી છે. છોડની વિશેષતા અંગે દરેક વ્યક્તિ માહિતી રાખે તે ખુબ જરૂરી છે. ખેડુત સમુદાયના લોકો ટચુબવેલના મકાન, પોતાના મકાનોની ખાલી જગ્યા અને ગામોની શેરીઓમાં વૃક્ષો ચોક્કસપણ લગાવવા જોઈએ. લીમડા સહિતના વૃક્ષો લગાવવામાં આવે તે જરૂરીછે. સીસમ અને પીપળાના વૃક્ષો લગાવવા જોઈએ. આ ઉપરાંત જો શક્ય બને તો ઘરમાં ખાલી જગ્યાએ પર છોડ લગાવવામાં રસ લેવામાં આવે તે જરૂરી છે. કોઈ પણ વ્યક્તિ દ્વારા લગાવવામાં આવેલા એક છોડ કેટલા કામ આવે છે તે બાબત પર ધ્યાન આપવામાં આવે તો તમામને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે. એક છોડ ૫૦ વર્ષ સુધી કામ લાગે છે. એક વૃક્ષ આશરે ૧૭.૫ લાખ રૂપિયાનો ઓક્સીજનનો જથ્થો આપે છે ,સાથે સાથે ૪૧ લાખ રૂપિયાના પાણીના રિસાઈકલિંગ કરે છે. આશરે ૩૫ લાખ રૂપિયા સુધી હવાની અંદર રહેલા પ્રદુષણને નિયંત્રણમાં લે છે. ત્રણ ટકા સુધી તાપમાનને ઘટાડી દેવામાં ભૂમિકા અદા કરે છે. દરેક વર્ષે ત્રણ કિલોગ્રામ સુધી કાર્બન ડાઈઓક્સાઈડને ખેંચી લે છે. સૌથી મોટી બાબત તો એ છે કે ૩૦૦ વૃક્ષ મળીને એક બાળક દ્વારા ફેલાવવામાં આવેલા જીવનભરના પ્રદુષણને ખતમ કરવાની ક્ષમતા ધરાવે છે. વન્ય વિસ્તાર હેઠળ ચોક્કસપણે છોડ હોવાની સ્થિતીમાં પર્યાવરણને શુદ્ધ રાકી શકાય છે સાથે સાથે વરસાદના અસ્તિત્વને પણ સ્થિર કરવામાં મદદરૂપ બને છે. આશરે ત્રણ દશક પહેલા દેશની સ્વતંત્રતા બાદ જુલાઈના બીજા સપ્તાહમાં વન્ય વિસ્તારના વિસ્તરણ માટે વન્ય ઉત્સવ દિવસ મનાવવામાં આવતો હતો. આ દિવસથી વધુને વધુ છોડ લગાડવામાં આવતા હતા અને મોનસુનની સિઝન સુધી આ કામ ચાલતુ હતુ. કૃષિ નિષ્ણાંતો કહે છે કે દેશના કુલ ક્ષેત્રફળપૈકી ૯-૧૫ ટકા એરિયા વન્ય વિસ્તાર હેઠળ ચોક્કસ પણે હોવા જોઈએ.

માત્ર એક વૃક્ષ કુલ ૧૭.૫ લાખ રૂપિયાનો ઓક્સીજનનો જથ્થો ઉપલબ્ધ કરાવી દે છે

ભારત આત્મનિર્ભર ક્યાક અમેરિકી જેવી નીતીનુ આત્મનિર્ભર તો નહી બની જાયને.....?

વિશ્વભરમાં કોરોના કેસોની સંખ્યા ૪૫ લાખથી આગળ વધી રહી છે જ્યારે મૃતાક ૩ લાખની સંખ્યાને વટાવી ગયો છે. હવે કોરોના દર્દીઓ ઘટવા સાથે તેનો ફેલાવો પણ ઘટવા લાગ્યો છે. ત્યારે વિશ્વના દેશો પોતપોતાના અર્થતંત્રને ધબકતું કરવા માટે ર્ઙ્મષ્ઠાર્ઙ્મહ પાલનની શરતો સાથે વિવિધ ઉદ્યોગો, ધંધા, વેપારની છૂટ આપવા લાગ્યા છે. નિષ્ણાતોના કહેવા અનુસાર લોકોએ હવે કોરોના સાથે જીવવાની આદત પાડવી પડશે. વર્ષો પહેલા હૈજા,પ્લેગ,સ્પેનિશ ફ્લ્યુ જેવા મહામારી આવી ગયા હતા અને મોટી વિશ્વભરમા મોટી જાનહાનિ થઈ આર્થિક રીતે પણ વિશ્વના દેશોને ખળભળાવી નાખ્યા હતા..... પરંતુ લોકો મક્કમ બની આ રોગો સાથે જીવવાની આદત પાડી દીધી હતી.... એજ રીતે કોરોના સાથે પણ જીવવાની આદત પાડવી રહી.....કોરોના સામે લડત આપવા ચોક્કસ નિયમો પાળવા પડશે. લોકોએ મોઢા પર માસ્ક બાંધવુ પડશે, તો હાથ મિલાવવાના બદલે નમસ્તે કે દૂરથી હાથ હલાવી હલ્લો-હાય કરવું પડશે. આ બાબત સમગ્ર વિશ્વના દેશોની લાગુ પડે છે. ભારતમાં કોરોના કેસોની કુલ સંખ્યા ૮૧૬૪૭ છે અને મૃતાક ૨,૫૮૧ પર પહોંચી ગયો છે. દેશમાં કોરોના કેસો ઘટવા લાગ્યા છે પરંતુ..... કોરોના ખતમ નથી થયો પરિણામે કોરોના કેસોનો વધારો થશે તેવું નિષ્ણાતોનું કહેવું છે. જયારે આરોગ્ય મંત્રાલય પણ એ વાત ધ્યાને લઈ વિવિધ પગલાં લઈ રહ્યું છે. ભારતમાં ખાસ તો કોરોના સામે આયુર્વેદ દવાની સફળતા મળી છે. એટલે હવે આયુર્વેદ દવા તરફ વિશેષ ધ્યાન આપી દર્દીની સારવાર કરવી પડશે. વિશ્વમાં પાંચ દેશોએ રસી શોધી કાઢી હોવાનો દાવો કર્યો છે પરંતુ..... આ દેશો પૈકી ખરેખર સફળ કોણ.....? તે તરફ દરેકની મીટ મંડાઈ છે. ભારતમાં પણ કોરોના મારક આયુર્વેદ દવા શોધી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.... લોકોને એક આશા છે કે આજે નહીં તો કાલે પરંતુ કોરોના મારક દવા અવશ્ય મળી રહેશે.....! ૫૦ વર્ષ પહેલા મેલેરિયા દવા શોધી હતી સફળતા મળી પરંતુ આજે પણ દેશમાં મેલેરિયાના ૬૫ લાખથી પણ વધુ કેસ નોંધાતા રહે છે.....!!

વડાપ્રધાનશ્રીની ૨૦ લાખ કરોડના મહામારી આત્મનિર્ભર ભારત પેકેજની જાહેરાત પછી લોકોમાં એક નવું આનંદ ભર્યું વાતાવરણ ઊભું થવા પામ્યું છે.નાણા મંત્રી સિતારમને પ્રથમ હપ્તો-ભાગ જાહેર કર્યા બાદ મધ્યમ વર્ગમાં ખાસ્સો ઉહાપોહ પેદા થયો છે. બીજો હપ્તો જાહેર કર્યો જેમાં ખેડૂત અને મજુર ને પ્રાધાન્ય આપવામાં આવ્યું. પરંતુ આવી જાહેરાત ચુંટણી જાહેરાત થતી હોય તેવુ લોકો અનુભવે છે. મોદીજી જે ગતિએ એક્શનમાં આવે છે... યુદ્ધના ધોરણે અમલ કરાવે છે.... તેમ જે તે પેકેજની જાહેરાત કરતા તેનો અમલ કરવાની તારીખ સાથે જાહેર કરો... કારણ કે સામાન્ય લોકોને અનુભવ છે કે એક સામાન્ય લોન મેળવવા કેટલા પુરાવાના કાગળો, જામીન વગેરે આપવું પડે છે તો ધક્કા એટલા બધા કે પુછાય તેમ નથી.....! આખરે ખિસ્સાના પાંચસો-હજાર ખર્ચ કર્યા પછી વ્યક્તિ લોન મળવાની આશા માંડી વાળે છે....! ખેડૂતોની ઈચ્છા છે કે તેમના દેવા માફ થઈ જાય.... પરંતુ બીજા હપ્તા પછી ખેડુતોની આશા પર પાણી ફરી વળ્યું છે... ભારત એક ખેતીપ્રધાન દેશ છે ત્યારે વધુ પ્રોત્સાહન ખેતીક્ષેત્રે આપવા સાથે ગ્રામ્ય અર્થતંત્રને આપવું જરૂરી છે. ગ્રામ્ય અર્થતંત્ર હમાની જાહેરાત કરવા સાથે કાર્યવાહી શરૂ કરવાની તારીખો જાહેર કરવી જોઈએ, જેથી ગ્રામ્ય લોકો આયોજન પૂર્વક કાર્ય કરે અને બજારમાં પૈસો ફરતો થઈ જાય. પરંતુ આ સાથે ખાસ ધ્યાન દોરવાનું કે આત્મનિર્ભર થવું એ તો ભારતના સંસ્કાર છે... પરંતુ અમેરિકન નીતિના જેવુ આત્મનિર્ભર ન બની જાય.....! તે તરફ ખાસ ધ્યાન રાખવું પડશે નહીં તો..... ભારતની "વસુધૈવ કુટુંબકમ્" ની ભાવનાને આપણે શોધવી પડશે.....!"ગૂજરાતમા કોરોનાના કુલ કેસ ૧૦હજારે પહોચવાની તૈયારીમા છે અને મૃતાક ૫૮૯ પર પહોચી ગયો છે જેમા અમદાવાદમા ૬૯૨૪ કોરોના સંક્રમિત કેસો તથા મૃતાક ૪૬૯ થઈ ગયો છે.ટુકમા અમદાવાદમા કોરોના અટકવાનુ નામ લેતો નથી.....છતા સરકારે જનજીવન દોડતો કરવા આકરી શરતો પાલન કરવા સાથે નાના-મોટા ઉદ્યોગો,દુકાનો,ધંધા,વેપાર કરવા છૂટછાટ આપી દીધી છે...જેથી ગરીબો,મજુરો, રોજમદારોની,નોકરીયાતોની આવક શરૂ થઈ જાય.....અગાઉ અમે આજ લેખમા કહ્યુ હતુ તેમ સરકારે અને લોકોએ બે લડત લડવાની રહેશે પ્રથમ કોરોના સામે અને બીજી નાસમજ-અબુધો સામે....આટ આટલી ખાના ખરાબી છતા અનેક રખડુઓ-ટહેલવાવાળા માસ્ક પહેર્યા વગર બહાર નિકળી પડે છે,ગ્રુપ જમાવે છે તેઓની સામે ઝીક ઝીલવાની છે.આવા બેફીકરાઓ સામે ભારે આકરા પગલા લેવાજ પડશે.તંત્ર પાસે ડ્રોન કેમેરા સહિતની સુવિધાઓ છે ત્યારે આકરા પાણીએ એક્શનમા આવે તો...કોરોના ઝડપથી કાબુમા આવી શકે.....!ઉપરાત આયુર્વેદ દવાઓએ કોરોના દર્દીઓને ઉભા કરી દીધા છે....સફળતા આપી છે જેનો ભરપૂર ઉપયોગ કરવાથી રાજયની આર્થિક ગાડી વધુ ઝડપે દોડવા લાગશે...સરકારે-અમદાવાદ મનપાએ જે તે વોર્ડના દવાખાનાઓ,મેડિકલ સેન્ટરોમા દર્દુઓનુ ચેકઅપ પરી રીતે થાય,જરૂરી તમામ દવાઓ મળે,તેમજ વોર્ડોમા પહેલા ફરતી હતી તેમ મેડિકલ વાન પુરતી દવાઓના જથ્થા સાથે દોડતી થાય તો વૃધ્ધો, સામાન્ય વર્ગના લોકોને મોટી રાહત મળી જાય...હવે આ બધી સેવાઓને લોકડાઉનના આકરા નિયમોમાથી મુક્ત" ક્યારે કરવામા આવશે....?તેવો સવાલ લોકો કરી રહ્યા છે.આજે પણ રાજયમા અનેક ગરીબો,મજુરો,રોજમદારો,લોઅર મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગને ખાવા માટે સાસા પડી રહ્યા છે...સરકારે તંત્ર પર બાજ નજર રાખવી જરૂરી છે.....!હવે દેશ ભરમા ગરીબોની સંખ્યામા ઉછાળો આવશે....અને મધ્યમ વર્ગની સંખ્યામા ઘટાડો.....તે નિશ્ચિત લાગી રહ્યુ છે....વંદે માતરમ્.

શ્રમિકોની ટ્રેન મુદ્દે ભાજપ-મમતા સરકાર આમને-સામને

ન્યુ દિલ્હી

પશ્ચિમ બંગાળમાં શ્રમિકો માટે ટ્રેન દોડાવવાને લઈને રાજનીતિ વધુ એકવાર ગરમાઈ છે. કેન્દ્ર સરકારે ફરીવાર મમતા સરકાર પર આરોપ લગાવ્યો છે કે ટીએમસી સરકાર વધુ ટ્રેનને મંજૂરી આપી રહી નથી. તેથી પશ્ચિમ બંગાળ પરત ફરવા ઇચ્છતા શ્રમિકોને પગપાળા કે અન્ય સાધનો દ્વારા વતન ફરવા માટે મજબૂર છે.

રેલવે પ્રધાન પિયુષ ગોયલે મમતા સરકાર પર નિશાન તાકતા જણાવ્યું કે પશ્ચિમ બંગાળે ૩૦મી મે સુધી ૧૦૫ ટ્રેનને મંજૂરી આપી. ૧૦૫ ટ્રેન દ્વારા માત્ર બે લાખ લોકો મુસાફરી કરી શકશે. જ્યારે પશ્ચિમ બંગાળ જવા ઈચ્છતા લોકોની સંખ્યા ૫૦ લાખ જેટલી છે માટે દરરોજ ૧૦૫ ટ્રેનને મંજૂરી આપે તો જ લોકોએ પગપાળા ન જવું પડે, રસ્તાઓ પર ન ઉતરવું પડે અને ટ્રકો પર ન ચઢવું પડે.

પિયૂષ ગોયલે જણાવ્યું કે પ્રવાસી મજૂરોને તેમના ઘરે પહોંચાડવા માટે ૧,૨૦૦ ટ્રેન તૈયાર છે પરંતુ અનેક રાજ્ય સરકારો ઓછી ટ્રેનની મંજૂરી આપી રહી છે. તો બીજી તરફ ટીએમસી દ્વારા વળતો પ્રહાર કરવામાં આવ્યો કે કેન્દ્ર સરકારના અણઘડ વહીવટના કારણે આજે દેશનો શ્રમિક વર્ગને હાકાલી વેઠવાનો વારો આવ્યો છે.

પાકિસ્તાન ગિલગિત-બાલ્ટિસ્તાનમાં ડેમ બનાવી ન શકેઃ ભારતનો વિરોધ

ન્યુ દિલ્હી

ભારતે ગિલગિત-બાલ્ટિસ્તાનમાં ડેમ બનાવવા માટે એક મોટો કોન્ટ્રેક્ટ કરવાના પાકિસ્તાનના પગલા સામે આકરો વિરોધ નોંધાવ્યો છે. ભારતે સ્પષ્ટ કહ્યું છે કે પાકિસ્તાનના ગેરકાયદેસર કબ્જાવાળા વિસ્તારમાં આવા પ્રોજેક્ટની શરૂઆત કરવી યોગ્ય નથી.

પાકિસ્તાન સરકારે ડાયમર ભાષા ડેમના નિર્માણ માટે ચીનની એક સરકારી કંપની અને પોતાની પ્રભાવશાળી સેનાના વાણિજ્યિક એકમની સાથે ૪૪૨ અબજ રૂપિયાનો કરાર કર્યો છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું છે કે અમારૂ વલણ સતત અને સ્પષ્ટ રહ્યું છે કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ કેન્દ્ર શાસિત પ્રદેશનો સમગ્ર વિસ્તાર ભારતનું અવિભાજ્ય અંગ રહ્યું છે અને રહેશે. તેમણે અમે પાકિસ્તાનના ગેરકાયદેસર કબ્જાવાળા ભારતીય વિસ્તારમાં એવા તમામ પ્રોજેક્ટને લઈને પાકિસ્તાન અને ચીનની સમક્ષ સતત પોતાનો વિરોધ નોંધાવ્યો છે અને ચિંતા રજૂ કરી છે. આ પહેલા ગિલગિત-બાલ્ટિસ્તાનમાં ચૂંટણી કરાવવાના પાકિસ્તાની સુપ્રીમ કોર્ટના નિર્દેશ સામે પણ ભારતે આકરો વાંધો ઉઠાવ્યો હતો.

શાહરૂખ-સોનાક્ષીએ પીપીઈ કિટનું દાન કર્યુઃ ફેન્સને કરી અપીલ

મુંબઈ


કોરોના વાયરસ સામેની લડાઈમાં આખો દેશ એકસાથે ઉભો થયો છે, કોરોના સામેની લડાઈમાં સૌથી વધુ મદદની જરૂર ડૉક્ટરો અને મેડિકલ સ્ટાફને જણાઈ રહી છે. આ લોકોની મદદ માટે હવે બૉલીવુડ એક્ટર શાહરૂખ ખાન અને સોનાક્ષી સિન્હા આગળ આવ્યા છે, તેને લોકોને એક ખાસ અપીલ કરી છે.

શાહરૂખ ખાને ફ્રન્ટલાઈન વૉરિયર્સ માટે લોકોને તેમના માટે પીપીઈ કિટ અને વેન્ટિલેટરનું યોગદાન આપવા માટે અપીલ કરી છે. શાહરૂખે ગુરુવારે મીર ફાઉન્ડેશનને ટેગ કરતા ટ્વીટ કર્યુ- આવો કોરોના વાયરસ વિરુદ્ધ લડાઈમાં નેતૃત્વ કરી રહેલા બહાદુર સ્વાસ્થ્યકર્મીઓ, અને તેમની ટીમોને પીપીઈ કિટનુ યોગદાન કરીને સમર્થન કરીએ છીએ. નાની મદદ મોટુ કામ કરી શકે છે.

વળી સોનાક્ષી સિન્હાના કેટલાક ફેન્સે પુણાની સરદાર વલ્લભભાઈ પટેલ હૉસ્પીટલમાં પીપીઈ કિટ દાન કરી છે. આ માટે એક્ટ્રેસ સોનાક્ષીએ તેમને ધન્યવાદ આપ્યા છે.

સોનાક્ષીએ કહ્યું, તમે બધા સારા માણસો, તમારા યોગદાન અને વિશ્વાસ માટે આભાર. ટૉપ ગ્રેડ પીપીઈ કિટ્સની એક મોટો જથ્થો સરદાર પટેલ વલ્લભભાઈ પટેલ હૉસ્પીટલ, પુણે માટે કારખાનામાંથી રવાના થઈ રહ્યો છે, આપણે આવુ કરીશુ? બહુ સારો પ્રેમ અને ધન્યવાદ.

ભગવાનના નામે મળ્યું, હવે લોકોની મદદ માટે ૯૦% સોનું દાન કરો': સુભાષ ઘાઈ



મુંબઈ

કોરોના વાયરસ મહામારી સામે આખી દુનિયા ઝઝૂમી રહી છે. આ મહામારી સામે લડવા માટે ફંડ એકઠું કરવામાં આવી રહ્યું છે. તમામ બોલિવુડ સેલેબ્સ મદદ માટે આગળ આવ્યા છે અને તેમણે મોટી રકમ દાન કરી છે. આ દરમિયાન ફિલ્મમેકર સુભાષ ઘાઈએ પોતાની લેટેસ્ટ ટ્વિટમાં પીએમ મોદીને સવાલ કર્યા છે. ટ્વિટમાં સુભાષ ઘાઈએ હાલના સમયનો ઉલ્લેખ કર્યો જેના મારથી આખી દુનિયા અને ભારત ખરાબ રીતે અસરગ્રસ્ત થયું છે. સુભાષ ઘાઈએ સવાલ કર્યો કે, શું તમામ મંદિરોએ સરકારને ફંડ દાનમાં ન આપવું જોઈએ.

સુભાષ ઘાઈએ ટ્વિટમાં લખ્યું, "શું આપણા ભગવાનના મંદિરો પાસે જવાનો આ યોગ્ય સમય નથી? ખૂબ સોનું ધરાવતા સંપન્ન મંદિરોએ સરકારની મદદ કરવી જોઈએ અને પોતાનું ૯૦ ટકા સોનું લોકોની મદદ માટે દાન કરી દેવું જોઈએ. તેમને આ બધું ફક્ત ભગવાનના નામે જ લોકો પાસેથી મળ્યું છે ને?" આ ટ્વિટ સાથે ફિલ્મમેકરે પ્રધાનમંત્રી કાર્યાલયને ટેગ કર્યું છે.

મોટાભાગના લોકો સુભાષ ઘાઈના આ ટ્વિટનું સમર્થન કરી રહ્યા છે. સાથે જ ચર્ચ અને મસ્જિદોને પણ આમ કરવાની સલાહ આપી છે. તો કેટલાક લોકો એવા પણ છે જેમણે આ મુદ્દે સુભાષ ઘાઈને આડેહાથ લીધા છે.

સચિન-ગાંગુલી દુનિયાની બેસ્ટ ઓપનિંગ જોડી, જાણો ટોપ-૧૦માં કોણ-કોણ



દુનિયાની મહાનતમ ઓપનિંગ જોડીઓનો જ્યારે પણ ઉલ્લેખ થાય ત્યારે નિશંકપણે સૌ પ્રથમ જે બે નામ દિમાગમાં આવે તે સચિન તેંડુલકર અને સૌરવ ગાંગુલીના જ હોય. આ બંનેએ વર્ષો સુધી ભારતીય ટીમ માટે ઓપનિંગ કરી અને ઘણા બધા રેકોર્ડ્ઝ બનાવ્યા. દુનિયાના મહાન બેટ્સમેનોમાં શામેલ આ બંને ક્રિકેટર્સે ઓપનિંગમાં ખૂબ જ ધમાલ મચાવી છે. આ આવો જાણી દુનિયાની ૧૦ બેસ્ટ ઓપનિંગ જોડીઓ કઈ-કઈ છે.

સચિન તેંડુલકર- સૌરવ ગાંગુલી (ભારત)

વન-ડે ઈતિહાસની સૌથી સફળ ઓપનિંગ જોડી. ૧૩૬ ઈનિંગ્સમાં ઓપન કરનારા આ બેટ્સમેનોએ ૪૯.૩૨ રનની એવરેજથી ૬૬૦૯ રન બનાવ્યા, જેમાં ૨૫૮ રન હાઈએસ્ટ સ્કોર રહ્યો. તેમણે સૌથી ૨૧ વખત સદીની ભાગીદારી કરી. ૨૩ વખત ૫૦થી વધુની ભાગીદારી પણ કરી.

એડમ ગિલક્રિસ્ટ- મેથ્યૂ હેડન (ઑસ્ટ્રેલિયા)

આ કાંગારૂ જોડીએ દુનિયાભરના બોલર્સને હેરાન કર્યા છે અને પોતાની ધાક જમાવી છે. તેમણે ૧૧૪ ઈનિંગ્સમાં સાથે ઓપનિંગ કરી અને ૪૮.૩૯ની એવરેજથી ૫૩૭૨ રન બનાવ્યા. તેમણે ૧૭૨ રનની સૌથી મોટી પાર્ટનરશિપ નોંધાવી. તેમણે ૧૬ સેન્ચુરી પાર્ટનરશિપ અને ૨૯ વખત ૫૦થી વધુ રનની પાર્ટનરશિપ કરી.

ગૉર્ડન ગ્રીનિચ-ડેસમન્ડ હેઈન્સ (વેસ્ટ ઈન્ડીઝ)

સર્વકાલિન મહાન ઓપનિંગ પાર્ટનરશિપમાં આ જોડી પણ શામેલ છે. તેમણે વેસ્ટઈન્ડીઝ માટે ઓપનિંગમાં રમતા ૫૨.૫૫ની એવરેજથી રન બનાવ્યા. જેમાં ૧૫ સેન્ચુરી અને ૨૪ હાફ સેન્ચુરી શામેલ છે. તેમણે ૧૯૨★ રનની સર્વોચ્ચ ભાગીદારી નોંધાવી હતી.

શિખર ધવન-રોહિત શર્મા (ભારત)

ભારત માટે આ જોડીએ અત્યાર સુધી ૧૦૩ ઈનિંગ્સમાં ૪૫.૩૦ની એવરેજથી ૪૮૦૨ રન બનાવ્યા છે. આમાં ૧૬ સદી અને ૧૪ ફીફ્ટી શામેલ છે.

હાશિમ અમલા-ક્વિન્ટન ડી કૉક (સાઉથ આફ્રિકા)

૯૩ ઈનિંગ્સમાં ૪૬.૬૪ની એવરેજ સાથે ૪૧૯૮ રન. ૧૧ સેન્ચુરી, ૧૪ હાફ સેન્ચુરીની પાર્ટનરશિપ. ૨૮૨ રનનો હાઈએસ્ટ સ્કોર.

વીરેન્દ્ર સેહવાગ-સચિન તેંડુલકર

૯૩ ઈનિંગ્સમાં ૪૨.૧૩ રનની એવરેજ સાથે ૩૯૧૯ રન. ૧૨ સદી અને ૧૮ વખત અર્ધ સદીની ભાગીદારી. ૧૮૨ રનનો હાઈએસ્ટ સ્કોર.

એડમ ગિલક્રિસ્ટ- માર્ક વૉ (ઓસ્ટ્રેલિયા)

૯૩ ઈનિંગ્સમાં ૪૧.૪૩ની એવરેજથી ૩૮૫૩ રન. ૮ સેન્ચુરી અને ૨૦ હાફ સેન્ચુરીની ભાગીદારી.

ડેવિડ બૂન-જ્યૉફ માર્શ (ઓસ્ટ્રેલિયા)

આ બંનેએ ૮૮ ઈનિંગ્સમાં ઓપનિંગ કરી. જેમાં ૪૦.૦૩ રનની એવરેજથી ૩૫૨૩ રન બનાવ્યા. આ દરમિયાન તેમણે ૭ વખત સેન્ચુરી અને ૨૫ વખત હાફ સેન્ચુરીની ભાગીદારી કરી.

સનથ જયસૂર્યા-માર્વન અટ્ટાપટૂ (શ્રીલંકા)

આ શ્રીલંકન ઓપનિંગ જોડીએ ૭૯ વખત ઈનિંગની શરૂઆત સાથે કરી. આમાં તેમણે ૪૩.૯૨ રનની એવરેજથી ૩૩૮૨ રન બનાવ્યા. આ દરમિયાન ૮ વખત સેન્ચુરી અને ૧૯ વખત હાફ સેન્ચુરીની પાર્ટનરશિપ કરી.

એરોન ફિંચ-ડેવિડ વૉર્નર (ઓસ્ટ્રેલિયા)

આ જોડીએ અત્યાર સુધી ૬૫ વખત ઈનિંગની શરૂઆત કરી છે. જેમાં ૫૧.૫૧ રનની એવરેજથી તેમણે ૨ન બનાવ્યા છે. ૨૫૮★ રનની હાઈએસ્ટ પાર્ટનરશિપ સાથે તેમણે ૧૦ સેન્ચુરી અને ૧૪ હાફ સેન્ચુરી પણ ફટકારી છે.

ભારતને આપો સ્ટેટ ઓફ ધ ઑર્ટ હથિયાર

ચીનને ઘેરવા રિપબ્લિકન સાંસદના ટ્રમ્પને ૧૮ સૂચનઃ ભારત સાથે સૈન્ય સંબંધ મજબૂત બનાવો

મારો પ્લાન કોરોના અંગે ચીનને જવાબદાર ઠેરવવામાં મદદગાર રહેશેઃ સાંસદ થોમ ટિલિસનો દાવો

વૉશિંગ્ટન

કોરોના વાયરસના સંક્રમણથી ઝઝૂમી રહેલા અમેરિકામાં ચીનની વિરુદ્ધ જબરદસ્ત ગુસ્સો છે. કેટલાંય અમેરિકન નેતા ચીનની ઉપર સંક્રમણ સંબંધિત ડેટાને છુપાવા અને તપાસમાં સહયોગ ના કરવાનો ખુલ્લેઆમ આરોપ પણ લગાવી ચૂક્યા છે. આ બધાની વચ્ચે અમેરિકાના ટોચના એક સાંસદે ચીનની સરકારને કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીનું કારણ બનનાર તેના જુઠ્ઠાણા, છલ-કપટ અને વાતોને ગુપ્ત રાખવાની કોશિષો માટે જવાબદાર ગણાવાને લઇ ૧૮ સૂત્રી યોજના સામે રાખી છે. ભારતની સાથે સૈન્ય સંબંધ વધારવો આ યોજનાનો એક હિસ્સો છે.

સેનેટ થોમ ટિલિસે ચીની વહીવટીતંત્રની આલોચના કરતાં કહ્યું કે ત્યાંની કોમ્યુનિસ્ટ સરકારે દુર્ભાવનાપૂર્વક કોરોના વાયરસને ફેલાવ્યો છે તેના લીધે લાખો અમેરિકન પીડિત છે. આ એવો દેશ છે જે પોતાના જ દેશના લોકોને ડિટેંશન કેમ્પોમાં કેદ કરી રહ્યું છે અને આપણા સહયોગીઓને સંપ્રભુતાની ધમકી આપી રહ્યું છે.

સેનેટરે કહ્યું કે અમેરિકા માટે આ જાગવાનો સમય છે. મારી આ યોજના ચીની સરકારને કોરોના વાયરસ અંગે જુઠ્ઠાણું બોલવા માટે જવાબદાર બનાવશે. તેના દ્વારા અમેરિકન લોકોના સ્વાસ્થ્યની રક્ષા અને અર્થતંત્રને થયેલા નુકસાનની ભરપાઇ કરવા માટે ચીન પર પ્રતિબંધ પણ મૂકાશે.

આ યોજના અંતર્ગત પેસિફિક ડિટરન્સ ઇનિશિયેટિવ નામના એક કાર્યક્રમને શરૂ કરવાની માંગણી કરાઇ છે જેમાં ૨૦ અબજ ડોલરના સૈન્ય ઉપકરણોનું ફંડિંગ પણ અમેરિકા દ્વારા પૂરું પાડવામાં આવશે. આ પહેલ થકી પ્રાદેશિક સહયોગી દેશોની સાથે સૈન્ય સંબંધોને મજબૂત કરાશે. આ ઉપરાંત સેનેટરે ભારત, તાઇવાન અને વિયેતનામને અત્યાધુનિક સ્ટેટ ઓફ ધ આર્ટ સૈન્ય ઉપકરણોના વેચાણની મંજૂરી આપવાની પણ માંગ કરી છે. તેમણે જાપાન અને દક્ષિણ કોરિયાના સૈન્યના પુનર્ગઠન અને ઘાતક મિલિટ્રી સાધનો માટે મદદ કરવાની અપીલ પણ કરી.



લોકડાઉનની કમાલ જૂઓ. માણસથી દૂર ભાગતા પશુઓ રસ્તાઓ પર માણસ ગાયબ થતાં જ તેમના વિસ્તારોમાં આંટો મારવામાં આવી ગયા હતા. જયપુરમાં જયગઢ કિલ્લામાં સાધારણપણે રહેતા મોર-ઢેલને સૂમસામ હાઇવે પર લટાર મારવાનું સૂઝ્યું હતું. બીજી તસ્વીર છે હૈદરાબાદમાં જ્યાં મૈલારદેવપલ્લી વિસ્તારમાં દીપડો ઘૂસી આવ્યો હતો. આ દીપડો ઘવાયેલો હોય એવું લાગતું હતું.

કોરોનાથી મહિલાઓ કરતા પુરૂષોના મોત વધુ કેમ?

શું તમને કયારેય વિચાર આવ્યો છે કે, કોરોના વાઈરસ બીમારીને કારણે મહિલાઓ કરતા પુરૂષોના મોતા શા માટે વધારે થયા છે? આ વાતને લઈને ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સામાહિક પ્રકાશનમાં એક રિસર્ચ રિપોર્ટ છપાયો છે. રિપોર્ટમાં એ સવાલનો જવાબ શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે, કોરોનામાં પુરૂષોના શા માટે વધારે મોત થઈ રહ્યા છે?. રિસર્ચમાં જે સામે આવ્યું છે તેનાથી આ સવાલનો જવાબ મળી ગયો છે.

હકીકતમાં આનો જવાબ માણસના શરીરમાં મળી આવતું એક એન્ઝાઇમ ACE2 છે. આ એન્ઝાઇમ કોરોનાને શરીરમાં ઝડપથી ફેલાવવામાં મદદ કરે છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સામાહિક પ્રકાશન European Heart Journal આ દાવો કરવામાં આવ્યો છે.

ACE2નું આખુ નામ એન્જીયોટેન્સિન કન્વર્ટિંગ એન્ઝાઇમ ૨ છે. છઝઈર હાર્ટ, કિડની, ધમનીઓ, આંતરડા અને શરીરના અન્ય ભાગોમાં હોય છે. ACE2 એક પ્રકારનું સિગ્નલ આપતું એન્ઝાઇમ છે જે કોશિકાઓની સપાટી પર જોવા મળે છે.

પુરુષોમાં છઝઈર નું પ્રમાણ મહિલાઓની સરખામણીએ વધારે હોય છે. કોરોના વાઈરસથી ACE2 જોડાઈ જાય છે અને કોરોનાને સ્વસ્થ કોશિકાઓ સુધી પહોંચાડી દે છે. કોવિડ૧૯ દર્દીઓને ACE ઈનહિબિટર્સ અને ARB દવાઓ આપી શકાય છે. ACE ઈનહિબિટર્સ અને ARB દવા હાર્ટ એટેક, ડાયાબિટીસ કે કિડનીની બિમારીથી પીડિત દર્દીઓને આપવામાં આવે છે.

આ રિસર્ચમાં ૧૧ યુરોપીયન દેશોના ૩૫૦૦ હાર્ટના દર્દીઓના બ્લડના સેમ્પલ લેવામાં આવ્યા હતા. કોરોના મહામારી પહેલા આ રિસર્ચ શરુ થયું હતુ એટલા માટે આમાં કોરોના દર્દીઓને સામેલ કરવામાં આવ્યા નહતા.

શોધકર્તાઓની ટીમે કોરોનાને લઈને પહેલાથી ઉપલબ્ધ માહિતી પરથી જાણવા મળ્યું કે, આ વાઈરસથી સૌથી વધુ મોત પુરુષોના થઈ રહ્યા છે. આ અભ્યાસમાં મહિલાઓની સરખામણીએ પુરૂષોમાં ACE2નું પ્રમાણ વધારે હોવાનું સામે આવ્યું છે. આ આધારે જ ACE2ને કોરોનાને ફેલાવનાર એન્ઝાઇમ કહેવામાં આવી રહ્યું છે.

એસબીઆઇના રિસર્ચ રિપોર્ટ મુજબ,

૨૦ લાખ કરોડના પેકેજથી દેશની રાજકોષીય ખાધ વધીને ૭.૯% થશેઃ રિપોર્ટ

મુંબઇ

કોરોના વાયરસની મહામારીને પગલે જાહેર કરાયેલા દેશવ્યાપી લોકડાઉનના પગલે ભારતમાં પણ આર્થિક અસ્થિરતા સર્જાઇ છે જેનો સામનો કરવા માટે મોદી સરકાર દ્વારા રૂ. ૨૦ લાખ કરોડના આર્થિક રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. જો કે આ રાહત પેકેજથી સરકારની રાજકોષીય ખાધ વધારે પહોળી થવાની ભીતિ સેવાઇ રહી છે. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ)ના રિસર્ચ રિપોર્ટ મુજબ સરકારે રૂ.૨૦ લાખ કરોડના રાહત પેકેજની સાથે જ ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન રાજકોષીય ખાધ બમણા કરતા વધુ ઝડપથી વધીને ૭.૯ ટકાના સ્તરે પહોંચી શકે છે. રિપોર્ટ મુજબ અગાઉ ચાલુ નાણાંકીય વર્ષ માટે દેશની જીડીપીના ૩.૫ ટકા રાજકોષીય ખાધનો અંદાજ મૂકવામાં આવ્યો હતો.

સરકારે અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રોને રાહત આપવા માટે કુલ મળીને ૨૦ લાખ કરોડ રૂપિયાના આર્થિક રાહત પેકેજની જાહેરાત કરી છે જે ભારતની કુલ જીડીપીના ૧૦ ટકા અને હાલ વિશ્વના વિવિધ દેશો દ્વારા જાહેર કરાયેલુ પાંચમું સૌથી મોટુ રાહત પેકેજ છે. એસબીઆઇની રિસર્ચ રિપોર્ટ મુજબમાં જણાવાયુ છે કે, આ ઉપાયોને પગલે રોકડ ખર્ચની સાથે અગાઉની અને હાલની પ્રોડક્ટ એક્સાઇઝમાં વૃદ્ધિ અને મોંઘવારી ભથ્થામાં વધારા પર પ્રતિબંધ (લગભગ જીડીપીના ૦.૮ ટકા)ને ધ્યાનમાં રાખતા અમે અમારા રાજકોષીય ખાધના લક્ષ્યાંકને નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની સંશોધિત જીડીપીની તુલને ૩.૫ ટકાથી વધારીને ૭.૫ ટકા કરી દીધો છે. રાજકોષીય ખાધના અંદાજમાં વધારો કોરોના વાયરસની મહામારીને લીધે ઓછી સરકારને ઓછી આવક અને વધારે ખર્ચને ધ્યાનમાં રાખીને કરાયો છે. રિપોર્ટમાં જણાવાયુછે સીએસઓના જીડીપીના પાછલા અંદાજો પર આધારિત મૂળ રાજકોષીય ખાધ લગભગ ૭.૧ ટકા છે. રિપોર્ટમાં કહેવાયુ છે કે, આવકમાં ઘટ કે સ્વ-સંચાલિત રાજકોષીય સ્થિરતાના લીધે રાજકોષીય ખાધ પર ૪.૫ ટકાની સીધી અસર પડશે અને જીડીપી ગ્રોથમાં ફેરફારના લીધે ૦.૯ ટકાની અપ્રત્યક્ષ અસર થશે.

પાકિસ્તાને ફાયરિંગ કરતા ૪ વર્ષીય બાળક ઘાયલ,બે મકાનને નુકસાન

ભારતીય સેનાનો જડબાતોડ જવાબ, બે પાકિસ્તાની સૈનિક ઠાર માર્યા

શ્રીનગર

બારામુલામાં એલઓસી નજીક ઉરી સેક્ટરના વિસ્તારોમાં ગુરૂવારે પાકિસ્તાની સેનાએ કરેલા ફાયરીંગમાં ચાર વર્ષના બાળકને ઈજા પહોંચી છે તેમજ બે મકાનને નુકસાન પહોંચ્યુ છે.

ભારતીય સેનાએ પણ ફાયરીંગનો જડબાતોડ જવાબ આપ્યો છે. સૂત્રો અનુસાર સેનાની જવાબી કાર્યવાહીમાં બે પાકિસ્તાન સૈનિકો માર્યા ગયા છે જ્યારે પાકિસ્તાનની એક ચોકીને ભારે નુકસાન પહોંચ્યુ છે. છેલ્લા ૨૫ દિવસમાં ઉરી સેક્ટરમાં સીઝફાયરના ઉલ્લંઘનની આ ચોથી ઘટના છે.

સૂત્રો અનુસાર સાંજે લગભગ ચાર વાગે પાકિસ્તાની સૈનિકોએ ઉરી સેક્ટરમાં એલઓસીના વિસ્તારોમાં ભારતના સિલીકોટ, ચુરૂંડા, ઢકીકોટ, નાંબલા, હથલંગા અને નજીકના વિસ્તારોમાં ફાયરીંગ શરૂ કરી દીધી હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર, પાકિસ્તાની સેના તોપખાનાનો ઉપયોગ કરી રહી છે.

ઈજાગ્રસ્ત બાળકને ગામના લોકોએ સેનાની મદદથી શેર-એ-કાશ્મીર આર્યુવિજ્ઞાન સંસ્થા સૌરામાં દાખલ કર્યો છે. ભારતીય જવાનોએ પણ પાકિસ્તાની ઠેકાણા પર ફાયરીંગ કર્યુ. ફાયરીંગ મોડી રાત સુધી ચાલ્યુ હતુ. આ સાથે જ સમગ્ર ઉત્તરી કાશ્મીરના મહત્વના વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવાઈ છે.

લોકડાઉન પછી ક્રૂ મેમ્બર્સ ફ્લાઇટ્સમાં PPE અને માસ્ક પહેરશે

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે દેશમાં ૨૫ માર્ચથી લોકડાઉન છે. ત્યારે તમામ ફ્લાઇટ્સ બંધ છે. જેમાં ઈન્ડિગો, એર ઇન્ડિયા, વિસ્તારા અને એર એશિયા જેવી એરલાઇન્સે ક્રુ મેમ્બર્સની સલામતીને ધ્યાનમાં લઇને તેમના નવા ડ્રેસનો નિર્ણય લીધો છે. કારણ કે, તે લોકો ફ્લાઇટ દરમિયાન મુસાફરો સાથે સંપર્કમાં આવે છે.

ફિલિપાઈન એર એશિયાએ ૨૭ એપ્રિલે તેના ક્રુ સભ્યો માટે જે ડ્રેસનું અનાવરણ કર્યું હતું. આ ડ્રેસ પણ તે પ્રકારનો હશે. સૂત્રએ જણાવ્યું હતું કે, એર એશિયા ઇન્ડિયાના ક્રુ સભ્યો માટેના પીપીઇ ડ્રેસમાં ફેસ શિલ્ડ, માસ્ક, ઝભ્ભો, એપ્રોન અને ગ્લોવ્સ હશે. જ્યારે વિસ્તારા ક્રુ મેમ્બર્સને લેપ ગાઉન, માસ્ક અને ફેસ શિલ્ડ હશે. અન્ય એરલાઇન્સનો ડ્રેસ પણ સમાન હશે.

રાજ્યપાલ વતી સરકાર ત્રણ નામો પૈકી એક નામ પર કે પોતાના પસંદગીના યોગ્ય વ્યકતિ પર મંજુરીની મહોર મારે છે, પરંતુ હાલના સંજોગોને જોતાં સર્ચ કમિટી દ્વારા જાહેરાત આપવામાં આવી હતી,ત્યારે અત્યારે કેટલા આવેદન આવ્યા છે ? શું પ્રક્રિયા છે ? તે મુદ્દે સરકારને એટલે કે, રાજ્યપાલને વિગતો મોકલી અપાઈ છે.



બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં મસ્જિદમાં જતાં પહેલા બાળકો ઉપર ડિસઈન્ફેક્ટનો છંટકાવ કરતા કર્મચારીઓ.

આ વિમાનોને અંબાલા એરબેઝ ખાતે તૈનાત કરાશે

જુલાઇના અંતિમ સપ્તાહ સુધી ભારતને ચાર રાફેલ વિમાન મળી જશે

ન્યુ દિલ્હી

પાકિસ્તાન અને ચીન સાથે જોડાયેલી સરહદે તણાવ વચ્ચે ભારત માટે એક સારા સમાચાર છે. જુલાઈ મહીનાના અંતિમ સમાહ દરમિયાન ભારતને ચાર રાફેલ વિમાન મળી જશે. આ વિમાનોને ભારતીય વાયુસેનાના અંબાલા એરબેઝ ખાતે તૈનાત કરવામાં આવશે. સરકારી સૂત્રોના અહેવાલ પ્રમાણે કોરોના મહામારીના કારણે થોડા સપ્તાહનું મોડુ થયું છે પરંતુ હવે જુલાઈમાં વિમાન આવી જશે.

રાફેલ વિમાનોના કારણે ભારતની હવાઈ યુદ્ધ ક્ષમતામાં વધારો થશે. આ વિમાન દુશ્મનના વિમાનોને ૧૫૦ કિમીના અંતરથી જ મારી શકે છે. ચીન અને પાકિસ્તાન બંને આટલા અંતરેથી મિસાઈલ લોન્ચ નથી કરી શકતા માટે આ વિમાન ચીન-પાકિસ્તાન સરહદે ખૂબ જ ઉપયોગી બની રહેશે. પહેલા ચાર વિમાનને અંબાલા વાયુસેનાના મથક ખાતે તૈનાત કરવામાં આવશે. આ જગ્યાએ રાફેલ સ્કવોડ્રન બનાવવામાં આવી છે. ભારતે ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ અંતર્ગત ૩૬ રાફેલ વિમાનોની સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા જે દક્ષિણ એશિયામાં ભારતીય વાયુ સેનાની તાકાત વધારવામાં ઉપયોગી થશે. ઉલ્લેખનીય છે કે, હાલ પાકિસ્તાન અને ચીનની સરહદે તણાવ વ્યાપેલો છે. હંદવાડા એકાઉન્ટર બાદ પાકિસ્તાની સીમામાં લડાકુ વિમાનો ઉડતા જોવા મળ્યા હતા. આ કારણે ભારતીય સેના પણ એલર્ટ મોડમાં આવી ગઈ છે અને પાકિસ્તાનના દરેક પગલા પર ઝીણવટભરી નજર રખાઈ રહી છે. તે સિવાય લદ્દાખ અને સિક્કિમમાં ભારત અને ચીનના જવાનો વચ્ચે અથડામણ થઈ હતી. ત્યાર બાદ લદ્દાખમાં એલઓસી પર ચીની હેલિકોપ્ટર્સ ઉડતા દેખાયા હતા. આ કારણે વાયુ સેનાએ લદ્દાખ સેક્ટરમાં લડાકુ વિમાન તૈયાર કર્યા છે જે ચીની ઘૂસણખોરીનો જવાબ આપશે.

ખેડૂતો - માછીમારો પહેલા પાનાથી ચાલુ

લોન મળશે. પાંચ વર્ષમાં ૭૦ લાખ ટન માછીમારીનું ઉત્પાદન થશે. ૧ લાખ કરોડની નિકાસ થશે.

પશુઓના રસીકરણ માટે ૧૦૦ ટકાનો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો છે. તમામ પશુઓનું રસીકરણ કરાશે.૧૩ હજાર કરોડ કરતાં વધારે રકમ ફાળવાઈ છે. ભારતમાં સૌથી વધુ પશુધન છે.

ડેરી ઉદ્યોગના વિકાસ માટે ૧૫ હજાર કરોડ ખર્ચાશે. જે પશુ સંવર્ધન માટે પણ વપરાશે.હર્બલ ખેતી માટે ૪ હજાર કરોડની યોજના જાહેર કરવામાં આવી છે. ૧૦ લાખ હેક્ટરમાં હર્બલ ખેતી થશે. ૫ હજાર કરોડની આવક ખેડૂતોની થશે. લોકડાઉનમાંકોરોનાથી બચવા માટે હર્બલ પ્રોડક્ટ પર ભાર મૂકાયો છે. ગંગાના કિનારા વિસ્તારમાં પણ હર્બલ ખેતી થશે.

મધમાખી ઉછેર માટે ૫૦૦ કરોડની યોજના જાહેર કરવામાં આવી છે., ૨ લાખ મધમાખીપાલકોને લાભ મળશે.

બટાટા-ટમાટા-ડુંગળીના ઉછેર માટે ૫૦૦ કરોડની યોજના છે. ૬ મહિના માટે પાયલોટ યોજના છે. ફળફળાદિનો પણ તેનો લાભ મળશે.

કૃષિ ઉપજના પૂરવઠાને પહોંચાડવા માટે ખેડૂતોના હિતમાં આવશ્યક સેવા કાયદામાં સુધારો કરાશે. ખેડૂતો તેનો માલ નિયત મંડીના બદલે પસંદગીના સ્થળે વેચી શકે તે માટે કેન્દ્રીય કાયદામાં સુધારો કરાશે. નિયંત્રણો દૂર કરાશે. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે. આવક બમણી થશે. ખેતબજાર સેક્ટરમાં ફેરફાર થશે. ખેડૂત કોઈપણ રાજ્યમાં માલ વેચી શકશે.

દેશમાં ૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૬૪૯ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવારે સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૫૧૪૦૧એક્ટિવ કેસ છે. દેશમાં કોરોના વાયરસના કુલ કેસમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. દેશભરમાં જેટલા પણ કેસ નોંધાયા છે તેમાંથી લગભગ એક તૃત્યાંશ કેસ ફક્ત મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૭૫૨૪ કેસ નોંધાયા છે જેમાંથી ૬૦૫૯ લોકોએ પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૯૫૯૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૮૬ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ગુજરાત બાદ તમિલનાડૂમાં ૯૬૭૪, દિલ્હીમાં ૮૪૭૦, રાજસ્થાનમાં ૪૫૩૪, મધ્યપ્રદેશમાં ૪૪૨૬ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૩૯૦૨ કેસ સામે આવ્યા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૫ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે.

લોકડાઉન ૪.૦ પહેલા પાનાથી ચાલુ

એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવા માટે ટ્રાવેલ પાસ જરૂરી થશે. સરકાર આવતા અઠવાડિયાથી સ્થાનિક હવાઈ સેવા શરૂ કરવાની પણ તૈયારી કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૨મી મેના રોજ દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી.

આ બેઠકમાં પીએમ મોદીએ લોકડાઉનમાં છૂટછાટ આપવાને લઈને મુખ્યમંત્રીઓ પાસે સૂચનો માગ્યા હતા. હાલમાં ગૃહ મંત્રાલયના અધિકારીઓ લોકડાઉનના ચોથા તબક્કાને લઈને દિશા-નિર્દેશ તૈયાર કરી રહ્યાં છે.

અધિકારીએ એ તરફ પણ સંકેત આપ્યાં કે લોકડાઉનના ચોથા તબક્કામાં રાજ્યોના હોટસ્પોટ બતાવવાની મંજૂરી આપવામાં આવશે. પ્રધાનમંત્રી મોદી સાથેની બેઠકમાં કેટલાંક મુખ્યમંત્રીઓ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

રાજ્યો દ્વારા જાહેર કરાયેલા હોટસ્પોટ વિસ્તારોમાં કોઈપણ પ્રકારની પ્રવૃત્તિઓની મંજૂરી આપવામાં આવશે નહીં. મુખ્યમંત્રીઓની બેઠક બાદ પીએમ મોદીએ દેશને સંબોધન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું હતું કે લોકડાઉન-૪ નવા નિયમો અને શરતો સાથે બિલકુલ અલગ હશે.

મહારાષ્ટ્રમાં મુંબઈ પહેલા પાનાથી ચાલુ

પવાર, પાણી પુરવઠા મંત્રી જયંત પાટિલ, શહેરી વિકાસ મંત્રી એકનાથ શિંદે, ઉદ્યોગ મંત્રી સુભાષ દેસાઈ, રાજ્યમંત્રી બાલાસાહેબ થોરાટ અને લોક નિર્માણ વિભાગના મંત્રી અશોક ચવ્હાણ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં થયેલી બેઠકમાં હાજર રહ્યા હતા.

ભૂકંપનું કેન્દ્ર બિંદુ ઉત્તર દિલ્હીનું પિતમપુરા વિસ્તાર

ફરી એકવાર દેશની રાજધાની દિલ્હીમાં ભૂકંપના આંચકા

ન્યુ દિલ્હી

દેશની રાજધાની દિલ્હીમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા છે, જો કે આ આંચકા બહુ જોરદાર નહોતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૨.૨ માપવામાં આવી છે. મળતી માહિતી મુજબ શુક્રવારે સવારે ૧૧.૩૦ વાગ્યે ભૂકંપ આવ્યો હતો અને ભૂકંપનું કેન્દ્ર ઉત્તર દિલ્હીનું પિતમપુરા વિસ્તાર હતો. આ ભૂકંપમાં હજી સુધી કોઈ જાન-માલનાં નુકસાનની જાણ થઈ નથી.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ) નાં અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપનું પ્રમાણ ૨.૨ માપાયું હતું, જે જોખમોની શ્રેણીમાં આવતુ નથી. છેલ્લા એક મહિનામાં આ ચોથી વખત છે કે દિલ્હીમાં ભૂકંપ આવ્યો છે. રવિવારે પણ દિલ્હીમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. રવિવારનાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૫ માપવામાં આવી હતી. આ અગાઉ ૧૨ અને ૧૩ એપ્રિલે દિલ્હીમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા.

મંગળવારે મોડીરાત્રે બિહારનાં અનેક જિલ્લાઓમાં પણ ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું પ્રમાણ રિક્ટર સ્કેલ પર ૫.૩ માપાવામાં આવ્યુ હતું, જયારે તેનું કેન્દ્ર બિહારની સરહદે આવેલા નેપાળનાં દોલખા જિલ્લામાં હતું. નેપાળમાં આવેલા આ ભૂકંપને કારણે બિહારનાં ઘણા જિલ્લાઓમાં કંપન અનુભવાયો હતો. મોડી રાત્રે ૧૧.૫૩ વાગ્યે ભૂકંપનાં આંચકા આવ્યા હતા.

આપણે બધાએ એકબીજાને મદદ કરવાની જરૂર છેઃ કેટરિના

મુંબઇ

કેટરિના કૈફ કહે છે કે, તે વર્તમાનમાં જ જીવવાનું પસંદ કરે છે. તે સ્વીકારે પણ છે કે, તે હાલના સમયે સેટ્સને મિસ કરે છે. તે કહે છે કે, 'એવા દિવસો છે કે જ્યારે હું શૂટિંગ કરવાનું મિસ કરું છું અને હા, ક્યારેક હવે પછી શું થશે એની પણ મને ચિંતા થાય છે. જોકે, દુનિયા અત્યારે જેનો સામનો કરી રહી છે એ ક્રાઇસિસ અને આ મહામારીને હરાવવાની જરૂરિયાતને હું સમજું છું.'

આ એક્ટ્રેસ માને છે કે, કોવિડ-૧૯ લોકડાઉનના કારણે વ્યાકુળતા દૂર કરવાની બધાની પોતપોતાની રીત હોય છે. તે કહે છે કે, 'હું આને એક ચેન્જ તરીકે જોઉં છું. હું ઘરના કામકાજમાં બિઝી છું, મારું વર્કઆઉટ કરું છું અને કંઇક ઓનલાઇન જોઉં છું. મને વાચવાનું ખૂબ ગમે છે. એટલે હું એ પણ કરું છું. મારી કોસ્મેટિક રેન્જ માટેની કામગીરી પણ ચાલી રહી છે. એટલે હું મારી ટીમની સાથે પણ ટાઇમ સ્પેન્ડ કરું છું. સ્ક્રિપ્ટ્સ વાચવા સિવાય હું અનેક બાબતો કરીને બિઝી રહું છું.' રિસન્ટલી કેટરિનાએ પીએમ-કેર્સ ફંડમાં ડોનેશન આપ્યું હતું. આ એક્ટ્રેસે મહારાષ્ટ્રના ભંડારા જિલ્લાના એક ગામના લોકોને જીવન જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવા માટે તેની કોસ્મેટિક બ્રાન્ડ દ્વારા એક એનજીઓની સાથે જોડાણ પણ કર્યું હતું. તે કહે છે કે, 'આ મુશ્કેલ સમયમાં આપણે બધાએ સાથે રહેવાની અને એકબીજાને મદદ કરવાની જરૂર છે.

એક-બે દિવસમાં અંદામાન- નિકોબારમાં પહોંચી જશે મોન્સૂન

૨૮મે સુધી કેરળમાં દસ્તક દેશે ચોમાસુઃ હવામાન વિભાગ

ન્યુ દિલ્હી

દેશમાં એક તરફ કોરોનાનો કહેર છે ત્યારે દેશમાં ચોમાસાને લઈને સ્કાયમેટ તરફથી આગાહી કરવામાં આવી છે. આગાહીમાં જણાવાયું છે કે કેરળના તટ પર ચોમાસું ૨૮ મે સુધીમાં દસ્તક દેશે. અમુક વિસ્તારોમાં સામાન્યથી ઓછા વરસાદની શક્યતા છે. ૧૬-૧૭મે સુધીમાં ચોમાસું અંડમાન અને નિકોબાર પહોંચે તેવી પણ શક્યતા છે.

સારું ચોમાસું દેશની ખેતીને લાભ આપનારું બને છે. દેશમાં ચોમાસાની દસ્તક પહેલાં અંડમાનમાં થતી. ૧ જૂને કેરળ સુધી આવવાના ૧૦ દિવસ પહેલા ચોમાસું કેરળ પહોંચશે. અંડમાન બાદ લગભગ ૫ દિવસમાં ચોમાસું શ્રીલંકા પહોંચશે. ભારતમાં લગભગ ૧ જૂનથી ચોમાસું દસ્તક આપી શકે છે.

ઉલ્લેખનીય છે કે કેટલાક વર્ષોમાં ચોમાસાના આગમન અને સમાપનનો સમય બદલાઈ ચૂક્યો છે. તેમાં એક અઠવાડિયાનું અંતર હોઈ શકે છે. આ સમયે પૂર્વી અને મધ્ય ભારતના અનેક ભાગોમાં ૩થી ૭ દિવસનું મોડું ચોમાસું રહેશે. અન્ય તરફ ઉત્તર પશ્ચિમ ભારતમાં પહેલાં આગમન અને સમાપનની તારીખો જાહેર કરવામાં આવી છે.

સ્કાયમેટની આગાહી અનુસાર ચોમાસું આવવામાં જૂનના પહેલા અઠવાડિયામાં આવી શકે છે. ક્રમાનુસાર મુંબઈમાં જૂનના બીજા અઠવાડિયામાં, ૧૧ જૂન સુધી આવી શકે છે. તેલંગાણા, મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ અને બિહારમાં ચોમાસું આ વર્ષે ૩થી ૭ દિવસ પહેલાં એટલે કે અન્ય સીઝન કરતાં મોડું આવવાની શક્યતા છે. ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ચોમાસું ૧૫ જુલાઈને બદલે ૮ જુલાઈએ આવી શકે છે. દિલ્હીમાં ૨૩ જૂનને બદલે ૨૭ જૂન સુધીમાં ચોમાસું આવશે. સ્કાયમેટના જણાવ્યા અનુસાર આ વર્ષે ચોમાસું થોડું વધારે ચાલશે એટલે કે ૨૯ સપ્ટેમ્બરને બદલે ૮ ઓક્ટોબર સુધી કાયમ રહેશે.

બીસીસીઆઈ લૉકડાઉન હળવુ થયા બાદ ટોચના ખેલાડીઓ માટે આઉટડોર પ્રેક્ટિસ શરૂ કરશે

મુંબઇ

કોરોના વાયરસને કારણે લગભગ બે મહિનાથી ઘરે કેદ ભારતીય ક્રિકેટરો થોડા દિવસોમાં મેદાન પર આઉટડોર પ્રેક્ટિસ કરતા જોવા મળી શકે છે. બીસીસીઆઈના કોષાધ્યક્ષ અરુણ ધૂમલે જણાવ્યું હતું કે જો સરકાર ૧૮ મેથી શરૂ થનારા ચોથા લોકડાઉનમાં રાહત આપે તો ભારતીય ક્રિકેટરો આઉટડોર પ્રેક્ટિસ શરૂ કરશે. ધૂમલે કહ્યું કે બીસીસીઆઈ લોકડાઉન હળવું થયા બાદ ૧૮ મે પછી કેવી રીતે ટોચના ખેલાડીઓ આઉટડોર પ્રેક્ટિસ શરૂ કરી શકશે તેના વિકલ્પોની શોધ કરી રહી છે.

તેમણે કહ્યું કે આ મુશ્કેલ પરિસ્થિતિમાં એક સ્થળેથી બીજી જગ્યાએ મુસાફરી શક્ય નથી. આવા વિકલ્પમાં, ખેલાડીઓ તેમના ઘરની નજીકના મેદાન પર બેટિંગ અથવા બોલિંગની પ્રેક્ટિસ શરૂ કરી શકે છે. આ વિકલ્પ વિશે વિચારવામાં આવી રહ્યો છે. બીસીસીઆઈના અધિકારીએ કહ્યું કે બીસીસીઆઈ આ વિકલ્પ માટે સરકાર સાથે સંપર્કમાં છે.

અરુણ ધૂમલે કહ્યું કે લોકડાઉન થયા બાદ ક્રિકેટરો માટેનો માર્ગમેપ તૈયાર કરવામાં આવ્યો છે. આ ક્ષણે, તેઓ એપ્લિકેશન દ્વારા તાલીમ લઈ રહ્યાં છે. ટ્રેનર નિક વેબે દરેક ખેલાડી માટે ફિટનેસ ડ્રીલની રચના કરી છે. આ એપ્લિકેશન ખેલાડીઓ અને કોચ સાથે છે, સપોર્ટ સ્ટાફ પણ તેની સાથે જોડાયેલ છે. આ એપ્લિકેશન દ્વારા, ખેલાડીઓ જાણે છે કે તેઓ દરરોજ શું ફિટનેસ કવાયત કરે છે. આ એપ્લિકેશન પર પ્લેયરનો સંપૂર્ણ રેકોર્ડ છે. બીસીસીઆઈએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય ન થાય ત્યાં સુધી કોઈ શિબિર યોજાશે નહીં.

મુંબઈમાં કોરોના વિસ્ફોટઃ સાંઈ મંદિરના ૧૨ કામદારોનો રિપોર્ટ પોઝિટિવ

મુંબઇ

મુંબઈના કાંદિવલી વિસ્તારમાં આવેલા સાઈ ધામ મંદિરના ૧૨ કર્મચારીઓને કોરોના ચેપ લાગ્યો છે. તાળાબંધી દરમિયાન સાંઈ મંદિરમાંથી ગરીબોને ભોજન અને અનાજનું વિતરણ કરવામાં આવતું હતું. બે દિવસ પહેલા સાંઈ મંદિરના ૧૭ કર્મચારીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૨ કર્મચારીઓને કોરોના ચેપ લાગ્યો હતો. કર્મચારીઓને કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યા બાદ મંદિર પરિસર અને આસપાસના વિસ્તારમાં હંગામો મચ્યો છે.

બીએમસી પણ આ ૧૨ કોરોના ચેપગ્રસ્ત લોકોની તપાસ કરી રહી છે. કોરોનાથી સંક્રમિત લોકોના કિસ્સામાં રાજ્યની રાજધાની મુંબઈ આ યાદીમાં ટોચ પર છે.ગુરુવારે મુંબઈમાં કોરોના વાયરસના ૯૯૮ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે, શહેરમાં કોરોના ચેપ લાગતાં લોકોની કુલ સંખ્યા વધીને ૧૬૫૭૯ થઈ ગઈ છે. તેમાંથી અત્યાર સુધીમાં કુલ ૪૨૩૪ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે જ્યારે કુલ ૬૨૧ દર્દીઓ ચેપથી મરી ગયા છે.

કુલ રિકવરીમાંથી, ૪૪૩ લોકો ગુરુવારે પુનઃપ્રાપ્ત થયા, જેમને રજા આપવામાં આવી. તે જ સમયે, ગુરુવારે શહેરમાં કુલ ૨૫ કોરોના દર્દીઓનું મોત નીપજ્યું હતું. ગુરુવારે, કુલ ૬૪૩ શંકાસ્પદ કોરોના દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ સાથે, શહેરમાં હોસ્પિટલમાં દાખલ શંકાસ્પદ કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૧૭૩૭૭ થઈ ગઈ.

બસ,મેટ્રો સર્વિસને મર્યાદિત ધોરણે ખોલવામાં આવે

લૉકડાઉન-૪માં ઓડ-ઈવન પદ્ધતિથી ખુલે માર્કેટઃ દિલ્હી સરકારે કેન્દ્રને મોકલ્યો પ્રસ્તાવ

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસ મહામારીના વધતા જતા કેસ વચ્ચે દિલ્હી સરકાર તરફથી કેન્દ્ર સરકારને લૉકડાઉન-૪.૦ માટે પ્રસ્તાવ મોકલી દેવામાં આવ્યો છે. આ અંગે દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને શુક્રવારે કોરોના વાઈરસ સંકટને લઈને મીડિયા સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે જણાવ્યું કે, દિલ્હી સરકાર તરફથી કેન્દ્ર સરકારને લૉકડાઉન ૪.૦ માટે સૂચનો મોકલી દેવામાં આવ્યા છે. અમે ઈચ્છીએ છીએ કે, બસ અને મેટ્રો સર્વિસને મર્યાદિત ધોરણે ખોલવામાં આવે.

સત્યેન્દ્ર જૈને વધુમાં જણાવ્યું કે, અમે સરકારને ૫૦ ટકા સુધી મૉલ ખોલવા માટે કહ્યું છે અને બજારો પણ ઓડ-ઈવનના આધારે ખોલવાનું સૂચન કર્યું છે. આ ઉપરાંત જાહેર સ્થળો પર માસ્ક પહેરવું ફરજિયાત કરી દેવાનું જણાવ્યું છે.

દિલ્હીમાં વધતા જતા કોરોનાના કેસને લઈને સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, અગાઉ એવું કહેવાતું હતું કે, ગરમીમાં કેસો ઓછા થઈ શકે છે, પરંતુ આવું નથી થઈ રહ્યું. જો કે વધતી જતી સંખ્યાની જગ્યાએ ગ્રોથ પર ધ્યાન આપવું જોઈએ. જે હવે ૫ ટકા પર પહોંચી ગયો છે.

લૉકડાઉન અને કોરોના કેસને લઈને જૈને જણાવ્યું કે, બન્ને ચીજો વચ્ચે બેલેન્સ કરવું જરૂરી છે. ઈન્ફેક્શનને ફેલાતુ રોકવું ખૂબ અગત્યનું છે, પરંતુ અર્થ વ્યવસ્થા વિશે પણ વિચારવું પડશે. જો તમામ લોકો માસ્ક પહેરે, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાન કરે અને સાબુથી હાથ ધોવાની આદત પાડે, તો કોરોના સામે જંગ જીતી શકાય તેમ છે.

કોરોનાની લડતમાં બધાએ સાથે આવવું જોઈએઃ મોદી

બિલ ગેટ્સે કોરોના મુદ્દે વડાપ્રધાન મોદી સાથે ચર્ચા કરી ઉઠાવેલ પગલાની પ્રશંસા કરી

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સ દ્વારા માઈક્રોસોફ્ટના સહ-સંસ્થાપક અને બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનના સહ-અધ્યક્ષ બિલ ગેસ્ટ સાથે વાત કરી. બન્ને વચ્ચે કોરોના મહામારીના સંક્રમણ અને વૈશ્વિક અસર પર અડધો કલાક સુધી ચર્ચા કરી. બન્ને વચ્ચે સાઈન્ટિફિક ઈનોવેશન અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ચર્ચા કરી હતી.

વડાપ્રધાન મોદીએ આ વાતચીત દરમિયાન બિલ ગેટ્સ ફાઉન્ડેશન તરફથી કરવામાં આવેલા સ્વાસ્થ્ય સંબંધિત કાર્યોની પ્રશંસા કરી. તેમણે બિલ ગેટ્સ પાસે સૂચનો માગ્યા કે ભારતની ક્ષમતાઓને કઈ રીતે દુનિયાના ફાયદા માટે સારી રીતે ઉપયોગમાં લઈ શકાય. વડાપ્રધાન મોદીએ કોરોના વાયરસના આ સંકટમાં ભારત સરકારે ભરેલા પગલાનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે કોરોના મહામારી દરમિયાન ભારતમાં કેવા પ્રકારની સ્વાસ્થ્ય સેવાઓને વધારે મજબૂત કરવામાં આવી છે. આ સાથે જ લોકોની ઈમ્યુનિટી વધારવા માટે આયુર્વેદિક દવાનો આધાર લીધો છે, સ્વચ્છતા પર ભાર આપ્યો છે. તેમણે જણાવ્યું કે આ તમામ વસ્તુઓથી ભારત કોરોના સામે લડવામાં મજબૂત બન્યું છે. વડાપ્રધાન મોદીએ બિલ ગેટ્સને જણાવ્યું કે ભારતમાં લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગને સ્વીકાર્યું છે, સાથે જ માસ્ક પહેરવાના નિયમોનું પાલન કરવાની સાથે લોકોનો સહયોગ મળ્યો છે. જેના કારણે કોરોનાને ફેલાતો અટકાવવામાં સફળતા મળી છે.

સેલેરી આપવામાં અસમર્થ કંપનીઓ પર નહિ થાય કાર્યવાહીઃ સુપ્રીમનો આદેશ

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. કોરોના સંક્રમણને રોકવા માટે ભારત સરકારે ૧૭ મે સુધી લૉકડાઉનનુ એલાન કર્યુ છે. એવામાં બધા ઉદ્યોગ ધંધા બંધ છે. આ મુશ્કેલ ઘડીમાં ઘણી કંપનીઓ એવી પણ છે જે પોતાના કર્મચારીઓને સેલેરી નથી આપી શકતી. જે વિશે ઘણી જગ્યાએ હોબાળો અને કેસ નોંધાયાની વાતો સામે આવી હતી. જેના પર હવે સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો સંભળાવ્યો છે.

ભારતમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. કોરોના સંક્રમણને રોકવા માટે ભારત સરકારે ૧૭ મે સુધી લૉકડાઉનનુ એલાન કર્યુ છે. એવામાં બધા ઉદ્યોગ ધંધા બંધ છે. આ મુશ્કેલ ઘડીમાં ઘણી કંપનીઓ એવી પણ છે જે પોતાના કર્મચારીઓને સેલેરી નથી આપી શકતી. જે વિશે ઘણી જગ્યાએ હોબાળો અને કેસ નોંધાયાની વાતો સામે આવી હતી. જેના પર હવે સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો સંભળાવ્યો છે.

વેક્સીન ઈન્જેક્શન નહીં પરંતુ ટેબલેટના સ્વરૂમાં હશે

અમેરિકામાં કોરોનાની વેક્સીનની હ્યુમન ટ્રાયલ, ડિસેમ્બરમાં શરૂ થશે ઉત્પાદન

વૉશિંગ્ટન

વૈશ્વિક મહામારી બનીને બે લાખથી વધારે લોકોના જીવ લઈ ચૂકેલા કોરોના વાયરસની વેક્સીની હ્યુમન ટ્રાયલ અમેરિકા વહેલી તકે શરૂ થશે. આ વેક્સીન ઈન્જેક્શનને બદલે ટેબલેટ સ્વરૂપમાં હશે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે, આ વેક્સીનનું મોટા પાયે ઉત્પાદન આ વર્ષના અંત સુધી શરૂ થઈ શકે છે. અગાઉ ઈઝરાયેલ અને ઈટાલીએ પણ વેક્સીન બનાવવાનો દાવો કર્યો છે.

અમેરિકાની બાયોટેક કંપની વેક્સાર્ટના મુખ્ય વૈજ્ઞાનિક અને ઈમ્યુનોલોજિસ્ટ ડૉ. સીન ટકર કેલિફોર્નિયા સ્થિત લેબમાં કેટલીક અલગ-અલગ વેક્સીન પર પરિક્ષણ કરી રહ્યા છે. જેમાંથી કેટલીક જુલાઈની શરૂઆતમાં હ્યુમન ટ્રાયલમાં જશે. મહત્વની વાત એ છે કે આ વેક્સીન ઈન્જેક્શનની જગ્યાએ ટેબલેટના સ્વરૂપમાં હશે.

ડૉક્ટર ટકરે જણાવ્યું કે, મને આશા છે કે આ વર્ષના અંત અથવા આગામી વર્ષની શરૂઆતમાં અમે કોરોનાની વેક્સીનનું મોટા પાયે ઉત્પાદન શરૂ કરીશું. તેમણે અમેરિકાની સરકાર દ્વારા વેક્સીનની શોધ માટે જાહેર કરાયેલા ઓછા બજેટના વખાણ પણ કર્યા. ડૉ. ટકર જાન્યુઆરીથી જ કોરોના વેક્સીનની શોધ માટે પોતાની લેબમાં ૮ સભ્યોની ટીમની સાથે અઠવાડિયાના સાત દિવસો કામ કરી રહ્યા છે. આ વેક્સીન મૃત એંડોનોવાયરસથી બનાવવામાં આવી છે. એંડોનોવાયરસને કારણે જ માનવ શરીરમાં સામાન્ય શરદી પેદા થયા છે. એંડોનાવાયરસ વધારે નુકસાનકારક હોત નથી. બાળપણમાં થનારી ૧૦ ટકા બીમારી આ વાયરસને કારણે થાય છે.

ડૉક્ટર પણ આશ્ચર્યચકિત

૧૫ દિવસ કોરોના સંક્રમિત મા-બાપ સાથ રહેવા છતા બાળકના દરેક ટેસ્ટ નેગેટિવ

ગુરદાસપુર

કોરોના સંકટ વચ્ચે એક ખૂબ જ વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. એક બાળક સતત ૧૫ દિવસ સુધી કોરોના સંક્રમિત માતા-પિતા સાથે રહ્યું તેમ છતા તેનો દરેક રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. પંજાબના ગુરદાસપુર જિલ્લામાં આવેલી સિવિલ હોસ્પિટલના ડોક્ટર્સ આ કેસ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ બાળક છેલ્લા ૧૫ દિવસથી આઈસોલેશન વોર્ડમાં પોતાના માતા-પિતા અને અન્ય સંક્રમિત લોકો સાથે છે.

બાળક તેના પરિવાર સાથે શ્રી હજૂર સાહિબ ખાતેથી પરત આવ્યું હતું અને તેના માતા-પિતા સહિત પરિવારના ચાર સદસ્ય કોરોના સંક્રમિત આવ્યા હતા. પ્રશાસને બાળકના માતા-પિતાને તેને અલગ રાખવા જણાવ્યું હતું પરંતુ પરિવાર કે બાળક એક-બીજાથી દૂર રહેવા તૈયાર ન થતા તેને આઈસોલેશન વોર્ડમાં રહેવા દેવામાં આવ્યું હતું. આ દરમિયાન પ્રશાસને બાળકના બે વખત ટેસ્ટ કર્યા હતા અને બંને વખત તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. આ બાળક પોતાની માતા સાથે જ સૂતુ હતું અને તેના સાથે જ ભોજન કરતું હતું. જે વોર્ડમાં તેમને રાખવામાં આવેલા ત્યાં આશરે ૧૦ જેટલા કોરોના પોઝિટિવ દર્દીઓ હતા તેમ છતા બાળકનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. આઈસોલેશન વોર્ડમાં તેઓ દરેક સમયે માસ્ક પહેરી રાખતા હતા. જાણકારોના કહેવા પ્રમાણે બાળકની રોગપ્રતિકારક શક્તિની તપાસ કરવી જરૂરી છે કારણ કે, બની શકે તેનાથી કોઈ નવી જાણકારી મળી શકે.

એડિલેડ આ માટે સૌથી સારી જગ્યાઃ હેઝલવૂડ

ઓસ્ટ્રેલિયા બૉર્ડ ભારત સામેની ટેસ્ટ સિરિઝ એક જ ગ્રાઉન્ડ પર રમાડવાની તૈયારીમાં

મેલબર્ન

કોરોના વાયરસને કારણે ૨ મહિનાથી કોઈ ક્રિકેટ ટૂર્નામેન્ટ નથી થઈ. તેના લીધે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (સીએ) સહિત અન્ય બોર્ડની આર્થિક સ્થિતિ કથળી છે. ઓસ્ટ્રેલિયા પાસે કર્મચારીઓને સેલેરી આપવા માટે પણ પૈસા નથી. આવામાં તે ભારત સાથે વર્ષના અંતે થનાર ટેસ્ટ સીરિઝ એક જ ગ્રાઉન્ડ પર રમાડવા અંગે તૈયારી કરી રહ્યું છે. ફાસ્ટ બોલર જોશ હેઝલવુડે કહ્યું કે, આ માટે એડિલેડ સૌથી સારી જગ્યા છે.

ભારતીય ટીમ આ વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ૪ ટેસ્ટ અને ૩ વનડે રમવાનું છે. આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા સીએ સીઈઓ કેવિન રોબર્ટ્સે ભારત સામે વધુ ટેસ્ટ રમવાનો પ્રસ્તાવ મૂક્યો છે. પ્રેક્ષકો વિના આ બધી મેચ શક્ય છે.

રોબર્ટ્સે કહ્યું, "ડિસેમ્બર-જાન્યુઆરીમાં ભારતના હોસ્ટિંગ માટેના બધા વિકલ્પોની ચર્ચા થઈ રહી છે." સીએ આ શ્રેણીમાંથી સારી કમાણી કરશે. અમારા સમક્ષ એક વિકલ્પ એ પણ છે કે શ્રેણીની બધી મેચો પ્રેક્ષકો વિના એક જગ્યાએ યોજવામાં આવે છે. આ સીરીઝ આઈસીસી ટેસ્ટ ચેમ્પિયનશીપ હેઠળ રમવામાં આવશે. ભારતીય ટીમ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં પ્રથમ નંબરે અને ઓસ્ટ્રેલિયા બીજા નંબરે છે. ટોપ-૨ ટીમો જૂન ૨૦૨૧ માં લોર્ડ્સના મેદાન પર ચેમ્પિયનશિપની ફાઈનલ રમશે.

દાહોદ ભાજપ યુવા મોરચાનો મહામંત્રી પ્રેમિકા સાથે રંગરેલિયા મનાવતા ઝડપાયો

દાહોદ

દાહોદ ભાજપ યુવા મોરચાનો મહામંત્રી બાદલ પંચાલ તેની પરિણીત પ્રેમિકા સાથે રંગરેલિયા મનાવતા ઝડયાપો છે. બાદલ પંચાલ તેની પરિણીત પ્રેમિકાના ઘરે પહોચ્યો હતો. જે બાદમાં પ્રેમિકાનો પતિ આવી ગયા બાદ તેણે બહારથી ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો અને પોલીસ ને જાણ કરી હતી. પકડાયા બાદ ભાજપના યુવા મોરચાના મહામંત્રીએ તેની પ્રેમિકાના પતિને જીવથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે બાદલ પંચાલ તેની પ્રેમિકા ઘરે એકલી હોવાથી તેને મળવા માટે પહોંચ્યો હતો. આ દરમિયાન મહિલાનો પતિ આવી ગયો હતો. જે બાદમાં મહિલાના પતિએ ચોકીદારને કહીને ઘરનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો અને બૂમાબૂમ કરી હતી. આ દરમિયાન બાદલ પંચાલે ઘરનો દરવાજો ખોલવા માટે ધમપછાડા કર્યા હતા. એટલું જ નહીં ઘરનો દરવાજો નહીં ખોલે તો જીવથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ મામલે મહિલાના પતિએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેની પત્નીને કોઈ પુરુષ સાથે ચાર-છ મહિનાથી સંબંધ હોય તેવી તેને આશંકા હતી. ગુરુવારે મહિલાના પતિએ જેસાવાડા ખાતે આવેલા પોતાની દુકાને જવાનો ઈકાર કર્યો હતો. જોકે, પત્નીએ દુકાને જવા માટે ખૂબ દબાણ કરતા તેને શંકા ગઈ હતી. આથી દુકાને જતા પહેલા એપાર્ટમેન્ટના ચોકીદારને તે કહીનો ગો હતો કે કોઈ અજાણ્યો વ્યક્તિ નજરે પડે તો મને ફોન કરવો. મહિલાનો પતિ દુકાને પહોંચતા જ ચોકીદારનો ફોન આવ્યો હતો કે કોઈ અજાણ્યો વ્યક્તિ ગાડી લઈને તમારા ઘરે આવ્યો છે. આથી મહિલાના પતિએ ચોકીદારને ઘરને બહારથી તાળું મારી દેવાનું કહ્યું હતું.

તંત્રના આંખ આડા કાનઃ બનાસકાંઠામાં ખનીજ માફિયાઓ બેફામ

બનાસકાંઠા

બનાસકાંઠામાં ખાણ ખનીજ વિભાગ ઘોર નિદ્રામાં હોય તેવું લાગી રહ્યુ છે. કારણકે બનાસકાંઠાના ભાભરના જાસનવાડામાં ખનીજ ચોરી થતી હોવા છતા તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી, ગ્રામ્ય વિસ્તારોમાં ખનીજ માફિયાઓ અને રેતી ચોરોને કાયદાનો કોઈ ડર ન હોય તેવું લાગી રહ્યુ છે. જાસનવાડા ગામમાં કેટલાક માથાભારે ઈસમો દ્વારા ગૌચરની પડતર જમીન માં લોડર થી માટી ચોરી કરાતી હોવાની સ્થાનિક તંત્રને જાણ હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.ત્યારે આ મામલે તલાટી અને સરપંચ કામગીરી પર પણ સવાલ ઉઠી રહ્યા છે.

રાજકોટના ઉપલેટા શહેરમાં કોરોનાનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો

રાજકોટ

રાજકોટ જિલ્લાના ઉપલેટા શહેરમાં કોરોનાનો પ્રથમ પોઝિટિવ કેસ આવ્યો છે. મુંબઈથી આવેલ ૩૮ વર્ષના યુવાનનો કોરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

મુંબઈથી ૧૨ તારીખેત રાત્રે ૮ કલાકે ઉપલેટા પરિવારના બે સભ્યો સાથે યુવક આવ્યો હતો. કોલકી રોડ પર આવેલ મનદીપ ઓઈલ મીલ સામેના વિસ્તારની શાંતિવન સોસાયટીમાં આવ્યો હતો આ યુવાન. યુવાન પોતાના મામાના ઘરે આવ્યો હતો. ઉપલેટામાં પ્રથમ પોઝિટિવ કેસ આવતાં તંત્ર હરકતમાં આવી ગયું છે.

ઉપલેટામાં કેસ આવતા રાજકોટ ઝ્રઢ્ઢઁ સહીતનો મેડિકલ સ્ટાફ મોડીરાત્રે ઉપલેટા પહોંચી ગયો હતો. રિપોર્ટ આવ્યા બાદ યુવાન સહિત પરિવારના ૮ સભ્યોને રાજકોટ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે હિમાંશુ પંડ્યા રિપિટ થાય તેવી શક્યતાઓ

અમદાવાદ

કોરોના વાઈરસના સંક્રમણને લઈને અનેક પદાધિકારીઓની અવધિ વધારવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડોક્ટર હિમાંશુ પંડ્યાની અવધી ૧૬ મે, ૨૦૧૯ના રોજ પૂરી થાય છે. પરંતુ હિમાંશુ પંડ્યાને રિપિટ કરવામાં આવે તેવી શક્યતાઓ વધુ દેખાઈ રહી છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિનો કાર્યકાળ સામાન્ય રીતે ત્રણ વર્ષ માટે હોય છે. હિમાંશુ પંડ્યા ૧૫ મેં, ૨૦૧૭માં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમાયા હતા.નવા કુલપતિની શોધ કરવા સર્ચ કમિટી નિમાય છે. જે આ માટે જાહેરાત આપીને તેમનું સિલેક્શન કરીને, સરકારને ઉમેદવારોના નામ પહોંચાડવાનું કાર્ય કરે છે.

શહેરમાં અવર-જવર કરવા સ્ટુડિયોમાં નકલી પાસ બનતા રાજકોટમાં વધુ એક પાસ કૌભાંડ ઝડપાયુઃ ૧૧ની ધરપકડ

રાજકોટ

લોકડાઉનની વચ્ચે એક બાજુ શ્રમિકોને પોતાના વતન જવા માટે કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ નથી ત્યારે કેટલાક લેભાગુ તત્વો નકલી પાસ આપીને લોકો સાથે ઠગાઈ કરી રહ્યા છે. શહેરમાં આવું જ એક વધુ પાસ કૌભાંડ સામે આવ્યું છે. પોલીસે આ મામલે ૧૧ લોકોની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ અમિત મોટવાણી નામની વ્યક્તિ સ્ટુડિયોમાં ફોટોશોપની મદદથી પહેલા એક મિત્રની મદદ કરી અને બાદમાં નકલી પાસ વેચવાનું ચાલું કર્યું હતું. અમિત ૩૦૦ રૂપિયામાં એક પાસ વેચતો હતો. આ મામલે ઈલેક્ટ્રિશિયન, એસી રિપેરિંગ કરનાર અને શ્રમિકોએ પાસ ખરીદી કર્યાનું સામે આવ્યું છે.

આ મામલે પોલીસે આરોપી અમિત મોટવાણી સહિત ૧૧ની ધરપકડ કરી છે. હાલમાં પોલીસ આ મામલે વધુ તપાસ હાથ ધરી રહી છે.

લોકડાઉનના કારણે લોકોને વતનમાં પહોંચાડવા માટે સરકાર દ્વારા પાસ ઈશ્યૂ કરવામાં આવે છે. આ પહેલા પણ રાજકોટમાં શ્રમિકોને બોગસ પાસ કાઢી આપનાર ત્રણ શખ્સોની પોલીસે ધરપકડ કરી હતી. આ શખ્સો લોકો પાસેથી ૪ હજાર રૂપિયા લઈને પાસ કાઢી આપવાની ખાતરી આપતા હતા.

જેને લઈને પોલીસે દિપેન કોટેચા, સંજય મકવાણા અને ગૌરાંગ દવે નામના શખ્સોની અટકાયત કરી હતી. સંજય મકવાણા ઈ-પાસ કાઢીને આપવાના નામે રૂપિયા ઉઘરાવતો હતો. આરોપી સંજય મકવાણાએ વ્હોટ્સએપમાં સ્ટેટસ પણ રાખ્યુ હતુ. વોટ્સએપ પર દસ્તાવેજ મોકલીને સંજય પાસ કાઢી આપતો હતો.

ચુડાસ્મા પોતાના પદ પર રહી શકશે,સુપ્રિમે ચૂંટણી પંચને નોટિસ મોકલી

ભૂપેન્દ્રસિંહને સુપ્રીમ કોર્ટે આપી મોટી રાહતઃ હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે

ન્યુ દિલ્હી/ગાંધીનગર

ગુજરાતની ધોળકા સીટ પર ૨૦૧૭મા થયેલી વિધાનસભા ચૂંટણીને ગુજરાત હાઈકોર્ટે રદ્દ કરી હતી, જેને લઈને ભુપેન્દ્રસિંહ ચુડાસમા સુપ્રીમ કોર્ટ ગયા હતા, જ્યા આજે આ મામલે સુનાવણી થઈ હતી અને સુપ્રીમ કોર્ટે ભુપેન્દ્રસિંહ ચુડાસમાને મોટી રાહત આપી છે અને હાઈકોર્ટના નિર્ણય પર સુપ્રીમ કોર્ટે સ્ટે મૂકી દીધો છે. એટલે ભુપેન્દ્રસિંહ ચુડાસમા હાલમાં તો શિક્ષણમંત્રી તરીકે કાર્યરત રહેશે જ. આ સિવાય સુપ્રીમ કોર્ટ ચૂંટણી પંચના જવાબદાર અધિકારીઓને નોટિસ પણ મોકલી છે. હવે આગામી દિવસોમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

૧૨ મેના રોજ ગુજરાત સરકારના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને મોટો ઝટકો લાગ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે ધોળકા બેઠક પર થયેલી વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીને રદ્દ કરી દેવાનો આદેશ કર્યો હતો. ૨૦૧૭મા થયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા માત્ર ૧૫૦ મતે જીત્યા હતા. આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન થઈ હતી કે પોસ્ટલ બેલેટમાં ગરબડ કરી ભુપેન્દ્રસિંહને જીતેલા જાહેર કર્યા છે, તેથી તેમની ચૂંટણી રદ્દ કરી દેવામાં આવે. ભુપેન્દ્રસિંહ સામે થયેલી પિટિશન અરજી ફગાવી દેવામાં આવે તેવી માગણી કરતી અરજી ભુપેન્દ્રસિંહ દ્વારા ૨૦૧૮મા થઈ હતી. ત્યારે ગુજરાત હાઈકોર્ટે ધોળકા વિધાનસભાની ચૂંટણી રદ્દ ગણી હતી.

સુપ્રીમ કોર્ટના સ્ટે બાદ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પોતાના ટ્વીટર પર સત્યમેવ જયતે લખીને કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલને જવાબ આપ્યો હતો. ચૂકાદા બાદ ભૂપેન્દ્રસિંહે ટ્વીટર પર લખ્યું હતું કે, "સુપ્રીમ કોર્ટમાં સ્ટે મળી ગયેલ છે. સત્યમેવ જયતે."

બે શિફ્ટની નોકરી બાદ ૨૪ કલાકનો આરામ રહેશે

અમદાવાદ પો.કમિશ્નરનો મોટો નિર્ણયઃ જવાનો ત્રણ શિફ્ટમાં કામ કરશે

અમદાવાદ

રાજયમાં કોરોના વાયરસની વૈશ્વિક મહામારી ચાલી રહી છે. ગુજરાતના અમદાવાદમાં તો કોરોના વાયરસનો રાફડો ફાટ્યો છે. ત્યારે શહેરના અમુક વિસ્તારો રેડ ઝોનમાં મૂકવામાં આવ્યા છે. બીજી બાજુ શહેરની રક્ષા કરવા માટે કોરોના વોરિયર્સ બનીને કામ કરતા પોલીસ માટે આજે એક ખુશીના સમાચાર મળી રહ્યા છે. અમદાવાદમાં કોરોનામાં ખડેપગે રહેનાર પોલીસ જવાનો માટે રાહતના સમાચાર છે. હવેથી પોલીસ જવાનો ત્રણ શિફ્ટમાં કામ કરશે. જેમાં બે શિફ્ટની નોકરી બાદ ૨૪ કલાકનો આરામ રહેશે. અગાઉ ૧૨-૧૨ કલાકની શિફ્ટમાં પોલીસકર્મી ફરજ બજાવતા હતા. તેથી પોલીસ કમિશનર આશિષ ભાટિયાનો નિર્ણય લીધો છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદમાં લોકડાઉન કડક બનાવવા માટે રેડ ઝોનમાં સૌથી મોટો પોલીસનો ખડકલો કરવામાં આવ્યો છે. લોકડાઉનમાં પોલીસ માટે અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર મળ્યા છે. આખરે પોલીસ કમિશનરે પોલીસ અધિકારીઓની વેદના સાંભળી હોય તેમ એક નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા જણાવ્યું હતું કે, પોલીસ જવાનો હવે ત્રણ શિફ્ટમાં કામ કરશે.

અત્યાર સુધી પોલીસના અધિકારીઓ બાર-બાર ક્લાકની બે શીફ્ટમાં પોતાની ફરજ બજાવતા હતા. પરંતુ નવા નિર્ણય પછી બે શિફ્ટની નોકરી બાદ પોલીસકર્મીઓને ૨૪ કલાકનો આરામ મળશે. પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ મહત્વપૂર્ણ નિર્ણય લેતા પોલીસના અધિકારીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. કમિશનરના નિર્ણયથી પોલીસ બેડામાં આનંદનો માહોલ છવાયો છે અને તેમના નિર્ણયને વધાવ્યો છે.

લોકડાઉનનો ભંગઃ ભૂજમાં ફાર્મ હાઉસમાં લગ્ન સમારોહ યોજાતા પોલીસ ફરિયાદ

ભૂજ

કોરોના વાયરસના મહામારી વચ્ચે રાજ્ય સરકાર કડક લોકડાઉનનું પાલન કરાવવા માટે ધમપછાડા કરી રહ્યું છે. કડક લોકડાઉનનો બૂગીયો ફૂંકતી ગુજરાત સરકારની એક પછી એક ઘટનામાં હવે હવા નીકળી રહી છે. ગઈકાલે પંચમહાલ બાદ ભૂજ તાલુકાના ભુજોડી ફાર્મ હાઉસમાં લગ્ન સમારોહ યોજાયો હતો. જેમાં સરકારના કડક લોકડાઉનના નિયમના ધજાગરા ઉડ્યા હતા. તેવી પંચમહાલ બાદ ભુજમાં એક ઘટના સામે આવી છે.

ભુજ તાલુકાના ભુજોડી ફાર્મ હાઉસમાં લગ્ન સમારોહ યોજાયો હતો. લોકડાઉન સ્થિતિના કારણે મામલતદાર પાસે લગ્નની મજુરી લેવામાં આવી હતી. ભુજ મામલતદાર દ્વારા બંને પક્ષના ૫૦ લોકોને મજુરી આપવામાં આવી હતી. પરંતુ મજુરી કરતા વધારે લોકોએ લગ્ન પ્રસંગમાં હાજરી આપી હતી. સાથે જ લગ્ન પ્રસંગ આવેલા લોકો સામાજિક અંતર અને માસ્ક નહી પહેરતા પોલીસે કાર્યવાહી કરી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ભુજના ભુજોડી નજીક આવેલ ડ્રીમ રિસોર્ટમાં લગ્ન પ્રસંગ સમારોહ ચાલી રહ્યો હતો. લગ્ન પ્રસંગમાં મંજુરી કરતા વધારે લોકો હાજરી આપી હતી. સાથે જ લગ્ન પ્રસગમાં ઉપસ્થિત લોકો માસ્ક પણ પહેર્યું ન હતુ, જેથી સામાજિક અંતર નિયમોનું પાલન થતું ન હોવાની પોલીસ જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોચી કાર્યવાહી કરી હતી. લગ્ન પ્રસંગમાં ૫૦ લોકોને ઉપસ્થિત રહેવા માટે મજુંરી આપવામાં આવી હતી. પોલીસે તપાસ કરતા ૭૬ લોકો લગ્ન પ્રસંગમાં હાજર જોવા મળતા લગ્નપ્રસંગ મજુંરી લેનાર સામે કાર્યવાહી કરવામાં આવી છે. હાલ પોલીસે જાહેરનામાં ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવી છે.

વતન જવા માટે વસ્ત્રાલમાં હજારોની સંખ્યામાં પરપ્રાંતિયોની ભીડ ઉમટી

અમદાવાદ

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ ગુજરાતમાં ફસાયેલા પરપ્રાંતિયોને ટ્રેન, બસ અને ખાનગી વાહનોમાં પાસ સિસ્ટમથી તેમના વતન મોકલવાની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે વસ્ત્રાલમાં વતન જવા માટે હજારોની સંખ્યામાં પરપ્રાંતિય શ્રમિકોની ભીડ ઉમટી છે. મજૂરો અને કામદારો પોતાના સામાન અને પરિવાર સહિત પહોંચી વસ્ત્રાલમાં એકઠા થઈ ગયા છે. જેમને વતન મોકલવા માટે બોલાવ્યા છે તે સિવાયના લોકો પણ આવી જતા રોડ પર લાંબી લાઈન લાગી ગઈ છે.

વસ્ત્રાલમાં મોટી સંખ્યામાં પરપ્રાંતિય શ્રમિકો અને કામદારો ઉમટી પડ્યા છે. જે છેલ્લા કેટલાય દિવસોથી તેમના વતન જવા માટેની રાહ જોઈ રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા જે લોકો મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે તેથી પણ વધુ પ્રમાણમાં લોકો પહોંચી અમદાવાદ શહેર પોલીસને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કોરોનાને અટકાવવા માટે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન જરૂરી છે છતાંય આટલી મોટી ભીડના કારણે કોરોનાનો વ્યાપ વધી શકે છે.

પોલીસ દ્વારા સમજાવવા છતાં શ્રમિકો માનવા માટે તૈયાર નથી.રામોલ પીઆઈના જણાવ્યાનુસાર ૭ હજારથી વધુ લોકોને મોકલવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે લોકો નથી જાણતા કે ઓનલાઈન ફોર્મ કેવી રીતે ભરવું અને કેવી રીતે મંજૂરી મેળવવી તે લોકો પણ અહીંયા આવી પહોંચ્યા છે જેથી મોટી સમસ્યા ઉભી થઈ છે. ટોકનવાળા લોકો સાથે ટોકન વગરના લોકો પણ જવાનો પ્રયાસ કરી રહ્યાં છે. શ્રમિકો અને કામદારોના સુપરવાઈઝર અને કારખાના માલિકોને અપીલ છે કે તેઓ વતન જવા માંગતા શ્રમિકો અને કામદારોના ઓનલાઈન ફોર્મ ભરીને ટોકન મેળવીને મોકલવાની વ્યવસ્થા કરવી જોઈએ.

વંદે ભારત મિશન અંતર્ગત

વિદેશથી ૧૪ સ્પેશિયલ ફ્લાઈટ દ્વારા ૨ હજારથી વધુ પ્રવાસીઓ અમદાવાદ ફરશે પરત

અમદાવાદ

વંદે ભારત મિશન અંતર્ગત વિદેશમાં ફસાયેલા ભારતીયોને સ્વદેશ પરત લાવવાના મહાઅભિયાનનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે. જેના ભાગરૂપે કુવૈતથી ૧૭૭, લંડનથી ૩૭૪ એમ કુલ ૫૫૧ વિદ્યાર્થીઓ અમદાવાદ આવી પહોંચ્યા હતા. હવે ૩૦ મે સુધીના બીજા તબક્કામાં વિદેશથી ૧૪ ફ્લાઈટમાં ૨ હજારથી વધુ ભારતીયો અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આગમન કરશે.

બીજા તબક્કામાં અમેરિકાથી ૩, યુકે નના ક્વિવ, ફ્રાન્સ, કેનેડાના ટોરન્ટો, જયોર્જિયાના ટિબ્લિસી, રશિયાના મોસ્કો, બેલારસના મિન્સ્ક, સિંગાપોર, ઓસ્ટ્રેલિયાના સિડની, લંડન, ઈન્ડોનોશિયાના જકાર્તા, મલેશિયાથી ૧-૧ ફ્લાઈટનો સમાવેશ થાય છે.આ ફ્લાઈટથી ૨ હજારથી વધુ મુસાફરો અમદાવાદમાં આગમન કરે તેવી સંભાવના છે.

બીજા તબક્કામાં અમદાવાદ જે ફ્લાઈટ આવવાની છે તેમાં સૌથી વધુ ૩ અમેરિકાની છે. અમેરિકાની ૧ ફ્લાઈટ શિકાગોથી આવશે જયારે અન્ય બે ફ્લાઈટ ક્યાંથી રવાના કરાશે તેના અંગે હવે નિર્ણય લેવાશે. અગાઉ મંગળવારે વહેલી સવારે મનિલાથી ૧૩૭, અમેરિકાથી ૧૦૭ એમ કુલ ૨૪૪ વિદ્યાર્થીઓનું અમદાવાદમાં આગમન થયું હતું.

વિદેશમાં ફસાયેલા ભારતીય મુસાફરો માટે જૂનમાં ત્રીજો તબક્કો પણ શરૂ કરવામાં આવે તેવી સંભાવના છે. દરમિયાન ગુરુવારે મોડી રાત્રે કુવૈતથી ૧૭૭ જ્યારે રાત્રે ૨:૫૭ના લંડનથી ૩૭૪ મુસાફરો સાથેની ફ્લાઈટ અમદાવાદ આવી હતી. આ તમામ ૫૫૧ વિદ્યાર્થીઓનું સઘન મેડિકલ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેમના દ્વારા પસંદગી અપાયેલા જિલ્લાઓમાં સીધા જ એરપોર્ટથી રવાના કરાયા હતા.

તસ્કરોએ પાનબીડી,તમાકુની ચોરી કરી દુકાનને આગ ચાંપી

જૂનાગઢ

વેરાવળના બસસ્ટેન્ડ સામે જ્યોતિ સેલ્સ નામની પાનબીડી અને તમાકુની દુકાનમાં ગત રાત્રે તસ્કરોએ હાથફેરો કર્યો હતો. તસ્કરોએ સોપારી, ગુટખા, તમાકુના જથ્થાની ચોરી કરી હતી. ચોરી કર્યા બાદ તસ્કરોએ દુકાનમાં આગ ચાંપી દીધી હતી. આવું દુકાન માલિકનું કહેવું છે. સવારે ૫.૩૦ વાગે દુકાનની પાછળ રહેતા લોકોને ધૂમાડાથી ગુંગળામણ થતા બહાર દોડી આવ્યા હતા. બહાર આવી જોતા દુકાનમાંથી ધૂમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા. બાદમાં ફાયર ફાઈટરને જાણ કરી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગની ઘટનાના પગલે પોલીસ પણ દોડી આવી હતી અને આગનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

ભાવનગરમાં વધુ એક કોરોનાગ્રસ્તનું મોતઃ મૃત્યુઆંક આઠએ પહોંચ્યો

રાજકોટ

ભાવનગરમાં વધુ એક કોરોનાગ્રસ્ત વૃદ્ધનું મોત થતા મૃત્યુઆંક ૮ થયો છે. ભાવનગરના વડવા પાદર દેવકી ચબુતરા પાસે રહેતા ઈકબાલભાઈ ઉસ્માનભાઈ મેમણ (ઉ.વ.૭૨)નો૧૪મેના રોજ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

આથી તેઓને આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે, સારવાર દરમિયાન આજે તેનું મોત નીપજયું છે. રાજકોટમાં લેવાયેલા ૭૨ સેમ્પલમાંથી ૫૨ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે જ્યારે ૧૯ રિપોર્ટ આવવાના બાકી છે.

બાપ-દીકરો પૈસા ઉપાડવાના બહાને કારમાં ફરવા નિકળ્યાઃ અંતે ઝડપાયા

અમદાવાદ સરખેજમાં રહેતા પિતા-પુત્ર પૈસા ઉપાડવાના બહાને બહાર નીકળ્યા હતા અને કારમાં ફરીને વિડીયો ઉતાર્યો હતો જેમાં તેઓ જણાવી રહ્યા હતા કે અમે પિતા-પુત્ર અમદાવાદમાં લોક ડાઉનમાં ફરી રહ્યા છીએ. આ વીડિયો વાયરલ થતાં સરખેજ પોલીસે વીડિયોમાં દેખાતા પિતા-પુત્રને શોધી કાઢીને તેમની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પકડાયેલા આરોપીઓમાં સરખેજ ગામમાં રહેતા અકબરભાઈ ઈસ્માઈલભાઈ મહંમદભાઈ સિંધી તેમજ ફતેવાડી ખાતે રહેતા સિકંદર ભાઈ અકબરભાઈ સિંધીનો સમાવેશ થાય છે.

એપ્રિલની જેમ મે મહિનામાં પણ કરાશે વિનામૂલ્યે અનાજ વિતરણ

ગાંધીનગર

કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અંગેની માહિતી આપતા સીએમના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું કે, 'કોરોના લોકડાઉનના સમય દરમિયાન એપ્રિલ મહિનામાં રાજ્યના NFSA કાર્ડ ધરાવતા લગભગ ૬૬ લાખ કુટુંબો અને એવા BPL પરિવારો કે જેમનો સમાવેશ જે તે વખતે NFSAમાં થયેલ નથી એવા લગભગ ૩ લાખ કુટુંબો મળીને ૬૯ લાખ પરિવારોને રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ મહિનામાં વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ ભારત સરકારની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત NFSA કુટુંબોને વ્યક્તિદીઠ ૩ કિલો ઘઉં અને દોઢ કિલો ચોખા વધારાના ૨૫થી ૩૦ એપ્રિલ દરમિયાન આપવામાાં આવ્યા હતા. તેવી જ રીતે મે મહિનામાં પણ વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવામાં આવશે.'

અનાજ વિતરણની માહિતી આપતા અશ્વિની કુમારે જણાવ્યું કે, દ્વજીછ કાર્ડ ધરાવતા ઘઉં, ચોખા, દાળ, ખાંડ અને મીઠું મે મહિનામાં પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે આ ઉપરાંત ભારત સરકારની ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત NFSA કાર્ડ ધારકોને વ્યક્તિદીઠ વધારાના ૩.૫ કિલો ઘઉં અને દોઢ કિલો ચોખા આ વિતરણની સાથે આપવામાં આવશે. સમગ્ર અનાજ વિતરણ ૧૭થી ૨૭ મે દમિયાન અનાજ વિતરણની કામગીરી પૂર્ણ કરવાની રહેશે જેના માટે અગાઉ કરેલી વ્યવસ્થા મુજબ રેશનકાર્ડના છેલ્લા આંકડા મુજબ અનાજનું વિતરણ કરવામાં આવશે. અમદાવાદમાં વિશિષ્ટ કારણોસર અનાજ વિતરણની આ વ્યવસ્થા લાગુ પડશે નહીં. જેથી અમદાવાદમાં APL-1 કાર્ડધારકો માટે અલગથી તારીખ નક્કી કરવામાં આવી છે. જે મુજબ ૧૮થી ૨૩ મે દરમિયાન અમદાવાદમાં વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવશે.

રાજ્યમાં ચોમાસાની શરૂઆત ૨૧મી જૂનથી થશે, ૯૬થી ૧૦૪ ટકા વરસાદની સંભાવના

ગાંધીનગર

કોરોના મહામારી વચ્ચે ગુજરાતમાં ચોમાસાની શરૂઆતની જાહેરાત કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ચોમાસું ક્યારે બેસશે અને ક્યા સુધી રહેશે તેને લઈને આગાહીઓ કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટરે આજે ગુજરાતમાં સારા ચોમાસાના સંકેત આપ્યા છે. હવામાન વિભાગે જણાવ્યું કે ગુજરાતમાં ચોમાસાની શરૂઆત ૨૧મી જૂનથી થશે. રાજ્યમાં ત્યારથી વિવિધત રીતે ચોમાસું શરૂ થશે. આ વખતે વૈશ્વિક મહામારી અને બીજા અનેક પરિબળો અસર કરી ગયા છે. આ વર્ષે ગુજરાત સહિત દેશના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં ૯૬ થી ૧૦૪ ટકા જેટલો વરસાદ થવાની સંભાવના છે.

ત્યારે હવામાન વિભાગે કહ્યું કે રાજ્યમાં ૨૧મી જૂનથી ચોમાસું શરૂ થશે અને એક સપ્તાહ ચોમાસું પાછળ ધકેલાયું છે. સામાન્ય રીતે જૂનના પહેલા કે બીજા અઠવાડિયામાં ચોમાસું ગુજરાતમાં બેસી જતું હોય છે. પરંતુ આ વખતે ચોમાસું મોડું છે. સાથે એવું પણ જણાવ્યું કે ગુજરાતમાં ચોમાસું એક સપ્તાહ પાછળ ધકેલાયું છે, તો વિદાય પણ મોડું લેશે. આમ હવામાન વિભાગે ગુજરાત સહિત આજે ભારતમાં ચોમાસા અંગે જાહેરાત કરી હતી. ચાલું વર્ષે કોરોના મહામારી વચ્ચે હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વર્ષે ચોમાસું સામાન્ય રહેશે. ૧૬મે સુધીમાં આંદામાન પર ચોમાસું બેઠા પછી ૧ જૂન સુધીમાં કેરળમાં પણ ચોમાસું બેસી જાય તેવી ધારણા છે. મુંબઈ ખાતે ૧૧ જૂન સુધીમાં પહોંચનારો વરસાદ ૨૭ જૂન સુધીમાં દિલ્હી પહોંચી જાય તેવા પણ સંકેત છે.

ફેરિયા-વેપારીનું હેલ્થ કાર્ડ ચેક કરીને જ ખરીદી કરો

અમદાવાદમાં ૭૦૦ સુપર સ્પ્રેડરના કોરોના રિપોર્ટ પોઝિટિવ

અમદાવાદમાં આગામી બે-ત્રણ દિવસમાં સ્થિતિ સામાન્ય બની જશેઃ ડો.રાજીવ ગુપ્તા

અમદાવાદ

અમદાવાદમાં આજથી શાકભાજી-કરિયાણા સહિતની દુકાનો ખુલી ગઈ છે. કોર્પોરેશનની અનેક જાહેરાતો અને સલાહો છતાં પણ આજે શાકભાજી અને કરિયાણું લેવા માટે લોકોએ પડાપડી કરી હતી. અને સામાજિક અંતરનું કોઈએ પણ ધ્યાન ન રાખ્યું હતું. તેવામાં અમદાવાદમાં સંપુર્ણ લોકડાઉન સમયે ૩૩ હજારથી વધારે સુપરસ્પ્રેડર્સનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૭૫૦ જેટલાં સુપર સ્પ્રેડર્સને કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું.

અમદાવાદમાં વિજય નહેરા હોમ ક્વોરન્ટાઈન થયા બાદ અમદાવાદમાં કોવિડ ૧૯નો ચાર્જ ડો. રાજીવ ગુપ્તાને સોંપાયો હતો. સુપર સ્પ્રેડર્સને કારણે કોરોના ફેલાતો હોવાથી તેઓએ ચાર્જ સંભાળતાની સાથે જ ૧૫ મે સુધી શાકભાજી અને કરિયાણાની દુકાનો બંધ કરાવી દીધી હતી. અને શહેરમાં તમામ શાકભાજી અનેક કરિયાણા સહિતનાં સુપર સ્પ્રેડર્સના ટેસ્ટ માટેનો આદેશ આપ્યો હતો.

આજે ડો.રાજીવ ગુપ્તાએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં આગામી બે-ત્રણ દિવસમાં સ્થિતિ સામાન્ય બની જશે. છેલ્લા અઠવાડિયામાં શહેરમાં ૩૩૫૦૦ જેટલા સુપર સ્પ્રેડરોનું મેડિકલ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે. જેમાં ૧૨૫૦૦ જેટલા સુપર સ્પ્રેડરનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. જેમાં ૭૫૦ જેટલાં ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. આ સાથે તેઓએ કહ્યું હતું કે, જે વિક્રેતાઓ પાસે હેલ્થ સ્ક્રીનિંગ કાર્ડ હોય તેની પાસેથી જ ખરીદી કરો. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરો.

રાજકોટમાં વધુ ૧૧ કેસ પોઝિટિવઃ ૫૦ ટકાથી વધુ યુવાનો બન્યા શિકાર

રાજકોટ

રાજકોટ શહેરમાં કોરોના વધુ ૧૧ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. સમરસ હોસ્ટેલ ખાતે ફેસિલિટી ક્વોરોન્ટીનમાં રાખવામાં આવેલ ૧૧ દર્દીને કોરોના લક્ષણ જણાતા સેમ્પલ લઈ ચકાસણી કરતા ૧૧ દર્દીના રિપોર્ટ પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે.

જેમાં ૨ વર્ષના બાળકથી લઈ ૫૦ વર્ષના આધેડ સહિત ૧૧ના કોરોના પોઝિટિવ જાહેર થયા જેમાં ૮ પુરુષ અને ૩ મહિલાનો સમાવેશ થાય છે જે તમામ જંગલેશ્વર વિસ્તારના મદીના પાર્કના રહેવાસી છે. હાલ રાજકોટ શહેરમાં કોરોના પોઝિટિવ કેસ સંખ્યા ૭૪ પર પહોંચી છે.

રાજકોટમાં કુલ ૩ કન્ટેનમેન્ટ એરિયા છે જેમાં જંગલેશ્વર, રાજલક્ષ્મી અને ક્રિષ્નાજીત સોસાયટીનો સમાવેશ થાય છે. જંગલેશ્વર વિસ્તારમાં ૭૧૦૮ ઘર છે જેમાં કુલ ૪૧૨૨૪ લોકોની વસ્તી છે. રાજલક્ષ્મી સોસાયટીમાં ૬૨૭ ઘર છે જેમાં ૩૦૧૨ લોકોની વસ્તી છે, જ્યારે ક્રિષ્નાજીત સોસાયટીમાં ૧૦૧ ઘર આવેલા છે, જેમાં ૪૭૫ લોકોની વસ્તી છે.

લૉકડાઉનમાં કામ બંધ હોવાથી આર્થિક તાણ અનુભવતા યુવાને આપઘાત કર્યો

સુરત

કોરોના વાયરસ લઈને ચાલી રહેલા લૉકડાઉન વચ્ચે દરરોજ કમાઈને દરરોજ ખાતા પરિવારની હાલત દયનીય બનતી જાય છે. સતત બે મહિના વેપાર રોજગાર બંધ હોવાને લઈને પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. પરિવારનું ગુજરાન ચલાવતા મુશ્કેલ બનતા સુરતમાં પ્લમ્બરનું કામ કરતા યુવાને આર્થિકભીંસના કારણે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. જેના કારણે પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

કોરોના વાયરસનું સંક્રમણ અટકાવા માટે તંત્ર દ્વારા લૉકડાઉન આપવામાં આવ્યુ છે. તેવામાં વેપાર ઉદ્યોગ બંધ હોવાને દરરોજનું કમાઈને ખાવા વાળા વર્ગની હાલત બગડી રહી છે. ત્યારે આર્થિક સંકડામણ લઈને આપઘાતની ઘટના સામે આવી રહી છે. લિંબાયતમાં ન્યુ દ્વારકેશનગર સોસાયટીમાં રહેતા ૩૭ વર્ષીય અશોકભાઈ ભિવાભાઈ કોળી મૂળ મહારાષ્ટ્રના જલગાંવના વતની છે અને હાલમાં સુરતમાં પ્લમ્બરનું કામ કરીને પરિવારનું ભરણપોષણ કરતા હતા. જોકે લાંબા સમયથી ચાલી રહેલા લૉકડાઉનના લીધે કામકાજ બંધ હતું. જેને કારણે તેમને નાણાકીય તકલીફ પડતી હોવાથી ઘર ચલાવવામાં પણ મુશ્કેલી પડતી હતી.

લૉકડાઉન દરમિયાન સેવાભાવી સંસ્થા કે પાલિકા દ્વારા ફુડ પેકેટ કે જમવાનું તેમના પરિવારના સભ્યોને આપતા હતા તે ભોજન કરીને દિવસ ગુજારતા હતા પણ છેલ્લા દસ-પંદર દિવસ સુધી તેમને નિયમિત ભોજન કે ફૂડ પેકેટ મળતું ન હોવાથી તેમના પરિવારની હાલત કફોડી બની ગઈ હતી. જેના લીધે સતત ટેન્શનમાં રહેતા હતા. પરિવારને જમવાનું મળતું ન હોવાને લઈને માનસિક તાણ અનુભવતા આ યુવાન ગઈકાલે રાત્રે તેમની પત્ની રોટલી બનાવવા માટે લોટ લેવા માટે ગયા હતા તે સમયે તે ઘરમાં એકલા હોવાથી લોખંડની ગ્રીલ સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

ગેંગસ્ટર મુકેશ હરજાણીની હત્યાનો મુખ્ય આરોપી ઝડપાયો

વડોદરા

લોકડાઉનનો ફાયદો ઉઠાવી સયાજી હોસ્પિટલમાંથી મોડી રાત્રે કુખ્યાત ગેંગસ્ટર મુકેશ હરજાણીની હત્યામાં સંડોવાયેલ આરોપી જામાની પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા બાદ ગણતરીના કલાકોમાં જ દાહોદ જિલ્લાના ઝાલોદમાંથી ઝડપાઈ ગયો છે. આરોપીને કોરોના ટેસ્ટ માટે હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો. હાથકડી સાથે ફરાર થઈ ગયેલા આરોપીને ઝડપી પાડવા માટે શહેર-જિલ્લા પોલીસે તપાસ શરૂ કરી હતી. જોકે ઝાલોદ પોલીસે આરોપીને ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરાના સવાદ ક્વાર્ટર્સ, કાળકા માતાના મંદિર પાસે રહેતા અનિલ ઉર્ફે એન્થોની મુલચંદ ગંગવાણી અને તેના ચાર સાગરીત કૌશલ્ય શિવચરણ મિશ્રા, ઈકબાલ ઉર્ફ બબલુ લિયાકતઅલી સૈયદ અને સંજય દીપક રાઠવાની તા.૭ મેના રોજ છાણી રોડ રામાકાકાની ડેરી પાસેથી છાણી પોલીસે લોકડાઉન ભંગના ગુનામાં ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન છાણી પોલીસે જે પૈકી અનિલ ઉર્ફે એન્થોની વડોદરા તાલુકા પોલીસ અને સાવલી પોલીસ મથકમાં વિદેશી દારૂના ગુનામાં વોન્ટેડ હોવાથી તેણે તાલુકા પોલીસના હવાલે કર્યો હતો. તાલુકા પોલીસે તેના રિમાન્ડ મેળવી પૂછપરછ હાથ ધરી હતી. બાદમાં તા.૧૨ મેના રોજ સાવલી પોલીસે અનિલનો કબજો મેળવ્યો હતો. અને સાવલી પોલીસ મથકના મેહુલભાઈ અને કંચનભાઈના જામા સાથે સયાજી હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ કરવા માટે મોકલી આપ્યો હતો.

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ૮ દર્દીઓ સ્વસ્થ થતા રજા અપાઈ

બનાસકાંઠા

બનાસકાંઠામાં શુક્રવારે વધુ ૮ દર્દીઓ કરોનાને માત આપી સ્વસ્થ થયા છે. પાલનપુર કોવિ ડ હોસ્પિટલમાંથી આઠ દર્દીઓ સ્વસ્થ થતા તેઓને હોસ્પિટલના ડોક્ટર્સ અને સ્ટાફે તાળીઓના ગડગડાટ સાથે વિદાય આપી હતી, અત્યાર સુધી કુલ ૪૯ દર્દીઓ સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

રેડ ઝોનમાં આવેલા બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે વધુ ૮ દર્દીઓ કોરોનાને માત આપી સ્વસ્થ થયા છે. ત્યારે જિલ્લાના ૧૪ માંથી ૧૧ તાલુકા કોરોના ગ્રસ્ત થયા હતા જેમાં સુરતથી આવેલા પાંચ વર્ષિય બાળકને સૌપ્રથમ કોરોના પોઝિટિવ હોવાનું માલુમ પડ્યું હતું અને ત્યારબાદ અત્યાર સુધી કુલ ૮૫ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. જે તમામને પાલનપુર કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જે ૮૫ કેસો નોંધાયા છે તેમા ૧૫ બહારથી આવેલા જ્યારે ૭૦ લોકલ સંક્રમણના કારણે કોરોના ગ્રસ્ત થયા હતા. જેમાં અત્યાર સુધી સારવાર દરમિયાન ત્રણ લોકોના મોત થયા છે જ્યારે શુક્રવારે પાલનપુર કોવિડ હોસ્પિટલમાંથી આઠ દર્દીઓ સ્વસ્થ થતા તેઓને હોસ્પિટલના ડોક્ટર્સ અને સ્ટાફે તાળીઓના ગડગડાટ સાથે વિદાય આપી હતી. અત્યાર સુધી ૪૯ દર્દીઓ હોસ્પિટલમાંથી સ્વસ્થ થયા છે.

રાજ્યમાં ૧૧થી ૨૩મે સુધી દરિયામાં હુમલાની આશંકાઃ કોસ્ટગાર્ડનું એલર્ટ

અમદાવાદ

વૈશ્વિક બિમારી કોરોના વાયરસના કહેર વચ્ચે પણ દુશ્મનો પોતાની મુરાદો પાર પાડવા માટે હવે ગુજરાતને ટાર્ગેટ બનાવી રહ્યા હોય તેવી એક ઘટના સામે આવી છે. આજે પોરબંદરમાં ફિશરીઝ કચેરીએ માછીમારો માટે એક એલર્ટ જાહેર કર્યું છે.

આ એલર્ટ પ્રમાણે દરિયામાંથી ઘૂષણખોરી અને આતંકી પ્રવૃત્તિના સંકેત દર્શાવવામાં આવ્યા છે. ગુજરાતના લાંબા દરિયાઈ માર્ગે ઘૂષણખોરીની આશંકા વ્યક્ત કરાઈ છે. જેના કારણે કડક સુરક્ષા વ્યવસ્થાનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. દરિયાઈ માર્ગના તમામ લેન્ડિંગ પોઈન્ટની સુરક્ષા વધારાઈ દેવામાં આવી છે. બીજી બાજુ શંકાસ્પદ હિલચાલ અંગે પણ જાણ કરવા સૂચના આપી દેવામાં આવી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, પોરબંદરની ફિઝિરીઝ કચેરી દ્વારા આજે માછીમારોને એલર્ટ કરી દેવામાં આવ્યો છે. રાજ્યમાં કોઈ અનિચ્છનીય મોટી ઘટનાને લઈને એલર્ટ જાહેર કરાયું છે. ફિઝિરીઝ કચેરી દ્વારા માછીમારોને દરિયામાંથી ઘુષણ ખોરી અને આતંકી પ્રવૃત્તિના સંકેત મળતા તેઓને દરિયામાં ન જવા માટે પણ સંકેત આપ્યા છે. દરિયાઈ માર્ગે આતંકીઓની ઘુષણખોરી હોવાની કોસ્ટગાર્ડને શંકા પડતા તમામ લેન્ડિંગ પોઈન્ટ અને દરિયાઈ સુરક્ષા વધારી દેવામાં આવી છે. માછીમારોને NIBL નજીક ના જવા પણ અપીલ કરાઈ છે. માછીમારો અને લોકોને કોઈ અજાણી બોટ કે આતંકી જેવી કોઈ પણ પ્રવૃત્તિ દેખાય તો તાત્કાલિક જાણ કરવા સૂચના આપી દેવામાં આવી છે. એકબાજુ કોરોના બીજીબાજુ આતંકી હુમલાની દહેશતના કારણે તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે.

ગુજરાતમાં પ્રથમવાર ખેડૂતોને ૩ દિવસ ઓનલાઈન તાલીમ અપાઈ

બનાસકાંઠા

કોરોનાને લીધે બનાસકાંઠામાં સંપૂર્ણ લોકડાઉનની સ્થિતીમાં કૃષિવિજ્ઞાન કેન્દ્ર ડીસા ધ્વારા 'મશરૂમની ખેતી પધ્ધતિ પર ત્રિદિવસીય' ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત રાજયના જુદા જુદા ૧૭ જિલ્લાઓમાંથી કુલ ૧૧૦ જેટલાં ખેડૂતોએ ભાગ લીધો છે. ટેકનોલોજીના યુગમાં ખેડૂતોને તાલીમ લેવા માટે દેશમાં સૌપ્રથમ વાર ત્રિદિવસીય ઓનલાઈન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યારે સમગ્ર દેશમાં લોકડાઉન છે, ત્યારે ખેડૂતો ઘરે બેઠા એગ્રીકલ્ચર ક્ષેત્રમાં નવી ટેકનોલોજી, પદ્ધતિ અને સંશોધન વિશે માહિતગાર થાય તે માટે એક નવી પહેલ ડીસા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ધ્વારા કરવામાં આવી છે.જેમાં મશરૂમની ખેતી પદ્ધતિ પર ત્રણ દિવસ સુધી ખેડૂતોને તાલીમ આપવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્યના અલગ અલગ ૧૭ જિલ્લાઓમાંથી ૧૧૦ જેટલા ખેડૂતો, ગ્રામીણ યુવાનો અને મહિલા ખેડૂતોએ ઓનલાઈન ગુગલ મીટ એપના માધ્યમથી રજિસ્ટ્રેશન કરાવી ભાગ લીધો હતો.

ધંધુકા પોલીસે ચેકિંગ દરમ્યાન બસમાં મહિલાને પ્રસવપીડા હોવાથી હોસ્પિટલમાં લઈ જવા સમજાવ્યા

માનવતા મહેકીઃ પેટ્રોલિંગ કરતી પોલીસે બાળકને ખાનગી હોસ્પિટલમાં પહોંચાડી જીવ બચાવ્યો

અમદાવાદ

છેલ્લા ૨૪ કલાકમાં પોલીસની માનવતા અને લોકસેવાના બે કિસ્સા જોવા મળ્યા છે. એક ગીર સોમનાથા પ્રભાસ પાટણમાં નવજાત બાળકને વધુ સારવારની જરૂર હોય પેટ્રોલિંગ કરતી પોલીસ ટીમે પોતાના વાહનમાં બાળકને ખાનગી હોસ્પિટલમાં ખસેડી તેનો જીવ બચાવ્યો હતો. આવી જ રીતે ધંધુકા પોલીસે ચેકિંગ દરમિયાન વતન જઈ રહેલી મહિલાને પ્રસવપીડા થતાં તેને હોસ્પિટલ જવા સમજાવ્યા હતા અને બાદમાં એ મહિલા અને તેની નવજાત બાળકીને હેમખેમ વતન મોકલવાની વ્યવસ્થા પણ કરી હતી. ભાવનગરના ગારીયાધારથી આદિવાસી મજૂરોને લઈ મધ્યપ્રદેશના અલીરાજપુર જવા નીકળેલી બસમાં પ્રસવપીડાના દર્દથી હેરાન થઈ રહેલી મહિલાને ધંધુકા પોલીસે બરવાળા હાઈવે પર ચેકિંગ માટે રોકી હતી. બસમાં જ મહિલાને ડિલિવરી થઈ જાય તેવી પરિસ્થિતિ લાગતા પોલીસે મજૂરના પરિવારને સમજાવી અને તેમને હોસ્પિટલમાં લઈ ગઈ હતી. જ્યાં મહિલાએ એક પુત્રીને જન્મ આપ્યો હતો. અમદાવાદ જિલ્લા પોલીસવડા આર.વી અસારીએ મહિલાને બાળકી સાથે સહીસલામત મધ્યપ્રદેશ મોકલવાની વ્યવસ્થા કરી આજે વહેલી સવારે મધ્યપ્રદેશ પહોંચાડી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતુ.

લોકડાઉનમાં બરવાળા-ધંધુકા રોડ ઉપર આવેલ ઈસ્જી હોસ્પિટલ ચેકપોસ્ટ ઉપર બુધવારે મોડી રાતે ધંધુકા પોલીસ સ્ટેશનના PI વાય બી ગોહિલ અને તેમની ટીમ વાહન ચેકીંગ કરી રહી હતી. ભાવનગરના ગારીયાધારથી મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લામાં મજુરોને મુકવા માટે મંજૂરી લઈ જઈ રહેલી ખાનગી બસમાં મજુરોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું હતું. જેમાં કોન્સ્ટેબલ કુલદિપસિંહ દિલીપસિંહ ડાભીને ધ્યાને આવ્યું હતું કે બસમાં એક મહિલા ગર્ભવતી હોય અને તેને પ્રસવ પીડા થઈ રહી છે. જેથી મહિલાને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવા માટે પોલીસે કહ્યું હતું પરંતુ મજૂરોએ બસમાં જ રસ્તામાં ડિલિવરી કરાવી દેશે અમારે રોકાવુ નથી અમને માંડ મધ્યપ્રદેશ જવા પરમિશન મળી છે જેથી બસમાં જ અમે આ મહિલાને ડિલિવરી કરાવશું તેવું કહ્યું હતું પરંતુ ધંધુકા પોલીસે તેઓને સમજાવ્યા હતા કે આગળ બસમાં મુસાફરી કરવી માતા-બાળક માટે જોખમી છે.

મહિલાને હોસ્પિટલમાં લઈ ડિલિવરી થયા બાદ અમે તેઓને મધ્યપ્રદેશ મૂકી જવાની વ્યવસ્થા કરી આપીશું તેવી ખાતરી આપી હતી. ધંધુકા ઈસ્જી હોસ્પિટલમાં મોડી રાતે તેઓએ બાળકીને જન્મ આપ્યો હતો. માતા અને બાળકીની એકદમ તંદુરસ્ત હોવથી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામા આવ્યા હતા.

કચ્છમાં આવતા તમામ લોકોને ફરજીયાત ક્વોરન્ટાઈન કરવામાં આવશે

કચ્છ

ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકડાઉન ચાલી રહ્યું છે, ત્યારે કામ-ધંધા બંધ થઈ જતાં લોકો મોટી સંખ્યામાં પોતાના વતન પરત ફરી રહ્યા છે. કચ્છ જિલ્લામાં પણ મોટી સંખ્યામાં અન્ય રાજ્ય અને જિલ્લામાંથી લોકો પરત ફરી રહ્યા છે. ત્યારે કચ્છ જિલ્લા કલેક્ટરે આ અંગે મહત્વનું જાહેરનામું બહાર પાડ્યું છે.

કચ્છમાં રેલ માર્ગે અથવા રસ્તા માર્ગે પરમિશન સાથે આવતા તમામ લોકોને ફરજીયાત ક્વોરન્ટાઈન કરવામાં આવશે. બહારથી જિલ્લામાં આવનારા લોકોએ ફરજિયાત ૭ દિવસ સંસ્થાકીય ક્વોરન્ટાઈન અને ત્યાર બાદ ૭ દિવસ હોમ ક્વોરન્ટાઈન રહેવું પડશે. અન્ય રાજ્યો અને અન્ય જિલ્લાઓમાંથી કચ્છ તરફ મોટી સંખ્યામાં લોકો પ્રયાણ કરતા હોવાથી કચ્છના સ્થાનિકોની જીંદગી જોખમમાં ન મુકાય એ માટે કચ્છ કલેકટરે મહત્વ પૂર્ણ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

બેટ બનાવતી કંપની સ્પાર્ટને સચિન સાથે છેતરપિંડી કરી હોવાની વાત કબૂલી

મુંબઈ/મેલબર્ન

સચિન તેંડુલકર માત્ર એક મહાન ખેલાડી જ નહીં પરંતુ એક પ્રામાણિક વ્યક્તિ પણ છે અને તેથી જ આખી દુનિયામાં તેમનું ખૂબ માન છે. જોકે સ્પાર્ટન નામની ઓસ્ટ્રેલિયન કંપની, જેણે બેટ બનાવ્યપં હતું, સચિન તેંડુલકર સાથે તેણે છેતરપીંડિ કરી છે. પરંતુ હવે એવા સમાચાર આવ્યા છે કે તેણે પોતાની ભૂલ સ્વીકારી લીધી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સચિન તેંડુલકરે સ્પાર્ટન કંપની સાથે ચાલી



રહેલા કાયદાકીય મામલાને ઓસ્ટ્રેલિયાની ફેડરલ કોર્ટમાં પતાવ્યો છે. ૨૦૧૬ માં, સચિન સ્પાર્ટન માલના પ્રમોશન માટે કરાર કર્યો હતો. જોકે, આ પછી સચિને કંપની પર આરોપ લગાવ્યો હતો કે તે કરારમાં હાજર નિયમોનું પાલન નથી કરતો. ઉપરાંત, સ્પાર્ટન્સે સચિનને રોયલ્ટી અને સમર્થન ફી ચૂકવી ન હતી, જે બંને વચ્ચેના કરાર હેઠળ સમાધાન કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, સ્પાર્ટન કંપનીએ કરાર રદ થયા પછી પણ સચિનના નામનો ઉપયોગ ચાલુ રાખ્યો હતો. આ સમય દરમિયાન, સચિને મુંબઈ અને લંડનમાં સ્પાર્ટન માટે ઘણા પ્રમોશન પ્રોગ્રામ પણ કર્યા અને તે અન્ય સ્પોર્ટસ ગુડ્સ કંપનીઓ સાથે કરાર કરી શક્યો નહીં.

અંજુમ ખેલ રત્ન, જસપાલ રાણા દ્રોણાચાર્ય એવોર્ડ માટે નોમિનેટ



ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય રાઇફલ ફેડરેશન ઓફ ઇન્ડિયા (એનઆરએઆઈ)એ દેશના સર્વોચ્ચ રમત-ગમત એવોર્ડ રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ માટે મહિલા રાઇફલ શૂટર અંજુમ મોડગિલનું નામ મોકલવાનો નિર્ણય લીધો છે.

અંજુમ સિવાય સંઘે પિસ્તોલ શૂટર્સ મનુ ભાકર, સૌરવ ચૌધરી, ઇલાવેનિલ વાલાવીરન અને અભિષેક વર્માને અર્જુન એવોર્ડ માટે મોકલવાનો નિર્ણય કર્યો છે. દ્રોણાચાર્ય એવોર્ડ માટે કોચ જસપાલ રાણાને નામાંકિત કરવામાં આવ્યાં છે.

NRAIના પ્રમુખ રણિન્દરસિંહે એક નિવેદન બહાર પાડતાં કહ્યું કે, "અમારા શૂટર્સની છેલ્લી સીઝન લાજવાબ રહી છે અને તેથી જ અમને નામોની પસંદગી કરવામાં ઘણી મુશ્કેલી પડી હતી." NRAIના સેક્રેટરી રાજીવ ભાટિયાએ કહ્યું કે, આ નામ ટૂંક સમયમાં ખેલ મંત્રાલયને મોકલવામાં આવશે.

જય કર્ણાટકના ફાઉન્ડર અને ભૂતપૂર્વ ડોનનું કેન્સરને કારણે નિધન

બેંગ્લુરુ

અંડરવર્લ્ડના ડૉન રહેલો એન મુથપ્પા રાયનું શુક્રવારના રોજ એક ખાનગી હોસ્પિટલમાં કેન્સરના કારણે મોત થયુ છે. હોસ્પિટલ સૂત્રોના જણાવ્યા અનુસાર ૬૮ વર્ષિય રાય છેલ્લા એક વર્ષથી મગજના કેન્સરથી પીડિત હતો અને તેને મણિપાલ હોસ્પિટલમાં ભરતી કરાવ્યો હતો. જેનું મોડી રાતે ૨.૩૦ કલાકે મોત થયુ છે. રાયના બે દિકરા પણ છે.

દક્ષિણ કન્નડના પુતૂર શહેરમાં તુલુ ભાખી બન્ત પરિવારમાં જન્મેલા રાય ઘણી નાની ઉંમરમાં જ ગુનાહિત દુનિયામાં પ્રવેશ કર્યો હતો. કર્ણાટક પોલીસે રાય વિરુદ્ધ હત્યા અને ષડયંત્ર રચવાના આઠ કેસમાં ધરપકડ વોરંટ ઈશ્યૂ કર્યુ છે. ૨૦૦૨માં રાયને સંયુક્ત અરબ અમીરાતથી ભારત લાવવામાં આવ્યો હતો. પોતાના જીવનને સુધારવા માટે રાયે એક પરમાર્થ સંગઠન 'જય કર્ણાટક'ની પણ સ્થાપના કરી હતી. રાયે ૨૦૧૧માં તુલુ ફિલ્મ કાંચિલ્ડા બાલે અને ૨૦૧૨માં કન્નડ ફિલ્મ કટારી વીરા સુરસુંદરંગીમાં અભિનય પણ કર્યો છે. બોલિવૂડ નિર્દેશક રામગોપાલ વર્મા રાયના જીવન પર એક ફિલ્મ પણ બનાવવા માગતા હતા.


અભિનેતા સાઈ ગુંડેવરનું કેન્સરથી નિધન



મુંબઈ

કેન્સરના કારણે હાલમાં બોલિવૂડના ઘણા અભિનેતાના મોત થયા છે. લાગી રહ્યું છે બોલિવૂડના દિવસો સારા નથી ચાલી રહ્યા. હવે ફરી એક ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. પીકે, રોક ઓન, ડેવિડ, આઈ મી ઔર મૈં, બજાર અને લવ બ્રેકઅપ જિંદગી જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા એક્ટર સાઈ ગુંડેવરનું નિધન થઈ ગયું છે. સાઈ ગુંડેવર છેલ્લા એક વર્ષથી બ્રેન કેન્સર જેવી ગંભીર બીમારી સામે જંગ લડી રહ્યો હતો. સાઈનું ૪૨ વર્ષની ઉંમરે સારવાર દરમિયાન ૧૦ મેના રોજ અમેરિકામાં નિધન થઈ ગયું છે. બોલિવૂડના મિત્રો, પરિવાર અને ફેન્સમાં હાલમાં ખૂબ જ દુખનો માહોલ સર્જાયો છે. સાઈએ ગયા વર્ષે જ સોશિયલ મીડિયા પર તેની બીમારી વિશે જણાવ્યું હતું અને તેની એક તસવીર પર શેર કરી હતી. સાઈ છેલ્લા ૭ મહિનાથી સોશિયલ મીડિયાથી દૂર છે. પછી કેન્સર બાદ તેણે તેની ઘણી તસવીરો શેર કરી હતી. સાઈના નિધન બાદ મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખે પણ ટ્વિટ કરીને તેની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. ગૃહમંત્રી અનિલ દેશમુખે લખ્યું હતું કે- ભારતીય ફિલ્મ ઉદ્યોગે એક પ્રતિભાશાળી એક્ટર ગુમાવી દીધો. જોકે, ફિલ્મોથી સાઈને એ ઓળખ અને નામના ન મળી જે તેને સ્પ્લિટ્સવિલાથી મળી હતી. વર્ષ ૨૦૧૦ સાઈ સ્પ્લિટ્સવિલામાં જોવા મળ્યો હતો. જ્યાંથી તેને ખૂબ લોકપ્રિયતા મળી હતી.

ગુલાબો-સિતાબો ફિલ્મ એમોઝોન પ્રાઈમ પર રિલિઝ થશે



મુંબઈ

કોરોના વાયરસને મહામારીને કારણે છેલ્લા કેટલાક મહિનાથી થિયેટર બંધ થઈ ગયા છે અને નવી ફિલ્મની રિલીઝ અટકી ગઈ છે. આ સંજોગોમાં ફિલ્મ ઉદ્યોગ ધીમે ધીમે ડિજિટલ પ્લેટફોર્મ અપનાવવા મજબૂર બન્યો છે. અમિતાભ બચ્ચન જેના મેગા સ્ટારને પણ આ માટે ડિજિટલ મીડિયાનું શરણું લેવું પડ્યું છે.

અમિતાભ બચ્ચન અને આયુષ્યમાન ખુરાના અભિનીત ગુલાબો સિતાબો હવે અમેઝોન પ્રાઈમ પરથી રિલીઝ થનારી છે. શુજિત સરકારે ડાયરેક્ટ કરેલી આ ફિલ્મ હવે ૧૨મી જૂને અમેઝોન પ્રાઈમના માધ્યમથી પ્રેક્ષકો સુધી પહોંચશે..વિદ્યા બાલનની શકુંતલા પણ આ જ સમયગાળામાં રિલીઝ થનારી છે. આમ દેશના ફિલ્મમેકર્સ હવે ડિજીટલ માધ્યમથી પ્રેક્ષકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે.

'ઘૂમકેતુ'નું ટીઝર રિલીઝ, નવાઝુદ્દીન સિદ્દીકી-અનુરાગ કશ્યપની જોડી જોવા મળી

મુંબઈ

નવાઝુદ્દીનન સિદ્દીકીની ફિલ્મ 'ઘૂમકેતુ' ડિજિટલ પ્લેટફોર્મ ઝીપ પર ૨૨ મેના રોજ સ્ટ્રીમ થવાની છે. હાલમાં જ આ ફિલ્મનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું. ફિલ્મમાં નવાઝ લેખકના રોલમાં તથા અનુરાગ કશ્યપ પોલીસના રોલમાં છે. ટીઝરમાં અમિતાભ બચ્ચન, સોનાક્ષી સિંહા તથા રણવીર સિંહ પણ જોવા મળ્યાં હતાં.

ફિલ્મમાં નવાઝ નવો નવો લેખક બન્યો હોય છે. તે પોતાને સ્ક્રિપ્ટરાઈટર તરીકે ઈન્ટ્રોડ્યૂસ કરે છે અને તે ફિલ્મમાં કામ કરવાનું સપનું લઈને મુંબઈ આવે છે. જોકે, તેની ફિલ્મ્સની સ્ક્રિપ્ટ



ચોરાઈ જાય છે અને તે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા આવે છે. અહીંયા તેની મુલાકાત પોલીસ સાથે થાય છે. પોલીસના રોલમાં અનુરાગ કશ્યપ જોવા મળે છે.

આ ફિલ્મને પુષ્પેન્દ્ર નાથ મિશ્રાએ ડિરેક્ટ કરી છે. ફિલ્મને ફેન્ટમ ફિલ્મ્સ તથા સોની પિક્ચર્સ નેટવર્ક્સે પ્રોડ્યૂસ કરી છે. ફિલ્મમાં ઈલા અરૂણ, રઘુવીર યાદવ, સ્વાનંદ કિરકિરે તથા રાગિણી ખન્ના છે. આ ઉપરાંત ફિલ્મમાં લૌરેન, ફિલ્મમેકર નિખીલ અડવાણી તથા ચિત્રગંદા સિંહ પણ જોવા મળશે.

કોરોના વાયરસ સામે જાગૃતિ ફેલાવવા બીગ-બીએ ખાસ અભિયાન લૉન્ચ કર્યુ

મુંબઈ

કોરોના વાયરસ સામે જાગૃતિ ફેલાવવા માટે સરકારે એક ખાસ અભિયાન લૉન્ચ કરી રહી છે, કોરોના વાયરસ વિજેતાઓના કલંકને દુર કરવા માટે સરકારે 'Break the stigma' નામથી એક એભિયાન શરૂ કરી રહી છે, આમાં અમિતાભ બચ્ચન દેખાશે.

એડ કંપનીએ અમિતાભ બચ્ચનની સાથે એક મિનીટ લાંબી ફિલ્મ શૂટ કરી છે, જેમાં બૉલીવુડના શહેન્શાહ બંદગલા કપડામાં દેખાઈ રહ્યાં



છે. કૉવિડ-૧૯ બિમારીના પ્રત્યે મિથકોને તોડવા માટે અમિતાભ બચ્ચન 'Break the stigma' અભિયાન સાથે જોડાયો છે. એક મિનીટના આ વીડિયોમાં બચ્ચન જણાવે છે કે, કૉવિડ-૧૯ માણસને શારીરિક અને માનસિક રીતે પ્રભાવિત કરે છે. ખાસ કરીને કોરોના વિજેતાનો કોઇપણ જાતની ભૂલ વિના અલગ અલગ કરી દેવાથી ખરાબ અસર પડે છે.

એક મિનીટ લાબી ફિલ્મનો સંદેશ છે કૉવિડ-૧૯ બિમારીના પ્રત્યે મિથકોને તોડવા, ફિલ્મનુ સમાપન થાય છે. 'અપનો કો અપનાઈએ, સહી સલામત ઘર લાઈએ' વીડિયોમાં અમિતાભ બચ્ચન પોતાના ભારે અને વજનદાર અવાજમાં લોકોને વિશ્વાસ અપાવતા દેખાઈ રહ્યાં છે. કોરોના વિજેતા ખતરો નથી અને નથી વાયરસને ફેલાવનારા.

નિવૃત્તિ પહેલાં ફેડરર-નડાલ કરતા વધુ ગ્રાન્ડ સ્લેમ જીતી લઈશઃ જોકોવિચ



સર્બિયા

સર્બિયાના ટેનિસ સ્ટાર નોવાક જોકોવિચ (૩૨) એ દાવો કર્યો છે કે, તે નિવૃત્તિ પહેલાં સૌથી વધારે ગ્રાન્ડ સ્લેમ જીતી લેશે. તેણે એક મુલાકાતમાં કહ્યું હતું કે, મને પોતાના પર પૂરો વિશ્વાસ છે. જોકોવિચે અત્યાર સુધીમાં ૧૭ ગ્રાન્ડ સ્લેમ જીત્યા છે. તેના સિવાય રાફેલ નડાલે ૧૯ અને રોજર ફેડરરે ૨૦ વાર ટાઈટલ પોતાના નામે કર્યા છે.

જોકોવિચે કહ્યું કે, "હું હંમેશાં પોતાના પર વિશ્વાસ રાખું છે. મારું માનવું છે કે હું સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમ જીતવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવી શકું છું. આ સ્થિતિમાં હું લાંબા સમય સુધી નંબર -૧ રહી શકું છું. ચોક્કસપણે આ મારું એકમાત્ર લક્ષ્ય છે. "

૩૨ વર્ષીય જોકોવિચે કહ્યું કે, હું હજી પણ માનું છે કે ટેનિસમાં મારી કારકિર્દી ૪૦ વર્ષની વય સુધી ચાલશે. હું નથી માનતો કે રમતની કોઈ મર્યાદા છે. આ બધી મર્યાદાઓ ફક્ત તમારા અહમ અથવા મગજનો ભ્રમ છે. "

સર્બિયન સ્ટારે ૨૦૦૮ માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં તેનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યો હતો. તે સમયે તે વિશ્વનો ત્રીજા નંબરનો ખેલાડી હતો. આ વર્ષે, તેણે કોરોના પહેલાં ફેબ્રુઆરીમાં ૮ મી વખત ઓસ્ટ્રેલિયન ઓપનનું ટાઈટલ પોતાના નામે કર્યું હતું. ફાઈનલમાં તેણે ઓસ્ટ્રિયાના ડોમિનિક થિમને હરાવ્યો હતો.

ટી-૨૦ વર્લ્ડકપ પર ડુ પ્લેસીસની સલાહ, ખેલાડીઓને આઈસોલેશનમાં રાખો

જોહાનિસબર્ગ

દક્ષિણ આફ્રિકાના અનુભવી ક્રિકેટર ફાફ ડુ પ્લેસિસે ટી૨૦ વિશ્વકપને નક્કી સમય પર કરાવવા માટે ખાસ સલાહ આપી છે. ડુ પ્લેસિસે ટી૨૦ વિશ્વકપના આયોજન પહેલા અને બાદમાં ખેલાડીઓને બે સપ્તાહ સુધી આઈસોલેશનમાં રાખવાની સલાહ આપી છે. અન્ય ખેલોન જેમ કોવિડ ૧૯ મહામારીને કરણે વિશ્વભરમાં ક્રિકેટની ગતિવિધિઓ ઠપ્પ પડી છે.



ઓસ્ટ્રેલિયામાં આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં રમાનારા ટી૨૦ વિશ્વકપનું ભવિષ્ય પણ નક્કી નથી. બાંગ્લાદેશના વનડે કેપ્ટન તમીમ ઈકબાલ સાથે વાત કરતા ફાફ ડુ પ્લેસિસે કહ્યુ કે, ઓસ્ટ્રેલિયામા આ ઘાતક બીમારીની વધુ અસર નથી છતા યાત્રામાં સમસ્યા થશે.

ફાફે કહ્યુ, મને નથી ખ્યાલ.. વાંચી રહ્યો છુ કે યાત્રા કરવી ઘણા દેશો માટે સમસ્યા હોઈ શકે છે અને તે ડિસેમ્બર કે જાન્યુઆરીની વાત કરી રહ્યા છે. ઓસ્ટ્રેલિયા અન્ય દેશ જેટલો પ્રભાવિત નથી છતાં પણ બાંગ્લાદેશ, આફ્રિકા કે ભારતથી લોકોને લઈ જવા જ્યાં વધુ ખતરો છે. ચોક્કસ તેના સ્વાસ્થ્યને લઈને ખતરો છે. તેણે કહ્યુ, પરંતુ તમે ટૂર્નામેન્ટના બે સપ્તાહ પહેલા અલગ રહી શકો અને પછી ટૂર્નામેન્ટ બાદ બે સપ્તાહ સુધી આઈસોલેશનમાં.

અનુષ્કા શર્માના પ્રોડક્શનની 'પાતાલ લોક' રીલિઝ થઈ



મુંબઈ

અનુષ્કા શર્માના પ્રોડક્શનમાં બનેલી વેબ સીરિઝ પાતાલ લોક રીલિઝ થઈ ગઈ છે. હવે સોશિયલ મીડિયા પર તેના ગુણગાન ગવાઈ રહ્યા છે અને લોકો વખાણ કરી રહ્યા છે. જયદીપ અહલાવત અને અભિષેક બેનર્જી સ્ટારર આ સીરિઝ ક્રાઈમ, ફેક ન્યૂઝ અઅને આંતકવાદ જેવી બાબતો પણ વાતો કરે છે. લોકોને આ શો ખુબ જ પસંદ આવી રહ્યો છે. બધા ફેન્સ સોશિયલ મીડિયા પર પોતાની રાય રાખી રહ્યા છે અને રિએક્શન આપી રહ્યા છે. પોતાની ખુશી વ્યક્ત કરતાં લોકો આ વિશે વાત કરે છે. ડ્રામા, થ્રિલ અને રોમાન્સથી ભરેલી આ વેબ સીરિઝ પાતાલ લોકો વિશે દર્શકો કંઈક આવું કહી રહ્યા છે.

વિદ્યા બાલનની ફિલ્મ શકુંતલા દેવી ડિઝિટલ પ્લેટફોર્મ પર રિલિઝ થશે

મુંબઈ

વિદ્યા બાલનની આગામી ફિલ્મ શકુંતલા દેવી ડિજિટલ પ્લેટફોર્મ પર રિલીઝ થનારી છે. મહાન ગણિતશાસ્ત્રી શકુંતલા દેવીના જીવન પર આધારિત આ ફિલ્મ ટૂંક સમયમાં અમેઝોન પ્રાઈમ પર રિલીઝ કરાશે.

નેશનલ એવોર્ડ વિજેતા વિદ્યા બાલને જણાવ્યું હતું કે શકુતંલા દેવીને માનવ કમ્પ્યુટર કહેવાય છે. જે એકાદ સેકન્ડમાં જ અત્યંત કપરી



ગણતરી સમજાવી દેવાની ક્ષમતા ધરાવતા હતા. આ ફિલ્મમાં સાનિયા મલ્હોત્રા પણ છે જે શકુંતલા દેવીની પુત્રીના રોલમાં છે. આ ઉપરાંત અમિત સાધ ને વિષ્ણુ સેનગુપ્તા પણ તેમાં અભિનય કરી રહ્યા છે. અનુ મેનન દ્વારા લિખિત અને દિગ્દર્શિત ફિલ્મનું નિર્માણ સોની પિક્ચર્સ અને વિક્રમ મલ્હોત્રાએ કર્યું છે. જેના ડાયલોગ નયનિકા મહેતાની અને ઈશિતા મોઈબાએ લખ્યા છે.

સુરતથી હરિદ્વાર સ્પેશિયલ ટ્રેનથી પહોંચેલા ૧૬૭ મુસાફરો ગુમ, અધિકારીઓ દોડતા થયા

સુરત

ગુજરાતના સુરતથી હરિદ્વાર સ્પેશિયલ ટ્રેનથી આવનારા ૧૬૭ મુસાફરો લાપત્તા થઈ ગયા છે. જે બાદ અધિકારીઓની ચિંતા વધી ગઈ છે. આ અંગે હરિદ્વારના જિલ્લાધિકારી સી. રવિશંકરે જણાવ્યું કે, સુરતથી પ્રાપ્ત પેસેન્જરોની યાદી અને અહીં ટ્રેનથી પહોંચનારા મુસાફરોની સંખ્યામાં મોટું અંતર છે અને બન્ને આંકડા મેળ નથી ખાઈ રહ્યાં. હાલ સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. જો સુરતથી ટ્રેનમાં બેઠા બાદ આ મુસાફરો ગુમ થઈ ગયા છે, તો તે ગંભીર બાબત છે.

સુરત વહીવટી તંત્ર પાસેથી પ્રાપ્ત યાદી મુજબ, ૧,૩૪૦ લોકો સ્પેશિયલ ટ્રેનમાં બેઠા હતા. આ ટ્રેન સુરતથી ૧૨-મેના રોજ હરિદ્વાર માટે રવાના થઈ હતી, પરંતુ જ્યારે આ ટ્રેન હરિદ્વાર સ્ટેશન પર પહોંચી, ત્યારે માત્ર ૧,૧૭૩ મુસાફરો જ ટ્રેનમાંથી નીચે ઉતર્યા હતા.

આ અંગે હરિદ્વારના ડીએમ એ જણાવ્યુ કે, સુરતના અધિકારીઓ સાથે આ બાબતે તપાસ કરવામાં આવી રહી છે. શું ગુમ થયેલા ૧૬૭ મુસાફરોએ પ્રવાસ ખેડ્યો હતો કે તેઓ ટ્રેનમાં ચઢ્યા જ નહતા? જણાવી દઈએ કે, ઉત્તરાખંડમાં ફસાયેલા પ્રવાસીઓને પરત લાવવા માટે દેશના વિભિન્ન ભાગોમાં ૧૧-મેંથી સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે.

સુરત જિલ્લામાં કોરોનાના વધુ ૮ દર્દીઓ સ્વસ્થ બન્યા

કુલ ૩૪ દર્દીઓ હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ કરાયા

સુરત

સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૫૮ હતી, જેમાં આજે નવો કોઇ પોઝિટિવ કેસ નોંધાયો નથી. તેમજ આજે ૦૮ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૩૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૦૧ દર્દીનાં મૃત્યુ નોંધાયા છે. કુલ ૬૪૮૫ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૫૮ પોઝિટીવ અને ૬૩૮૨ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૩૪ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બોરીયા, અસનાબાદ, અંધાત્રી, હળદવા, મહુવરીયા, અનાવલ, ખરવાણ, બડતલ, ગાંગપુર, કવાસ, કેવડી, ડુંગર, સેવણી, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ (દેવધ), ઝંખવાવ, પાલી (સાંઇભુપત), દિહેણ, પાલી (ડી.એમ.નગર), લાજપોર, ઇચ્છાપોર, વેગી, વરેલી (ગાયત્રી નગર), વરેલી (દત્ત કૃપા), વરેલી (શાંતિ નગર), વરેલી (વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર (તાઇવાડ), વિહારા કન્ટેઇનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૯,૯૯૭ ઘરો અને અને કુલ વસ્તી ૮૫૨૬૯ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૯૦ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૧૫૨૮ લોકો હોમ કોરન્ટાઇન હતા. આજે ૧૨૬ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૧૬૫૪ લોકો હોમ કોરન્ટાઇન છે. જયારે આજે ૬૪ લોકોનું હોમ કોરન્ટાઇન પૂર્ણ થતા કુલ ૧૫૯૦ લોકોને હાલ હોમ કોરન્ટાઇન કરવામાં આવ્યા છે.

સુરત ૧૮૫૨ કાર્યરત આરોગ્ય ટીમો દ્વારા ૪.૮૪ લાખ મકાનોમાં સર્વે

૧૫.૮૪ લાખ જેટલા લોકોના આરોગ્યની તપાસ

સુરત

સુરત મહાનગરપાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈકાલે તા.૧૪ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, આજની સ્થિતિએ ૨૪૦૯ લોકો હોમ ક્વોરેન્ટાઇન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઇન સેન્ટરમાં ૫૩૧ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૦૫ લોકો છે. આયુષ મંત્રાલયના સુચન પ્રમાણે હોમિયોપેથી દવાનું વિતરણ ૨ લાખ કરતા વધુ ઘરોમાં કરવામાં આવ્યું છે. સર્વેલન્સ માટે કુલ ૧૮૫૨ ટીમો કાર્યરત છે. ૪ લાખ ૮૪ હજાર કરતા વધુ ઘરોમાં ૧૫ લાખ ૮૪ હજાર કરતા વધુ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે.

હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં વધુ કેસો નોંધાતા અહીં ૪૦ ફિવર ક્લિનિક અને ૨૨૭ વોશ બેસિનનુ આયોજન કરવામાં આવ્યુ છે. કોરોના જાગૃત્તિ માટે ૭૫ પ્રચાર ગાડી મુકવામાં આવી છે. દરેક ઘરોમાં હાથ ધોવા માટે સાબુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તમામ દુકાનોમાં પૈસાની લેવડ-દેવડમાં એક અલગ પદ્ધતિથી કરવી જોઈએ. જેમાં લેવડ-દેવડ માટે બે બોક્ષ દુકાનમાં રાખવામાં આવે. એક બોક્ષમાં પૈસા ગ્રાહકો આપે તથા છુટ્ટા પૈસા માટે એક અલગ બોક્ષ રાખવામાં આવે અને આ પૈસા દુકાનદાર ૩ દિવસ સુધી સાવધાનીપુર્વક અલગ રાખે અને તેને સ્પર્શ નહીં. દરેક શાકભાજીના દુકાનદારો માસ્કનો ઉપયોગ કરે તથા સોશિયલ ડિસ્ટન્સ રાખે તથા શાકભાજી, માલ સામાનના નિષ્ટિત વજનના થેલા તૈયાર રાખવામાં આવે, જેથી વધુ ભીડ ન થાય. શહેરીજનો ૩૧ મે સુધી જો વેરાબિલ ભરે તો ૧૦ ટકા રિબેટ આપવામાં આવશે તથા ડિઝીટલ પેમેન્ટમાં ૨ ટકા વધુ રિબેટ આપવામાં આવશે.

તકેદારીના ભાગરૂપે આયુષ મંત્રાલયના અને હોમિયોપેથી મુજબના ઇમ્યુનિટી વધારનાર ચીજવસ્તુઓનું સેવન કરવું જોઇએ. ઇન્ફેકશન રોકવા દુકાનદારે રાખવાની કાળજી અંગે પ્રચાર પ્રસાર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. માસ્કનો અવશ્ય ઉપયોગ કરી સોશ્યલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાનો પાનીએ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

સુરત શહેરમાં જાહેરનામાના ભંગ બદલ ૨૧૮ આરોપીઓની ધરપકડ

સુરત,

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઇ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૧૮ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૭૯૦ લોકોના વાહનો જમ કરવામાં આવ્યા છે. સી.સી.ટી.વી કેમેરાની મદદથી ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૩,૯૯૨ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૩,૦૬૭ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં ત્રીજા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

વતન જવાની માંગ કરતી પત્નિની પતિએ હત્યા કરી દેતા ચકચાર

સુરત

શહેરના લિંબાયત વિસ્તારમાં રહેતા પતિએ પત્નીને મોતને ઘાટ ઉતારી દીધાની ઘટના સામે આવી છે. લોકડાઉનમાં વતન જવાની માંગ કરતી પત્ની સાથે ચાલતા ઝઘડામાં પતિએ પત્નીની હત્યા કરી દેવત ગામમાં એક ખેતરમાં ફેંકી આવ્યો હતો. ત્યારબાદ પોલીસમાં હાજર થઈ ગયો હતો અને પતિએ જ પત્નીની હત્યા કરી ફેંકી આવ્યો હોવાની માહિતી પોલીસને આપી હતી. હાલ પોલીસે પતિની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

લિંબાયત પોલીસના જણાવ્યા પ્રમાણે, લિંબાયત વિસ્તારમાં મૂળ બિહારના રહેવાસી શિવહરીસંગ યાદવ પરિવાર સાથે રહે છે. ગત રોજ ઝઘડો થયો હતો. દરમિયાન દેવત ગામના ખેતરમાં આવ્યા હતા. જ્યાં ઝઘડાનો રોષ રાખી ઠીક્ક મુક્કાથી માર મારી હત્યા કરી હતી. ત્યારબાદ ખેતરમાં ફેંકી દીધી હતી. ત્યારબાદ આજે સવારે પોલીસને જાણ કરી હતી. હાલ પતિની સામે હત્યાનો ગુનો દાખલ કરી ધરપકડ કરી છે.

વેસુ શિવકાર્લિક સોસાયટીમાં ઘરે રહીને લોકો ચિત્ર સ્પર્ધામાં જોડાયા

૫ થી ૬૦ વર્ષના સ્પર્ધામાં જોડાયા

સુરત

સુરત શહેરના વેસુમાં આવેલી શવિ કાર્તિક સોસાયટીના રહીશો માટે કોરોના લોકડાઉન વિષય પર ચિત્રસ્પર્ધા અને માસ્ક મેકિંગ સ્પર્ધાનું ાયોજન કરાયું હતું. સ્ટેપ હોમ સ્ટેપ સેફના ઉદેશ હેઠળ આ બંને સ્પર્ધાઓ પોત પોતાના ઘરે રહીને આયોજન કરવામાં આવ્યું હતું.

ચિત્ર સ્પર્ધામાં ૫ વર્ષથી ૬૦ વર્ષ સુધીના રહીશો એ અલગ ઉંમરના ગ્રૂપમાં ઉમળકાભેર ભાગ લીધો હતો.

તેમજ દરેક પરિવારોએ માસ્ક મેકિંગમાં પોતાની કલાકારી ગરીનું ઉત્તમ પ્રદર્શન કર્યુ હતું. આ ઇવેન્ટ નો ઉદ્દેશ્ય લોકોમાં કોરોનાવિષે જાગૃત્તિ લાવવા અને તેનાથી બચવા અંગે ના ઉપાયો સમજાવવા રહ્યો હતો. ચિત્ર સ્પર્ધામાં ઉંમરના દરેક ગ્રૂપ પ્રમાણે નંબર આપી તેમને જેનીશભાઇ પંકજભાઇ શાહ પરિવાર તરફથી ઇનામ વિતરણ કરી પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું. તેમજ ભાગ લેનાર દરેકને સેનેટાઇઝર ભેટમાં આપવામાં આવ્યું હતું. તેમજ યુનિક માસ્ક મેકિંગ સ્પર્ધામાં વિજેતાઓને પુર્ણિમાબેન જગદીશભાઇ બંગડીવાલા પરિવાર તરફથી ઇનામ વિતરણ કરાયું હતું તેમજ દરેકફ્લેટમાં રહેતા સભ્યોને માસ્ક અંગે જાગૃત્તકરાયા હતા. સાથે સાથે શીખી લો આંખોથી હસવાનું સાહેબ, હોઠોનું હાસ્ય તો માસ્કે છીનવી લીધું છે. આ એક પંક્તિ દ્વારા ઊંડાણ ભરૂયો સંદેશ પાઠવ્યો હતો.

પોલીસ કોન્સ્ટેબલે આપઘાતનો પ્રયાસ કરનાર યુવકનો ખાડીમાં કૂદીને જીવ બચાવ્યો

સુરત

હાલ કોરોના મહામારી વચ્ચે લોકો માનસિક તથા આર્થિક રીતે પડી ભાંગ્યા છે. બીજી તરફ રાત દિવસ ડ્યુટી કરતાં પોલીસના જવાનો પણ પાછા પડતા નથી. લોકોનું રક્ષણ કરાવવાની સાથે સાથે લોકડાઉનનું પાલન કરાવતી પોલીસના બે કોન્સ્ટેબલોએ આપઘાતનો પ્રયાસ કરનાર યુવકનો જીવ બચાવીને ખરેખરના અર્થમાં કોરોના વોરિયર્સ સાબિત થયા છે. રઘુકુળ માર્કેટ પાસે આવેલી ખાડીમાં એક યુવકે ઝંપલાવી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો જેની જાણ સલાબતપુરા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ તથા ઈશ્વરભાઈને થતાં તેઓ તાત્કાલિક ત્યાં પહોંચી યુવકને બહાર કાઢી બચાવી લીધો હતો.

કોરોના નામની બિમારીએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે.ત્યારે આ મહામારી વચ્ચે ટંકનું કમાઈને ખાવા વાળા શ્રમજીવીઓની હાલત ખુબ કફોડી બની છે. જેના કારણે પરીવારનું ગુજરાન ચલાવવું પણ ખુબ જ મુશ્કેલ બની ગયું છે.ત્યારે આર્થિક તથા માનસિક રીતે પડી ભાંગેલા ઘણા લોકોને જીવ ગુમાવવો પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.સુરત શહેરના અપના નગર ગરનાળા ખાતે રહેતા અસ્ફાક નામના વ્યકતિએ રાતના રીંગરોડ રઘુકુળ માર્કેટ પાસે આવેલ ખાડીમાં અસ્ફાકે કુદી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો.જેનો જીવ બચાવવામાં પોલીસના બે કોન્સ્ટેબલ સફળ રહ્યાં છે.

કડોદરા પોલીસ મથકનો કોન્સ્ટેબલ કોરોના ગ્રસ્ત

પો.કો.રમેશભાઇ રબારીનો ટેસ્ટ કોરોના પોઝિટિવ

સુરત

કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં ફરજ બજાવતાં એક પોલીસકર્મીનો આજરોજ કોરોનાનો રીપોર્ટ પોઝિટિવ આવતાં કડોદરાના પોલીસ મથકમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ચલથાણ ખાતે રહેતા રમેશભાઈ રબારી કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં પો.કો.તરીકે ફરજ બજાવે છે. ગતરોજ વરેલીમાં પોલીસ પર હુમલાની ઘટનામાં પકડાયેલા કોરોના પોઝિટિવ આરોપીના ઝાપટામાં ફરજ પર હતા ત્યારબાદ સુરત સિવિલ હોસ્પિટલમાં કોવિડ વોર્ડમાં પણ ફરજ પર હતા. દરમિયાન તેમને પણ ટેસ્ટ કરતાં તેમનો રિપોર્ટ કોરોનાનો આવ્યો હોય જેથી કડોદરા પોલીસ સ્ટેશમાં ચિંતાનો વિષય બન્યો છે.

એસટી બસમાં સવારી કરી સુરતથી હજારો લોકોનું વતન તરફ પ્રયાણ

રોજે રોજ સેંકડો બસો સૌરાષ્ટ્ર જવા ઉપડે છે

સુરત

વૈશ્વિક કોરોના મહામારીના સંકટના સમયમાં ત્રીજા તબક્કાનું લોકડાઉન અમલી છે, ત્યારે હીરા અને ટેક્ષટાઈલના વ્યવસાયો બંધ હોવાથી ગામડેથી આવીને સુરતમાં વસતાં લાખો ઉત્તર ગુજરાતીઓ અને સૌરાષ્ટ્રવાસીઓ પોતપોતાના વતન પરત જવાં ઇચ્છતાં હતા, જેમની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે વ્યાજબી ટિકિટ દરો રાખી એસ.ટી. બસ સેવા શરૂ કરી છે. ગુજરાત રાજ્ય માર્ગ અને વાહનવ્યવહાર નિગમની બસોના સથવારે લાખો લોકો માટે ગામડે જવું આસાન બન્યું છે. કોરોના સંકટ વચ્ચે વતન જવા ઇચ્છતાં ઉ.ગુજરાત, સૌરાષ્ટ્રવાસીઓએ લકઝરીની મોંઘી મુસાફરી છોડી એસ.ટી. બસ સેવા પસંદ કરી છે. આ બસોની સુવિધા દ્વારા સુરતથી પ્રતિદિન હજારોની સંખ્યામાં લોકો પોતાના માદરે વતન જઈ રહ્યા છે. ખાસ કરીને વરાછા, કતારગામ, સરથાણા, હીરાબાગ, ડભોલી, અમરોલી, વેડ રોડ, ઉધના, ભટાર સહિતના વિસ્તારોમાં વસતાં હજારો લોકોએ વતનની વાટ પકડી છે. દેશ ઝડપથી કોરોનાની મહામારીમાંથી મુક્ત થાય અને ફરી પાછાં સુરત આવીને ધંધા-રોજગારમાં પરોવાઈ જઈશું એવી આશા સાથે લોકો ગામડે જઈ રહ્યા છે. એસ.ટી. નિગમ દ્વારા મુસાફરો બસમાં પ્રવેશે તે પહેલા અને બસમાંથી ઉતરે તે પછી સેનિટાઈઝેશન પણ કરવામાં આવે છે. સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવવા ૩૦ મુસાફરોની મર્યાદામાં મુસાફરોને બેસાડવામાં આવે છે.

મૂળ ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકાના સેંજળીયા ગામના વતની અને કતારગામની ભગવાનનગર સોસાયટીમાં રહેતા ૩૨ વર્ષીય સંજયભાઇ કેશુભાઇ ગોહિલ ખુશી વ્યક્ત કરતાં જણાવે છે કે, ૧૦ વર્ષ પહેલા ગામડેથી રોજગાર અર્થે આવી હું અહીં પરિવાર સાથે રહું છું, અને બાંધકામ- સેન્ટીંગ વર્ક સાથે સંકળાયેલો છું. હાલ કોરોના વાઈરસના કારણે લોકડાઉન ચાલી રહ્યું છે, ત્યારે સુરતના મુખ્ય વ્યવસાય એવા હીરા, જરી, ટેક્ષટાઈલ અને બાંધકામ ઉદ્યોગ બંધ છે. જેથી હું મારા પરિવાર સાથે સૌરાષ્ટ્ર જવા ઇચ્છતો હતો. બાંધકામ ઉદ્યોગ હાલના તબક્કે શરૂ થાય એવા કોઈએ અણસાર ન હોવાથી મારે પરિવાર સાથે ગામડે જવું હતું. પરંતુ વાહન વ્યવહાર બંધ હોવાથી વતન જઈ શકાય એમ ન હતું.

આખરે રાજ્ય સરકારે અમારી લાગણીને સમજી એસ.ટી. બસ સેવા શરૂ કરવાનો નિર્ણય લેતાં અમારા આનંદનો પાર રહ્યો ન હતો. અમે સગા-સંબંધી અને ગામના લોકોનું ૩૦ વ્યક્તિઓનું ગ્રુપ બનાવી મુખ્ય બસ ડેપો પર ૩૦ સભ્યોની યાદી સાથેનું ફોર્મ અને ટિકિટના નાણા ભર્યા હતા. ૦૨ દિવસ પછી એસ,ટી. વિભાગમાંથી ફોન આવતાં અમારી બસ કન્ફર્મ થઈ ગઈ હતી. સુરતથી પાલિતાણાના પ્રતિ વ્યક્તિ માત્ર રૂ.૨૩૫ ટિકિટ દર છે. ૩૦ વ્યક્તિના ગ્રુપ માટે રૂ.૭૦૫૦ માં અમને આખી બસ ફાળવવામાં આવી છે. બપોરે ૩.૩૦ વાગ્યાનો બસનો સમય હોવાથી અમે સોસાયટીના ગેટ પર એકઠાં થયા છીએ. રાજ્ય સરકારે લકઝરી બસના મોંઘા ભાડાની સામે વ્યાજબી ભાવે ઉત્તમ પ્રકારની બસ સેવા પૂરી પાડી છે, જે બદલ અમે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો આભાર માનીએ એટલો ઓછો છે એમ તેઓ આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવે છે.

બિન સરકારી ગ્રાન્ડટેડ શાળાના ૫૦ ટકા સ્ટાફને અન્ય જિલ્લામાં જવા મંજૂરી

બે તબક્કામાં કહ્યાનુસાર કર્મચારીઓ હેડ ક્વાર્ટર છોડી શકશે

સુરત

કોરોના વાયરસની ગંભીર પરિસ્થિતિને કારણે ૫૦ - ૫૦ દિવસથી ફસાયેલા લોકોને વતન જવા માટે પરવાનગી મેળવતા નાકે દમ આવતો હતો. આ મહામારીમાં રોજબરોજ બદલાતા નિત નવા નિયમોને કારણે અને સુરત કલેક્ટરની નિર્ણય શક્તિ ઉપર લાગેલા પ્રશ્નાર્થ ચિન્હ સામે ખુદ ભાજપનાં જ ધારાસભ્યો સાંસદ સભ્યો સહિત રાજકીય નેતાઓમાં ભારે આક્રોશ જોવા મળતો હતો.હજી ત્રીજો લોકડાઉનનો સંપુર્ણ અમલ થઈ રહ્યો છે. ચોથા લોકડાઉન અંગે હજુ સુધી કોઇ નિર્ણય લેવાયો નથી, ત્યાં તો સુરત કલેક્ટરને વધુ એક તધલખી નિર્ણય કર્યો હોવાનું જાણવા મળ્યું છે.સુરતમાંથી વતન સૌરાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં જવા માટે આજે પણ હજારોની સંખ્યામાં શ્રમજીવીઓ વણખા મારી રહ્યાં છે, ત્યારે કલેક્ટરના આદેશ મુજબ સુરત જિલ્લા શિક્ષણાધિકારીઓ બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના સ્ટાફને હેડ ક્વાર્ટર્સ છોડવાની મંજૂરી આપતો પરિપત્ર કરી દીધો છે.

આ પરિપત્રમાં જણાવ્યા મુજબ હાલ વિશ્વભરમાં નોવેલ કોરોના વાઇરસ કોવિડ - ૧૯ની મહામારી જાહેર કરેલ છે. કલેક્ટર તરફથી બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના સ્ટાફને હેડ ક્વાર્ટર્સ ન છોડવાની સુચના મળેલ હતી. તા.૧૪ મી મે ૨૦૨૦ થી કલેક્ટર તરફથી મળેલ રુબરુમાં મળેલ સુચના અન્વયે શાળામાં ૫૦ ટકા સ્ટાફને રોટેશન મુજબ હેડ ક્વાર્ટર્સ છોડવાની મંજુરી મળેલ છે. જે મુજબ આચાર્યએ શાળાના સ્ટાફ સાથે ચર્ચા કરી ૫૦ ટકા સ્ટાફને રોટેશન મુજબ હેડ ક્વાર્ટર્સ છોડવાની મંજુરી આપી શકશે. એટલે કે તા.૧૫-૫-૨૦૨૦ થી ૨૬-૫-૨૦૨૦ સુધી ૫૦ ટકા અને તા.૨૭-૫-૨૦૨૦ થી ૭-૬-૨૦૨૦ સુધી ૫૦ ટકા સ્ટાફને હેડ ક્વોર્ટસ છોડવાની મંજૂરી આપવાની રહેશે.

હાલ જે શાળાના કર્મચારીઓ નોવેલ કોરોના વાઇરસ કોવિડ-૧૯ની મહામારીની કામગીરી કરી રહેલ છે. તેવા કર્મચારીઓએ કામગીરી પુર્ણ કરવાની રહેશે. કામગીરી કરતા કર્મચારીને બીજા તબક્કાના રોટેશન મુજબ હેડ ક્વાર્ટર્સ છોડવાની મંજૂરી આપવાની રહેશે.

આ બાબતે હાલ લોકડાઊન ચાલુ હોય તેમજ આવનાર સમયમાં હેડ ક્વાર્ટર્સ છોડવાની મંજૂરી વખતે કોવિડ-૧૯ની ગાઇડ લાઇન મુજબ કાર્યવાહી જે તે કર્મચારીએ કરવાની રહેશે.

સુરત કલેક્ટર ઓફિસમાં જ ઘોર બેદરકારીઃ સેનેટાઈઝ મશીન બંધ

સુરત

ગુજરાતમાં કોરોના વાયરસ મહામારીનો હાહાકાર જોવા મળી રહ્યો છે. કોરોનાથી બચવા સરકાર બધા પ્રયાસો કરી રહી છે. સરકાર દ્વારા સરકારી કચેરીઓની બહાર સેનેટાઈઝર મશીન લગાવામાં આવી રહ્યાં છે. આ સાથે માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગનું કડક પાલન કરાવામાં આવી રહ્યું છે. ત્યારે રાજ્યના સુરત શહેરમાં ખુદ 'દિવા તળે અંધારુ' જોવા મળી રહ્યું હોય તેવું સામે આવ્યું છે. રાજ્યના સુરત શહેરમાં આવેલી કલેકટર ઓફિસમાં કોરોનાને લઈને બેદરકારી સામે આવી છે. શહેરમાં આવેલ કલેકટર ઓફિસની બહાર શોભાના ગાંઠિયા સમાન સેનેટાઈઝર મશીન ગોઠવામાં આવ્યું હોય તેવું લાગ રહ્યું છે. શહેરની કલેકટર ઓફિસની બહાર મુકવામાં આવેલું સેનેટાઈઝર મશીન હાલ બંધ હાલતમાં જોવા મળ્યું છે. શહેરની કલેકટર ઓફિસમાં આવતા જતા લોકો માટે કોરોનાને લઈને સેનેટાઈઝર મશીન મુકવામાં આવ્યું હતું. જો કે હાલ સેનેટાઈઝર મશીનની કેબિનમાં હજુ સુધી વિજ કનેકશન આપવામાં ન આવ્યું હોય હાલ સેનેટાઈઝર મશીન બંધ હાલતમાં પડ્યું છે. આમ તંત્ર તેમજ પોલીસ વિભાગ દ્વારા કચેરીમાં આવતા લોકોના જીવને જોખમમાં મુકી રહ્યાં હોય તેવું લાગી રહ્યું છે. કલેકટર કચેરીએ આવતાં લોકો સેનેટાઈઝ વિના જ કચેરીમાં પ્રવેશ કરી રહ્યાં છે.

નવસારીમા પત્રકાર એકતા સંગઠન દ્વારા

ગુજરાત રાજ્યમા પત્રકારો પર અત્યાચાર અને અન્યાય થવાની ઘટનાના વિરોધમાં કલેક્ટરને આવેદન પત્ર અપાયું

નવસારી

સમગ્ર દેશમાં કોરોના મહામારી ના કારણે થયેલા લોકડાઉન દરમિયાન આવશ્યક સેવાઓ આપતા તમામને માન સન્માન આપવામાં આવી રહ્યું છે પોલીસ તંત્ર એ જે પ્રકારે લોકડાઉન દરમિયાન ખડેપગે સેવા કરી છે તેની ચારેકોર પ્રશંસા થઈ રહી છે ડોક્ટરો નર્સ તેમજ સફાઈ કામદારો ની કામગીરી પણ ધન્યતા ને પાત્ર છે પરંતુ આ લોકડાઉન દરમિયાન પત્રકારો એ પણ રાત દિવસ મહેનત કરી પોતાની જાન ના જોખમે પોતાની ફરજ બજાવી લોકો સુધી સાચી અને સચોટ માહિતી પહોંચાડી રહ્યા છે જેમા લોકડાઉન દરમિયાન તકલીફો ભોગવી રહેલા લોકો ની વ્યથા હોય અનાજ ની કાળાબજારી હોય કે ગેરકાયદેસર પ્રવૃત્તિ પર ચોક્કસ નજર રાખી સમાજ અને તંત્ર ને સજાગ રહે તેવા કાર્ય કરી રહ્યા છે તેવા સમયે ગુજરાત રાજ્ય મા નિર્દોષ પત્રકારો પર થઈ રહેલા અન્યાય અને ખોટી રીતે ફસાવી ને ગુના દાખલ કરી પત્રકાર ને આરોપી બનાવવાની ઘટનાઓ વધતી જઈ રહી છે જેમકે ભરૂચમાં પોલીસ દ્વારા પોતાની નિષ્ફળતા ઢાંકવા પત્રકારો ઉપર ફરિયાદ ઠોકી દેવામા આવી વડોદરા કરજણ પોલીસે કાળાબજારી સરપંચ વેપારી ને બચાવવા પત્રકારો ને કેસ મા ફસાવવામાં આવ્યા તેવી પણ ઘટના સાભળવા મળી છે .

રાજકોટ ના એક કોન્સ્ટેબલ જાણીતા પીઢ પત્રકાર ને ખૂબ પરેશાન કરતા હોવાની ગુજરાત પોલીસ વડા ને લેખિત ફરિયાદ થઈ છે. ભાવનગર મા પણ એક મેસેજ વાયરલ કર્યા પછી તરતજ રદીયો આપ્યા પછી ફરિયાદ થઈ છે. અમદાવાદ ના એક પત્રકાર સામે રાજદ્રોહ નો કેસ નોંધાયો છે જેમા પત્રકાર એકતા સંગઠન ના જણાવ્યા મુજબ સરકાર બદલે મુખ્યમંત્રી બદલે તેનો શક્યતા દર્શી સમાચાર કોઈ ગંભીર ગુનો નથી અગાઉ કેશુભાઈ પટેલ કે આનંદીબેન પટેલ પણ હતા અને બદલાયા છે કોઈ નવી વાત કોઈ પક્ષ માટે કરવામાં આવી નથી અને નવસારી જિલ્લા પત્રકાર એકતા સંગઠન ના જણાવ્યા મુજબ ૬ તારીખે નવસારી ના એક પત્રકાર સાથે નવસારી ટાઉન પોલીસ ના પીએસઆઇ દ્વારા ગેરવર્તન કરવા અને તેની અટક કરી ખોટી રીતે ગુનો દાખલ કરવાની ઘટના બની છે જેના સંદર્ભમાં અલગ-અલગ સ્થાનિક સંસ્થાઓ આમ આદમી પાર્ટી, રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી, ભારતીય પત્રકાર સંઘ દ્વારા વારંવાર આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છતા કોઈ પણ કાર્યવાહી કરવામાં આવી નથી તેથી નવસારી જિલ્લા પત્રકાર એકતા સંગઠન એ આજે કલેકટર શ્રી ને આવેદનપત્ર આપ્યું છે જે કલેકટર શ્રી ની ગેરહાજરી માં ચીટનીશ ટુ કલેકટર શ્રી ને આપવામાં આવ્યું અને નવસારી ના પત્રકાર સાથે પીએસઆઇ દ્વારા કરવામાં આવેલા કૃત્ય બદલ શિક્ષાત્મક કાર્યવાહી ની માંગ સાથે ગુજરાત મા પત્રકારો પર થતા ખોટા કેસો ની ઘટના બાબતે યોગ્ય કાર્યવાહી ની માંગણી કરી છે અને જો પત્રકારો ને વહેલી તકે ન્યાય ન મળે તો ગુજરાત રાજ્ય ના તમામ પત્રકારો સાથે વિધાનસભા નો ઘેરાવો કરવાની ચીમકી આપી છે.

વતન જવા વિરોધ કરતા પરપ્રાંતિયોનો પોલીસ પર પથ્થરમારોઃ ટિયરગેસના સેલ છોડ્યા

ભરૂચ

ભરૂચ જિલ્લામાં દહેજ પાસે આવેલા જોલવા ગામમાં સતત બીજા દિવસે પરપ્રાંતીયોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને વતન જવાની માંગ સાથે પરપ્રાંતીયોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે ટીયર ગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. જોકે હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

કોરોના વાઈરસના લોકડાઉનને પગલે પરપ્રાંતીયો રાજ્યભરમાં ફસાયેલા છે. હજારો શ્રમિકોને તેમના વતન મોકલી આપવામાં આવ્યા છે. પરંતુ હજી પરપ્રાંતીયો ફસાયેલા છે. જેને પગલે ગુરૂવારે દહેજ પાસે આવેલા જોલવા ગામ પાસે પરપ્રાંતીયોએ રોડ ઉપર ચક્કાજામ કરી દીધો હતો. આજે બીજા દિવસે પણ પરપ્રાંતીયોએ વતન જવાની માંગ સાથે વિરોધ કર્યો હતો અને પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. પોલીસે સામે ટીયરગેસના સેલ છોડ્યા હતા.

સુરતમાં રાશનકાર્ડ દીઠ અનાજ ન મળતા લોકોનો ભારે હોબાળો

સુરત

સુરતમાં સસ્તા અનાજની દુકાનમાં રાશનકાર્ડ દીઠ અનાજ ન મળતું હોવાની ફરિયાદ સાથે લોકોએ ભારે હોબાળો મચાવ્યો. દુકાનના પરવાનેદારના બદલે ત્રાહિત વ્યક્તિએ દુકાન સંભાળતા લોકોએ વિરોધ કર્યો.

ડીંડોલીની લક્ષ્મીનારાયણ નગર સોસાયટીમાં આવેલી વ્યાજબી ભાવની દુકાનનો પરવાનો હેમલતા ધનશીંગભાઈ રાજપુત નામની મહિલાના નામે છે. પરંતુ અહીં રેશનકાર્ડ ધારકોને તેમના હકનું અનાજ આપવામાં આવતું ન હોવાની ફરિયાદ ઉઠી રહી છે. સવારે રેશનકાર્ડ ધારકો અનાજ લેવા માટે અહીં પહોંચ્યા હતા.

જો કે અહીં હાજર નિર્મલ ખતીક નામના ત્રાહિત વ્યક્તિ દ્વારા સરકારી અનાજ બારોબાર સગેવગે કરવામાં આવી રહ્યું હતું. જે અંગેનો વીડિયો ખુદ રેશનકાર્ડ ધારકે પોતાના મોબાઈલમાં બનાવી લીધો. આ મામલે જ્યારે તેમને પૂછવામાં આવ્યું તો તેમણે રાશનકાર્ડ ધારકો સાથે ગેરવર્તણુંક કરી. પરંતુ લોકોનો રોષ પારખી ગયેલા આ ત્રાહિત વ્યક્તિએ દુકાન બંધ કરી ચાલતી પકડી લીધી. સમગ્ર મામલો આખરે ડીંડોલી પોલીસ મથકે પહોંચતા પોલીસે રેશનકાર્ડ ધારકોની ફરિયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૫ મે થી તા.૨૯ મેં સુધી કેટલાક પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ

ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ ના ને.) ની કલમ ૧૪૪ તથા જી. પી. એક્ટ કલમ-૩૭ (૧)અન્વયે કાઢેલ હુકમ

સુરત

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (coVID-2019)ને WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈજેશન) દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ coviD+2019 કેસો ખુબ મોટી સંખ્યામાં નોધાયેલ છે. જે બાબતે ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે નોવેલ

કોરોના વાયરસ (cowp-2013) ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસ (COVID-2019) ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવરજવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ નીચે મુજબની જણાવેલ વિગતે સુરત પોલીસ કમિશ્નરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આર. બી. બ્રહ્મભટ્ટ (આઈ. પી. એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નં બ ર - જી જી / ૪ ૨ ૨ / સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ના સંકલીત જાહેરનામાં નંબર-જીજી/ ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ ભારતીય ફોજદારી કાર્યરીતી અ ધિ નિ ય મ - ૧ ૯ ૭ ૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે સુરત પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૫/૦૫/૨૦૨૦ ના કલાક ૦૦-૦૦ થી તા.૨૯/૦૫/૨૦૨૦ ના કલાક ૨૪-૦૦ વાગ્યા સુધી પરવાનગી વગર સંયુકત હેતુથી જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહી. તેમજ કોઇ સભા ભરવી કે, બોલાવવી નહી તથા કોઇ અભદ્ર ભાષા વાપરવી નહી કે કોઇ દ્વિ અર્થી શબ્દો કે જેના બે અર્થ થતા હોય તેમજ ઇરાદા પૂર્વક ઉશ્કેરણી જનક શબ્દો વાપરવા નહી જેનાથી અન્ય લોકોની લાગણીઓ દુભાય તેમજ કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

વિસ્તાર : સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અપવાદ: આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે

શિક્ષા : આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ હેડ કોન્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો.કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વતન જવા કાપોદ્રામાં એકત્ર થયેલા ત્રણ શ્રમજીવીઓની તબિયત બગડી

ત્રણેય મજૂરોની તત્કાળ હોસ્પિટલમાં સારવાર

સુરત

અકસ્માત નિવારણ કેન્દ્ર, પોલીસ વિભાગ તથા મહાનગરપાલિકાના ફાયર ખાતાની મદદ દ્વારા પગપાળા પોતાના વતન બિહાર યુપી જતા ત્રણ મજૂરોને સારવાર તથા ભોજન આપી તેમને જોખમમાંથી ઉગારી લઈ માનવતા મહેકાવી હતી. મજૂરોને તેમના વતનમાં મોકલવાની આર્થિક મદદ સહિત તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

કાપોદ્રા પાસે વતન જવાં માટે કોઈ વ્યવસ્થા થઈ જશે એવી આશામાં મજૂરો એકઠાં થયાના સમાચાર ટી.વી.ચેનલો પર જોતા અકસ્માત નિવારણ કેન્દ્રના પ્રમુખ રાજુભાઈ ઠક્કર અને કાર્યકરો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. જ્યાં પોલિસ સ્ટેશન પાસે ત્રણ મજૂરો વતન જવા કોઈ વ્યવસ્થા થઈ જશે એ આશામાં ઊભા હતા. તેમની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે, આર્થિક સમસ્યાના કારણે વતન જવામાં મુશ્કેલી અનુભવતા હતા. જેથી રાજુભાઈએ કાપોદ્રા પોલીસ સ્ટાફ સાથે સંકલન સાધીને આ ત્રણ મજૂરો માટે રહેવા જમવાની સગવડ કરવાનો નિર્યણ લીધો હતો. આ દરમિયાન, બે મજૂરોના પૈકી એકને ચાલવાથી પગમાં સોજો આવી ગયો અને બીજાની પગની નસ ચઢી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. પ્રમુખશ્રી ઠક્કર તેમને વિલંબ કર્યા વિના નવી સિવિલ હોલ્ખિટલમાં સારવાર અર્થે લઈ ગયા પરંતુ ત્યાં ટ્રોમા સેન્ટરમાંથી નવી સિવિલમાં ફક્ત કોરોનની સારવાર થતી હોવાનું જાણવા મળતાં તેમને સ્મીમેરમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં, બંને મજૂરોને ઈન્જેક્શન મુકાવી, સ્મીમેરના મેડિકલ સ્ટોરમાંથી રાજુભાઈ ઠક્કરે જરૂરી દવાઓ અપાવી હતી. આ ઉપરાંત, એક સામાજિક કાર્યકર્તા ધર્મેશભાઈ ગામી દ્વારા સિટીલાઈટ શોપિંગ સેન્ટરમાં લાલબાદશાહના સેવાકીય રસોડામાંથી તેમના માટે ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું.

વધુમાં, બીજા દિવસે આ મજૂરોને અકસ્માત નિવારણ કેન્દ્ર દ્વારા તેઓના વતન મોકલવા માટે વ્યવસ્થા કરવા આવી હતી. જેનો વ્યવસ્થા ખર્ચ ઉધના સંઘમાં કાર્યરત અજય ચૌધરી અને રણજીતસિંહ દ્વારા ઉપાડવામાં આવશે. આ સેવા કાર્યમાં સંસ્થાના મુકેશ પટેલ, મનોજ સુરી પણ સહભાગી થયા હતા.

ત્રણ દિવસથી મસાલો ન મળતા મગજ ભણતા યુવકે એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ

લોકાડઉનની સૌથી અવળી અસર વ્યસની લોકોમાં થઈ રહી છે. સરકારે તમાકુ, બીડી, મસાલા, ગુટખા વેચવા અને ખાવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ત્યારે વ્યસની લોકો અકળાયા છે અને ન ભરવાના પગલા ભરી રહ્યા છે. રાજકોટના એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર વિસ્તારમાં રહેતા ધનદીપ નાનજીભાઈ પરમાર (૩.વ.૧૮)નામના યુવાનને મસાલાનું વ્યસન છે. પરંતુ લોકડાઉનને કારણે છેલ્લા ત્રણ દિવસથી મસાલો મળ્યો ન હોય મગજ ભમતો હોવાનું રટણ કરતો હતો. આખરે કંટાળીને એસીડ પી લીધું હતું. આવો આક્ષેપ પરિવારજનોએ કર્યો છે. જો કે, પરિવારજનોએ સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે. ગઈકાલે ૧૪ મેના રોજ રાજકોટના રૈયા રોડ પર વૈશાલીનગર ૧૦માં રહેતા બાબુભાઈ લક્ષ્મણભાઈ પરમાર નામના આધેડને લોકડાઉનમાં બીડી ન મળતા વંદા મારવાનો પાવડર ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાબુભાઈને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બાદમાં તેની તબીયત સારી હોવાથી હોસ્પિટલ દ્વારા રજા પણ આપવામાં આવી હતી. બે દિવસ પહેલા જ કુવાડવામાં ૯૫ વર્ષના વૃદ્ધે બીડી ન મળતા આપઘાત કરી લીધો હતો. જ્યારે અન્ય એક યુવાનને તમાકુ ન મળતા અગ્નિસ્નાન કરી લીધું હતું.

આરોપીના પેરોલ વધારવા બોગસ સર્ટિફિકેટ બનાવી આપનાર ડૉક્ટરની ધરપકડ

સુરત

સરથાણા પોલીસ મથક વિસ્તારના મર્ડરના કેસમાં વચગાળાના જામીનની મુદત લંબાવવા હાઇકોર્ટમાં માંદગીનું બોગસ સર્ટિફિકેટ રજૂ કરનાર હત્યારા અને તેની પત્નીને રૂ. ૨ હજારમાં સર્ટિફિકેટ લખી આપનાર લિંબાયતના સાંઇ દર્શન ક્લિનિક એન્ડ નર્સિંગ હોમના ડૉક્ટર સહિત ત્રણ વિરૂધ્ધ લિંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. લિંબાયત પોલીસે આ પ્રકરણમાં બોગસ સર્ટિફિકેટ લખી આપનાર ડૉક્ટરની ધરપકડ કરી હતી.

ફેબ્રુઆરી ૨૦૧૯માં સીમાડા વિસ્તારમાંથી કિરીટ મનજી વિરડીયાની ચપ્પુના ઘા ઝીંકી કરપીણ હત્યા કરવાના ગુનામાં સરથાણા પોલીસે હત્યારા અનિલ ઉર્ફે ભાણો ગોવિંદ વાઘાણીની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. અનિલ તા. ૧૯ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન ૧૦ દિવસના વચગાળાના જામીન પર જેલમાંથી છૂટ્યો હતો. પરંતુ ત્યાર બાદ તે પુનઃ લાજપોર જેલમાં હાજર ન્હોતો થયો. આ દરમિયાન અનિલની પત્ની પરિતા વાઘાણીએ અનિલને ડેન્ગ્યૂ અને કમળાની બીમારી હોવાથી વચગાળાના જામીનની મુદત લંબાવવા ગુજરાત હાઇકોર્ટમાં અરજી કરી હતી.અરજીમાં અનિલની સારવાર કરનાર લિંબાયતના સાંઇ દર્શન ક્લિનિક એન્ડ નર્સિંગ હોમના ડૉ. રાજેશ રામકિશોર યાદવનું સર્ટિફિકેટ અને મારૂતિ ક્લિનિકનો લેબોરેટરી રિપોર્ટ રજૂ કર્યો હોવાથી હાઇકોર્ટ દ્વારા આ અંગે સુરત પોલીસને તપાસ કરવા જણાવ્યું હતું. તપાસમાં સાંઇ દર્શન ક્લિનિક એન્ડ નર્સિંગ હોમના ડૉ. યાદવની પૂછપરછમાં સર્ટિફિકેટ તેમણે આપ્યાનું પરંતુ સારવારના કોઇ પુરાવા આપ્યા ન હતા.

આ અંગે એસીપી સી.કે. પટેલે બોગસ મેડિકલ સર્ટિફિકેટ લખી આપનાર ડૉ. યાદવ અને વાઘાણી દંપતી વિરૂધ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. લિંબાયત પોલીસે આ ગુનામાં ગતરોજ ડૉ. રાજેશ રામકિશોર યાદવની ધરપકડ કરી હતી.

સિવિલમાં કોરોના દર્દી માટે કલરફુલ ડ્રેસ તૈયાર

સુરતમાં પોઝિટિવ કેસનો આંકડો ૧ હજારને પારઃ ૬૩૧ લોકો સ્વસ્થ થયા

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, શહેર જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૧૦૨૧ પર પહોંચી ગયો છે. જ્યારે જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં એક પણ કેસ નોંધાયો નથી. આ સાથે શહેર જિલ્લામાં મૃત્યુઆંક ૪૫ પર પહોંચી ગયો છે. જ્યારે ગતરોજ શહેરમાંથી ૬ મહિનાની બાળકી સહિત ૫૭ અને જિલ્લામાંથી ૮ દર્દીઓ મળી કુલ ૬૫ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. આ સાથે શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૩૧ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થયા છે. આ સાથે સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોના દર્દીઓ માટે કલરફુલ ડ્રેસ તૈયાર કરવામાં આવ્યો છે.

શહેર જિલ્લામાં ગુરૂવારે ૬ મહિનાની બાળકી સહિત ૬૫ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. જેમાં ખાસ કરીને કાપોદ્રા એસએમસી આવાસ ખાતે રહેતા રાઠોડ પરિવારની ૬ મહિનાની પુત્રી આરોહી સુનિલભાઈ રાઠોડનો પણ સમાવેશ થયો હતો. ગુરુવારે સિવિલ હોસ્પિટલ અને સમરસ હોસ્ટેલમાંથી શહેરના ૫૭ દર્દીઓ તેમજ જિલ્લાના ૮ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થયા હતા. જેથી તમામને રજા આપી દેવામાં આવી હતી.

શહેરમાં ગુરુવારે વધુ ૧૪ કેસ પોઝિટિવ નોંધાયા હતા. જ્યારે જિલ્લામાં ગુરુવારે એક પણ કેસ નોંધાયો ન હતો. આ સાથે શહેર જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૦૨૧ થઈ ગઈ છે. ગુરુવારે નોંધાયેલા પોઝિટિવ કેસોમાં વધુ એક એસઆરપી જવાન, શાકભાજી વિક્રેતા, આરટીઓ એજન્ટ, એકાઉન્ટન્ટ અને ટેલરનો સમાવેશ થયો છે.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ **(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)**માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

ગુજરાત ચાંદ કમિટી દ્વારા જુમ્મા અને ઈદુલ ફિત્રના દિવસે નમાઝીઓ માટે મસ્જિદો ખોલવા માટે સીએમને રજુઆત

આપણે જાણીએ છીએ કે મુસ્લિમ ધર્મનો પવિત્ર મહિનો રમજાન શરૂ થઈ ગયેલ છે જેમાં લોકો બંદગી કરે છે અને ખુદાની દુવા કરી રહ્યા છે કે સમગ્ર માનવજાત આ બીમારીથી મુક્તિ મેળવે

ભરુચ

ગુજરાત ચાંદ કમિટી ના સદર મુફ્તી શબ્બીર આલમ સાહેબ (શાહી ઈમામ,જામા મજીદ,અહમદાબાદ)ની યાદીમાં જણાવાય છે કે, અલવિદા જુમ્મા અને ઈદુલ ફિત્રના દિવસે નમાઝીઓ માટે મજીદો ખોલવામાં આવે. મસ્જિદમાં નમાઝ પઢવાની અનુમતી આપવામાં આવે, કારણ કે અલવીદા એટલે રમઝાનુલ મુબારકનો છેલ્લો શુક્રવાર અને ઈદુલફિત્ર એટલે રમઝાન ઈદનો તહેવાર વર્ષમાં એક વખત આવે છે જેમાં બધા જ લોકો રમઝાન માસનો છેલ્લો શુક્રવાર (તારીખ ૨૨-૫-૨૦૨૦)નો દિવસ અને ઈદના દિવસે સવારે મજીદમાં નમાઝ પઢવાની ખુશી અનુભવે છે.

આજના માહોલ ને જોતા લોકડાઉનને કામયાબ બનાવવામાં અમે પોતે મજીદોમાં ત્રણ-ચાર માણસોથી નમાઝ અદા કરવાની અપીલ કરેલ છે બાકી લોકોને પોતાના ઘરમાં જ રહીને ઈબાદત કરવાનું એલાન કરી દીધો છે. આવા સમયે દરેક ધર્મગુરૂઓ એ જાણાવી દીધેલ છે કે દરેક વ્યક્તિ પોતાના ઘરમાં રહે અને લોકડાઉનના નિયમોનું પાલન કરે જેને માનીને લોકો પોતાના ઘરોમાં જ રહીને આ પવિત્ર માસને ઉજવી રહ્યા છે અને રોઝ (ઉપવાસ) રાખી રહ્યા છે,મુસલમાનો એ હંમેશા પોતાના દેશના માટે કુરબાનીઓ આપી છે.

ગુજરાત ગવર્નમેન્ટ થી અપીલ છે કે, માહે રમઝાનના છેલ્લા શુક્રવારે અને ઈદુલ ફિત્રના દિવસે સવારે તહેવાર માટે મજીદો ખોલવામાં આવે અને નમાઝ પઢવાની અનુમતી આપવામાં આવે લોકડાઉનમાં અત્યારે બધી દુકાનો, કારખાનાઓ ખોલવામાં આવી રહ્યા છે અને ટ્રેનો માં પણ અવર-જવર માટે યાત્રીઓને લઈ જવામાં આવી રહી છે. જ્યારે મજીદોમાં નમાઝ અદા કરવામાં માત્ર ૧૦ મીનીટ થી વધુ સમય લાગતો નથી અને મજીદ અલ્લાહનું ઘર છે તેમાં ખુદાની ઈબાદત કરવામાં આવે છે આ મહામારી ના સમયમાં પોતાના ખુદાની ઈબાદત કરવી જરૂરી છે તથા ખુદાની ઈબાદત કરી અને કોરોના જેવી જાનલેવા બીમારીથી બચવા માટે દુઆઓનું આયોજન કરવામાં આવશે. માટે ગુજરાત ગવર્નમેન્ટથી અપીલ છે કે,અમારી અપીલને માન્ય રાખે અને રમઝાનુલ મુબારકનો છેલ્લો શુક્રવાર તા. ૨૨-૫-૨૦૨૦ ના રોજ અને રમઝાન ઈદ (ઈદુલફિત્ર) ની સવારે મજીદોમાં નમાઝ પઢવાની મંજુરી આપવામાં આવે જેના માટે ગુજરાત ગવર્નમેન્ટ તરફથી સોસિયલ ડિસ્ટન્સીંગ તથા દરેક પ્રકારની સુચનાઓનું પાલન કરવામાં આવશે. માટે સુચનો સાથે અમને ઈદુલ ફિત્રની નમાઝ પઢવાની અનુમતી આપવામાં આવે તેવી લેખિત રજુઆત ગુજરાત ચાંદ કમિટી દ્વારા મુખમંત્રી વિજયભાઈ રૂપાણી ને કરવામાં આવી છે.

રાજ્યમાં ચાલતા લોક ડાઉન દરમ્યાન

જુગાર ધામ પકડી પાડતી ભરૂચ શહેર "એ" ડીવીઝન પોલીસ

ભરુચ

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક ભરૂચ વિભાગ ડી.પી.વાઘેલા દ્વારા જીલ્લામા લોકડાઉન દરમ્યાન તકેદારીના ભાગરૂપે લોકોની અવરજવરવાળા જાહેર અને ખાનગી સ્થળો એ નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા બીનજરૂરી અવરજવર તથા એકઠા થવા ઉપર પ્રતિબંધ જાહેર કરેલ હોય જેનો અમલ કરાવવા સારૂ પો.ઈન્સ.એ.કે.ભરવાડ ના માર્ગદર્શન હેઠળ પો. સ. ઈ. વિ.જે. પુરોહીત તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.ઈન્સ. એ.કે.ભરવાડ ને મળેલ બાતમી આધારે ઉમરાજ ગામ તરફ જવાના રોડની સાઈડમાં ખુલ્લી જગાયામાં કેટલાક ઈસમો ભેગા મળી પત્તા પાના વડે પૈસાનો હારજીતનો જુગાર રમે છે જે બાતમી આધારે રેઈડ કરતા આઠ આરોપીઓ પકડાઈ ગયેલ જેઓની અંગ ઝડતી કરતા રોકડા રૂપીયા ૧,૦૭,૨૮૦/- તથા મોબાઈલ નંગ- ૦૬ જેની આશરે કિમંત રૂ.૧૮,૫૦૦/- તથા બે ફોર વ્હીલ તથા એક મો.સા. જેની આશરે કિમંત રૂ. ૪,૧૫,૦૦૦/- જે મળી કુલ કિંમત રૂપીયા ૫૪,૮૦૦/ ના મુદ્દામાલ સાથે મળી આવેલ તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

રાજપીપળા શહેરના મોટાભાગના વિસ્તારોમાં વીજ કંપનીનો ખાડે ગયેલો વહીવટ : છાશવારે ડીપીમાં અગ્નિ તાંડવ

૪૨ ડીગ્રી ગરમીમાં શાક માર્કેટ પાસેના ડીપીમાં આગ લાગતા વીજ પુરવઠો ખોરવાતા લોકો ગરમીમાં ગરમ

આખા શહેર માં આડેધડ વીજ પોલ પર લટકતા વાયરોના ગુચ્છા પણ જોખમરૂપ

રાજપીપળા

રાજપીપળા શહેર માં દક્ષિણ ગુજરાત વીજ કંપની ના અમુક અધિકારીઓ ની લાલીયાવાડી ના કારણે વહીવટ ખાડે જતો જોવા મળી રહ્યો છે જેમાં મસમોટા બિલો ભરતા ગ્રાહકો ની તકલીફ માં વધારો જોવા મળે છે.

શહેર માં બાબા આદમ ના જમાના ના ટ્રાન્સફોર્મરો હોય વીજ ઉપકરણો બમણા થવા છતાં આ ટ્રાન્સફોર્મરો વધુ કેપેસિટી ના ન નંખાતા વારંવાર આગ કે સૉર્ટ સર્કિટ ના બનવો બને છે ગત રોજ શાક માર્કેટ પાછળ આવેલા ડીપી માં પણ સૉર્ટ સર્કિટ થતા વીજ પુરવઠો બંધ રહ્યો જેમાં ૪૨ ડીગ્રી આકરી ગરમીમાં લોકો શેકાઈ ગયા હતા.જોકે આ ડીપી માં વારંવાર આગ,સૉર્ટ સર્કિટ થવા છતાં ઓછી કેપેસિટી નું ટીસી બદલવા માં અધિકારીઓ આળસ કરતા હોય ક્યારેક મોટી દુર્ઘટના બને તેમ



દર ઉનાળા ની ઋતુ માં એસી સહિતના ઉપકરણો વધવા છતાં બાબા આદમ ના જમાના ના ટ્રાંફોર્મરો ઓવરલોડ થતા સૉર્ટ સર્કિટ ની વધતી ઘટના

સ્થાનિકો જણાવી રહયા છે.

હાલ રમઝાન નો તહેવાર ચાલુ હોય આ તરફ ના મુસ્લિમ વિસ્તારો માં અંધારપટ થતા લોકો માં રોષ જોવા મળ્યો હતો.આજ પ્રકારે શહેરના મોટા ભાગના વિસ્તારો માં વર્ષો જુના ઓછા વોલ્ટ ના ટ્રાન્સફોર્મરો તાકીદે બદલવા જરૂરી છે અને ફરિયાદો પણ વારંવાર કરવા છતાં વીજ કંપનીના અમુક આળસુ અધિકારીઓ આ બાબતે કોઈજ પગલાં નથી લેતા માટે વારંવાર અલગ અલગ વિસ્તારો માં આવી ઘટના અને લો વોલ્ટેજ ની સમસ્યા જોવા મળે જ છે. ત્યારે ઉચ્ચ અધિકારીઓ આ માટે યોગ્ય કામગીરી કરવા આળસુ અધિકારીઓ ને કડક સૂચના આપે તેવી માંગ ઉઠી છે.

૧૪ દિવસનું ક્વોરોન્ટાઈન અને ૧૦ દિવસમાં શિક્ષકે પરત ફરવું

સુરતથી અન્ય જિલ્લામાં જનાર શિક્ષક ૧૦ દિવસમાં પાછા આવશે કઈ રીતે

સુરત

એક તરફ સમગ્ર દેશ કોરોનાની મહામારીની સામે જંગ લડી રહ્યું છે.૫૩-૫૩ દિવસથી લોકો પોતાના ઘરોમાં લોકડાઉન છે. ચોથા લોકડાઉન અંગે હજુ સુધી કોઇ નિર્ણય લેવાયો નથી. ત્રીજો લોકડાઉન ચાલુ છે, ત્યારે વતન જનારા માટે ચોક્કસ માર્ગદર્શિકા અમલમાં છે. જે માર્ગદર્શિકા મુજબ વતનજનારા લોકોને પરવાનગી આપવામાં આવે છે. આ માર્ગદર્શિકા ફરજીયાત ૧૪ દિવસ હોમ કોરોન્ટાઈનમાં રહેવું પડશે. તેવા સમયે બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો સ્ટાફને કલેક્ટરને વતન મોકલવાની જલ્દી હોય, તેમ મંજૂરી આપી દીધી છે, આજથી દશ દશ દિવસ બે તબક્કામાં બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો અને સ્ટાફને વતન જવાની મંજૂરી આપવામાં આવશે. હવે પ્રશ્ન એ છે કે શિક્ષકને દશ દિવસ વતન જવું હોય, તો બે દિવસ મંજૂરી મેળવતાં થાય અને વતન પહોંચ્યા બાદ હાલની કોરોનાની માર્ગદર્શિકા મુજબ ૧૪ દિવસ હોમ કોરોન્ટાઈનમાં રહેવું પડશે. તો પછી આ દશ દિવસની મંજૂરી કેટલી યોગ્ય છે ? આજે બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો કોવિડ - ૧૯ની કામગીરીમાં જોતયારેલા છે. જેને વતન જવાની જરુરીયાત છે એવા સૌરાષ્ટ્રવાસીઓને કલેક્ટરની મંજૂરી મેળવતા નાકે દમ આવી રહ્યો છે, તેવા સમયે બિન સરકારી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો સ્ટાફને વતન મોકલવાની કલેક્ટરને ઉતાવળ શા માટે છે ? એ સમજની બહાર છે.

પોલીસ, જીઆરડી, સફાઈ કામદારો સહિતનાને કોરોના વોરિયર્સ સન્માન યોજનામાં માનદ વેતન આપવા ડેડીયાપાડા ધારાસભ્ય ની સીએમ ને રજુઆત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

વિશ્વમાં ફેલાયેલ કોરોના વાયરસ COVID -19 W.H.O. ધ્વારા પેન્ડેમીક જાહેર કરેલ છે.આ સ્થિતિ ને ધ્યાને લઈ તારીખ ૧૩માર્ચ ના નોટિફીકેશન થી રાજય માં "ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦ બહાર પાડવા માં આવ્યું છે.ભારત સરકારની ગાઈડલાઈન અનુસાર રાજય માં આ રોગને અટકાવવા અસરકારક પગલાઓ હાથ ધરવામાં આવે છે.

રાજય સરકાર દ્વારા કોરોનાની અસરોને પહોચી વળવા રોગ નિયંત્રણની કામગીરી સઘન બનાવવામાં આવી છે. આ ઉત્પન્ન થયેલ રોગચાળા ની પરિસ્થિતિ માં પોતાની તથા પોતાના પરિવારની પરવા કર્યા સિવાય અવરિત અભુતપુર્વ કામગીરી કરીને પોલીસ અધિકારીઓ એસ. આર. પી. પેરામિલિટ્રીના કર્મચારીઓ, જી. આર. ડી. કર્મચારી ઓ તથા,સફાઈ કર્મચારીઓને કાયદો વ્યવસ્થા જળવાઈ એ રીતે લોકડાઉનનું ચુસ્ત પણે અમલવારી કરાવેલ છે. તેમની કામગીરી ને અનેક રાજયો દ્વારા પણ બિરદાવામાં આવી છે.તેમની ઉતકૃષ્ટ કામગીરી ની કદર રૂપે આરોગ્ય કર્મચારીઓની જેમ માન.મુખ્યમંત્રી કોરોના વોરિયર્સ સન્માન યોજના હેઠળ માનદ મહેનતાણું આપવામાં આવે તો તેમને પણ પ્રોત્સાહન મળશે જો આમ ન કરવામાં આવે તો આ અધિકારીઓ કે કર્મચારી ઓ તથા સફાઈ કમચારીઓનું મોરલ તુટશે એવુ જણાઈ રહયુ હોય જેથી તાત્કાલીક તેમને માનદવેતન મળે જેથી તેમનું મનોબળ જળવાઈ રહે અને દેશ ઝડપ થી કોરોના વાયરસ ની નાગચૂડમાં થી મુક્ત થાય તેવી લેખિત રજુઆત નર્મદા જીલ્લા ડેડીયાપાડા ના ધારાસભ્ય મહેશ સી.વસાવા દ્વારા સી.એમ.રૂપાણી ને કરવામાં આવી છે.

વડાપ્રધાનની ૨૦ લાખ કરોડની જાહેરાત છતાં

શ્રમિકોનુ પગપાળા વતન જવું અટકતું નથી:૧૨ શ્રમિકો પાનોલીથી એમ.પી જતાં રાજપીપળામા આવ્યા

રાજપીપળા

વડાપ્રધાને ટી.વી ઉપર આવી ને ૨૦ લાખ કરોડ રૂપિયા ના રાહત પેકેજ ની મસમોટી જાહેરાત કરી, અને દેશ ના લોકો ને આત્મનિર્ભર બનવાનો એક નવો મંત્ર આપ્યો. અને ૨૦ લાખ કરોડ માથી દેશ ના કયા વર્ગ ને કેટલાં પૈસા મળશે?કેવી રીતે મળશે.?ક્યારે મળશે ?એ જવાબ આપવાની જવાબદારી નાંણા મંત્રી નિર્મળા સિતારામણ ને માથે નાંખી ગયાં.ત્યારે દેશનો મધ્યમ વર્ગ ટી.વી સામે પોતાના માટે કંઈક રાહત જાહેર થશે તેવી આશા રાખી બેઠો હતો તે પણ પીએમ ના આત્મનિર્ભર વાળા શબ્દો ના વારંવાર ઉચ્ચારણ થી માથું ખંજવાળવા લાગ્યો હતો.

હાલ ટી.વી ઉપર જે દ્રશ્યો જોવા મળી રહ્યાં છે તેમાં લોકડાઉન ને કારણે હાલ સૌથી વધુ હેરાનગતી પામેલાં શ્રમિકો એ વતન ની વાટ પકડી અને એની સાથે થઈ રહેલાં સંખ્યાબંધ અપમૃત્યુઓના



બનાવો, પગપાળા જઈ રહેલી ગર્ભવતી મહીલાઓ,સાયકલ ઉપર બાળકોને બેસાડી ૧૦૦૦ કી.મી સુધી વતન જવાનો સાહસ ખેડવા મજબૂર બનેલા મજુરો, બિસ્કીટ ના એક પડીકા માટે પણ ઝગડી રહેલા લોકો ના આવી રહ્યા છે.

આવાજ ૧૨ જેટલા શ્રમિકો નો એક સમુહ રાજપીપળા માથી માથે સામાન મુકી ને પસાર થઈ રહ્યો હતો, તેમને પુછતાં જાણવા મળ્યું કે તે પાનોલી થી આવી રહ્યા છે અને મધ્યપ્રદેશ જઈ રહ્યા છે.તંત્ર ની મદદ બાબતે પુછતાં તેમણે જણાવ્યું કે કોઈ મદદ નથી મળી અમને સરકાર ઉપર હવે ભરોસો રહ્યો નથી એટલે અમે પગપાળા જ નિકળી જવાનુ યોગ્ય માન્યું છે, રાજપીપળા ના એક સંગઠને તેમને જમાડવાની વ્યવસ્થા ઉભી કરી હતી.ત્યારે આ હતો દેશના લોકો ને આત્મનિર્ભર બનવાનો પી.એમ નો એક નવો મંત્ર...??!

હું તાપીમાં કૂદી તમને ધંધે લગાવી દઈશ': યુવતીને ટ્રાફિક પોલીસે રોકતા હંગામો કર્યો

સુરત

કારમાં પિતાને સાથે લઈને નીકળેલી અડાજણની મહિલાને જીલાની બ્રીજના છેડે ટ્રાફિક પોલીસે અટકાવી તેનો આવશ્યક સેવાનો પાસ ચેક કર્યા બાદ પિતાના આવશ્યક સેવાના પાસની માંગણી કરતા તે મહિલાએ પોલીસ સાથે ગાળાગાળી કરી કાર ભગાવી હતી. પોલીસે કારનો પીછો કરી ઝડપી પાડી ડીટેઈન કરવા કહેતા મહિલાએ હું તાપીમાં કૂદીને તમને ધંધે લગાવી દઈશ તેવી ધમકી આપી બાદમાં ફેસબુક લાઈવ કરી પોલીસને ગુંડા તત્ત્વો કહેતા પોલીસે મહિલા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

શહેર ટ્રાફિક પોલીસ રીજીયન ૨ સર્કલ ૬ સેમીસર્કલ ૨૩ માં ફરજ બજાવતા એએસઆઈ અનુરાગભાઈ અને અન્ય સ્ટાફના માણસો ગત બપોરે ૧૨.૩૦ કલાકે જીલાની બ્રીજના નાકે પોઈન્ટ ઉપર લોકડાઉનના અમલ હેઠળ વાહન ચેકીંગ કરતા હતા. તે સમયે વેડ દરવાજા તરફથી એકસયુવી કાર આવતા તેને અટકાવી ચાલક મહિલા ખુશ્બુ સુભાષચંદ્ર દવે પાસે પાસની માંગણી કરતા તેમણે પોતાના નામનો આવશ્યક સેવાનો પાસ બતાવ્યો હતો.

પરંતુ ખુશ્બુએ કાર સાઈડમાં લેવાને બદલે ભગાવતા પોલીસે પીછો કરી તેમને પકડી લીધા હતા. ખુશ્બુબેને જાહેરનામાનો ભંગ કર્યો હોય પોલીસે કાર ડીટેઈન કરવા કહેતા તેમણે બૂમો પાડી પિતાને કહ્યું હતું કે હું તાપીમાં કૂદી જાઉં છું, તમે આ બધા પોલીસવાળાના નામ લખી લો, બધાને ધંધે લગાડી દઈશું. લાલગેટ પોલીસ મથકમાં એએસઆઈ અનુરાગભાઈએ ખુશ્બુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ખુશ્બુ દવેની ધરપકડકરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ઉનાળાનું અમૃત ગણાતી ગલેલીનું નર્મદામાં વેચાણ શરૂ પરંતુ લોકડાઉન ના કારણે પ્રવાસીઓ ન આવતા વેચાણમાં ઘટાડો

સુરત,વડોદરા સહિતના શહેરો માંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના ના સ્થળો પર આવતા પ્રવાસીઓની લોકપ્રિય ગલેલી ના વેચાણ માં લોકડાઉન ના કારણે મંદી

રાજપીપળા

ઉનાળામાં સ્વાથ્ય માટે ગુણકારી ગણાતી ગલેલી(તાડફોડી)નર્મદા જિલ્લામાં વધુ થતી હોવાથી અગાઉના વર્ષોમાં મામુલી ગણાતી ગલેલી ને હાઈવે માર્ગ પર લોકો ઢગલા લઈ વેચાણ કરતા હતા ત્યારે ઉનાળામાં ગલેલી ના વેચાણ માં વધારો થતો હતો પરંતુ ચાલુ વર્ષે લોકડાઉન માં સ્ટેચ્યુ સહિતના





સ્થળો બંધ હોય પ્રવાસીઓ ન આવતા તેમાં પણ મંદીનું ગ્રહણ લાગ્યું છે.વડોદરા સુરત જેવા મોટા શહેરોમાંથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા સ્થળો પર પ્રવાસે આવતા પ્રવાસીઓ અને એ તરફ ના લોકો ને આ ફળ ખુબ મનપસંદ હોવાથી ગમે તે ભાવે શહેરના લોકો એને વધુ ખરીદતા હતા પરંતુ ગત વર્ષો કરતા ચાલુ વર્ષે ગલેલીનું વેચાણ ઘટતા સ્થાનિકોની આવક જરૂર ઘટી છે.

ગુજરાતમાં સૌથી વધુ આદિવાસી વસ્તી ધરાવતો ડાંગ જિલ્લો કોરોના મુક્ત

ડાંગ

ડાંગ જિલ્લો કોરોના મુક્ત બન્યો છે. વહીવટી તંત્ર અને પ્રજાના સાથ સહકારથી જિલ્લાવાસીઓ કોરોનાને માત આપવામાં સફળ થયા છે. ડાંગ જિલ્લામાં કોરોના પોઝિટિવના કુલ ત્રણ કેસ નોંધાયા હતા. આ ત્રણેય વ્યક્તિ સુરતથી આવેલી નર્સ હતી. જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસ સામે આવતાં જ જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું હતું. દર્દીઓની કાળજી લઈ યોગ્ય સારવાર ઉપરાંત લોકડાઉનના ચુસ્ત અમલના કારણે કોરોનાના સંક્રમણમાં ફેલાવો થયો નહીં. કોરોના મુક્ત બનેલા ડાંગ જિલ્લામાં હાલમાં પણ લોકો સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરી રહ્યાં છે. વિશ્વમાં જ્યારે કોરોના મહામારીએ હડકંપ મચાવ્યો છે, ત્યારે ભારતમાં પણ કોરોના કેસ વધતાં જોવા મળે છે. સાથે જ ગુજરાતમાં પણ દિવસેને દિવસે આ આંકડો વધી રહ્યો છે. ભારતમાં હાલ મહારાસ્ટ્ર અને ગુજરાત રાજ્યમાં કોરોનાં સંક્રમણના કેસો વધી રહ્યાં છે, ત્યારે ગુજરાત રાજ્યને છેવાડે અને મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલા ડાંગ જિલ્લાનાં આદિવાસીઓ કોરોનાથી બચી રહેવા માટે સોશિયલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરી જિલ્લા વાસીઓએ કોરોનાને માત આપી છે.